# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

02 JUNE-2024 SUNDAY

વર્ષ-13 । અંક-198 । વિક્રમ સંવત-2080 । વૈશાખ વદ-10 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08

જ્યોતિષ શાસ્ત્રમાં મને વિશ્વાસ હોવાથી મારી સરનેમ હટાવી છે : દિવ્યા ખોસલા





પેજ-09

જોકોવિચે આસાન જીત સાથે ફ્રેન્ચ ઓપનના ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 40.00 | 29.00 |
| વડોદરા | 39.00 | 29.00 |
| સુરત | 35.00 | 29.00 |





પેજ 5 — ટૂંકા ગાળાના ધ્યેયો માટે લિક્વિડ ફંડમાં રોકાણ કરવાના ફાયદા





પેજ 10 — ઈમરાને કહ્યું- બાજવા પર વિશ્વાસ કરવો મારી સૌથી મોટી ભૂલ, ઈન્ટરવ્યુ...


**.....સુવિચાર.....**
શબ્દોની રેન્જ સારી હોય તો, માણસોનાં નેટવર્ક ક્યારે પણ તૂટતાં નથી.

**એક્ઝિટ પોલ...**

# દેશમાં મોદી મેજિક યથાવત, NDA 350 પાર

## ઈન્ડિયા ગઠબંધનને 125થી 150 બેઠકો : MP, રાજસ્થાનમાં ભાજપને એકતરફી લીડ

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

લોકસભા ચૂંટણી 2024ના તમામ સાત તબક્કાઓનું મતદાન પૂર્ણ થઈ ગયું છે. તેની સાથે જ આ ચૂંટણીના મહાસંગ્રામમાં કોનો વિજય થઈ રહ્યો છે તેને લઈને એક્ઝિટ પોલ ટૂંક સમયમાં જાહેર થશે. ઉલ્લેખનીય છે કે ભાજપના નેતૃત્વમાં એનડીએ ગઠબંધન અને વિપક્ષના I.N.D.I.A. ગઠબંધન વચ્ચે મુખ્ય મુકાબલો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ ગઠબંધનને ફરી એકવાર સત્તામાં વાપસીનો વિશ્વાસ છે ત્યારે એકજૂટ થઈ ચૂકેલા વિપક્ષના ગઠબંધન I.N.D.I.A. ને પણ આ વખતે મોદી લહેરને પડકારતાં વિજયની આશા છે કારણ કે, કોંગ્રેસની પણ 50 બેઠક વધી શકે છે. આ વખતે લોકસભા ચૂંટણી 2024માં કુલ 28 રાજ્યો અને 7 કેન્દ્રશાસિત પ્રદેશોની 543 બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી.

### યુપીમાં ભાજપ મજબૂત, દિલ્હીમાં AAP સ્પષ્ટ

એક્ઝિટ પોલના અનુમાન મુજબ દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશમાં NDAને 58-66 બેઠકો મળવા જઈ રહી છે. અહીં ઈન્ડી ગઠબંધનને અહીં માત્ર 14-22 સીટો મળે તેમ છે. દિલ્હીની સાતેય સીટો પર ભાજપની જીત દેખાઈ રહી છે. તે જ સમયે, હરિયાણામાં ભાજપને 8-9 બેઠકો મળી શકે છે. અહીં ઈન્ડી ગઠબંધનને માત્ર 1-2 બેઠકો મળવાની શક્યતા છે.

**બિહાર-બંગાળની સ્થિતિ શું? :** પશ્ચિમ બંગાળમાં ભાજપને ઘણી આશાઓ છે. જો કે આ ચૂંટણીમાં પણ ભગવા પાર્ટી ગત વખતની જેમ જ દેખાવ કરી રહી છે. તેને 19-23 બેઠકો મળવાની ધારણા છે. તે જ સમયે, ટીએમસીની સ્થિતિ પણ અહીં આવી જ છે. બીજેપી-જેડીયુ ગઠબંધન બિહારમાં તેના 2019ના પ્રદર્શનનું પુનરાવર્તન કરે તેવું લાગે છે. તેમને 37-39 બેઠકો મળતી દેખાઈ રહી છે. તે જ સમયે, આરજેડીની આગેવાની હેઠળના ઈન્ડી ગઠબંધનને અહીં માત્ર 0-3 બેઠકોથી સંતોષ માનવો પડી શકે છે. અન્ય 0-2 બેઠકો ગુમાવી શકે છે.

**મહારાષ્ટ્રમાં પણ ભાજપની સફળતા :** મહારાષ્ટ્રમાં એનડીએ 31-35 સીટો જીતે તેમ લાગે છે. અહીં ઈન્ડી ગઠબંધનને માત્ર 12-16 બેઠકોથી જ સંતોષ માનવો પડી શકે છે. ગુજરાતમાં ભાજપ 2019 તરફ ફરી અજાયબી કરે તેવું લાગી રહ્યું છે. 26માંથી 26 બેઠકો પર વિજય અપેક્ષિત છે. રાજસ્થાનની વાત કરીએ તો અહીં બીજેપીને 23-25 સીટો મળતી જોવા મળી રહી છે. છત્તીસગઢમાં ભાજપના ખાતામાં 10-11 ની શક્યતા છે. મધ્યપ્રદેશમાં ભાજપને 28-29 બેઠકો મળી શકે છે. અહીં ઈન્ડી ગઠબંધન એટલે કે કોંગ્રેસને 0-1 સીટથી સંતોષ માનવો પડી શકે છે.

ફુલ સીટ- 542 | બહુમત- 272

| એજન્સી | NDA ભાજપ+ | INDIA કોંગ્રેસ+ | અન્ય |
|---|---|---|---|
| SAAM- જન કી બાત | 377 | 151 | 15 |
| ઈન્ડિયા ન્યૂઝ- પોલસ્ટ્રેટ | 371 | 125 | 47 |
| રિપબ્લિક ટીવી- P MARQ | 359 | 154 | 30 |
| રિપબ્લિક-મૈટ્રિઝ | 361 | 126 | 56 |
| ઈન્ડિયા ન્યૂઝ-ડી-ડાયનામિક્સ | 371 | 125 | 47 |
| **પોલ ઓફ પોલ્સ** | **368** | **136** | **39** |

### કોંગ્રેસે એક્ઝિટ પોલ TV ડિબેટથી કિનારો કર્યો

કોંગ્રેસે એક્ઝિટ પોલ અંગેની ટીવી ડિબેટમાં ભાગ ન લેવાનો નિર્ણય કર્યો છે. પાર્ટીના પ્રવક્તા પવન ખેડાએ કહ્યું કે કોંગ્રેસ ટીઆરપીની ગેમમાં સામેલ થવા માંગતી નથી. ખેડાએ વધુમાં જણાવ્યું હતું કે, મતદાનના પરિણામો મશીનોમાં લોક થઈ ગયા છે. પરિણામો 4 જૂને દરેકની સામે આવી જશે. આ પછી કોંગ્રેસ પાર્ટી ટીવી ડિબેટમાં ભાગ લેશે. કોંગ્રેસના આ નિર્ણય પર કટાક્ષ કરતા ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે એક્ઝિટ પોલમાં કોંગ્રેસને મોટી હારનો સામનો કરવો પડશે, તેથી તેઓ મીડિયાનો સામનો કરી શકશે નહીં. તેમજ, બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું કે વિપક્ષે પરિણામો પહેલા જ હાર માની લીધી છે.



### ગુજરાતમાં સતત ત્રીજી વાર ભાજપની હેટ્રિકનું અનુમાન

ગુજરાતમાં સીએનએક્સ, ટીવી9 અને ઈટીજીના અનુમાન પ્રમાણે ભાજપને તમામ 26 બેઠક મળી શકે છે. આ વખતે લોકસભાની ચૂંટણી એકતરફી રહેશે એવો માહોલ અગાઉ જણાતો હતો. જો કે મતદાનની તારીખ નજીક આવતા જ પરશોત્તમ રૂપાલાના નિવેદનના કારણે સર્જાયેલા ક્ષત્રિય આંદોલનથી રાજકીય ગરમાવો વ્યાપી ગયો હતો. ગુજરાતમાં લોકસભાની 26 બેઠક છે. વર્ષ 2014 અને 2019માં ગુજરાતની આ તમામ બેઠકો ભાજપે કબજે કરી લીધી હતી. આ વખતે I.N.D.I.A ગઠબંધન હેઠળ ગુજરાતમાં આમ આદમી પાર્ટીએ ભરૂચ અને ભાવનગર એમ બે બેઠક પર ચૂંટણી લડી હતી.

**Quick Read**

### દીકરાને બચાવવા માતાએ બ્લડ સેમ્પલ આપ્યાં: પુણે પોર્શ કેસમાં આરોપીની માતાની પણ ધરપકડ

પુણે | પુણે પોર્શ કાર કેસમાં સગીર આરોપીની માતાની શનિવારે (1 જૂન) ધરપકડ કરવામાં આવી હતી. પુણે પોલીસ કમિશનર અમિતેશ કુમારે આ માહિતી આપી છે. સગીર આરોપીની માતા શિવાની અગ્રવાલ પર આરોપ છે કે તેણે પોતાનાં બ્લડ સેમ્પલ આપ્યાં હતાં અને તેના પુત્રના બ્લડ સેમ્પલ બદલવા માટે ડોક્ટરોને 50 લાખ રૂપિયા આપ્યા હતા. શિવાની અગ્રવાલ છેલ્લા કેટલાક દિવસોથી ઘરેથી ગુમ હતી. મોડી રાત્રે તેની ધરપકડ કરવામાં આવી હતી.

### ઈન્ડિગોની ચેન્નઈ-મુંબઈ ફ્લાઇટમાં બોમ્બની ધમકી:ઇમર્જન્સી લેન્ડિંગ કરાયું

મુંબઈ | 1 જૂનના રોજ ચેન્નાઈથી મુંબઈ જતી ઈન્ડિગોની ફ્લાઈટ 6E-5314માં બોમ્બની ધમકી મળી હતી. આ પછી મુંબઈ એરપોર્ટ પર ફ્લાઈટનું ઈમર્જન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. તેમાં 172 મુસાફરો હતા. હાલ ફ્લાઈટમાં તપાસ કરવામાં આવી રહી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફ્લાઈટ આજે સવારે લગભગ 6.50 વાગ્યે ચેન્નાઈથી રવાના થઈ હતી. મુંબઈ જતી વખતે તેમાંથી એક બીનવારસી રિમોટ મળી આવ્યું હતું. આ પછી પાઈલટોએ મુંબઈ એર ટ્રાફિક કંટ્રોલને જાણ કરી અને ઈમર્જન્સી લેન્ડિંગની મંજૂરી માંગી હતી.

### જો દરેક સાધુ, ગુરુને જાહેર જમીન પર મંદિરની મંજૂરી અપાશે તો વિનાશક પરિણામ આવશે : કોર્ટ

નવીદિલ્હી | નાગા સાધુઓના નામ પર પ્રોપર્ટી ટ્રાન્સફર કરવાના મામલે દિલ્હી હાઈકોર્ટે મહત્ત્વની ટિપ્પણી કરી છે. હાઈકોર્ટે કહ્યું કે, નાગા સાધુઓ સાંસારિક દુનિયા અને મોહથી દૂર રહે. નાગા સાધુઓનું જીવન સંપૂર્ણ ત્યાગનું છે, તેથી તેમના નામે મિલકતની માંગ માન્યતાઓ મુજબ યોગ્ય નથી. કોર્ટે એક મહત્ત્વપૂર્ણ કેસમાં ચુકાદો આપતાં દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી. બેન્ચે સુનાવણી દરમિયાન કહ્યું કે, જો દરેક સાધુ, ગુરુને જાહેર જમીન પર મંદિર બનાવવાની મંજૂરી આપવામાં આવે તો વિનાશક પરિણામો આવશે.

### હવે થિયેટરમાં પણ બતાવવામાં આવશે લોકસભા ચૂંટણી 2024ના લાઇવ પરિણામો

મુંબઈ | લોકસભા ચૂંટણી માટે આજે છેલ્લા તબક્કાનું મતદાન થઈ રહ્યું છે. મતદાન પૂર્ણ થતાની સાથે જ સાંજે એક્ઝિટ પોલના પરિણામો જાહેર થઈ રહ્યા છે. ચૂંટણીના પરિણામો 4 જૂને આવશે પરંતુ આ વખતે ચૂંટણી પરિણામો મોટા પડદા પર પણ જોઈ શકાશે. ઘણા થિયેટરોમાં તૈયારીઓ ચાલી રહી છે અને બુકિંગ પણ શરૂ થઈ ગયું છે. મહારાષ્ટ્રના ઘણા સિનેમાઘરોમાં લોકસભા ચૂંટણીના પરિણામો લાઈવ બતાવવાની તૈયારીઓ ચાલી રહી છે. આ માટે ઓનલાઈન ટિકિટ બુકિંગ શરૂ થઈ ગયું છે.

## 8 રાજ્યોમાં 57 બેઠકો પર મતદાન પૂર્ણ

### સંદેશખલીમાં ભાજપ સમર્થકોની પોલીસ સાથે અથડામણ, ટીયર ગેસના શેલ છોડાયા

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

પશ્ચિમ બંગાળમાં શનિવારે સાતમા તબક્કાના મતદાન દરમિયાન કેટલીક જગ્યાએ હિંસક ઘટનાઓ નોંધાઈ છે. બસીરહાટ લોકસભા અંતર્ગત સંદેશખલી વિસ્તારમાં પોલીસ અને ભાજપ સમર્થકો વચ્ચે ઘર્ષણ થયું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, ભાજપના ઉમેદવાર રેખા પાત્રા વિસ્તાર છોડીને ધામખલીમાં રોડ પર આવી ગયા હતા. ભાજપના મહિલા સમર્થકોનો આરોપ છે કે પોલીસે તેમના પર લાઠીચાર્જ કર્યો હતો. જવાબમાં, ભાજપને સમર્થન આપતા ગ્રામજનોએ ઈંટો અને પથ્થરમારો શરૂ કર્યો. પોલીસે ભીડને કાબૂમાં લેવા માટે ટીયર ગેસ છોડ્યો હતો. આ સિવાય ઓડિશામાં વિધાનસભા ચૂંટણી માટે 62.46% મતદાન થયું હતું.



**મતદાન પૂર્ણ થતા ચૂંટણી પંચે તમામનો આભાર માન્યો**
મતદાનના સાતમા તબક્કાના અંત પછી, ચૂંટણી પંચે તમામ હિતધારકો - મતદારો, મતદાન અધિકારીઓ, સુરક્ષા દળો, મીડિયા અને રાજકીય પક્ષોનો આભાર માન્યો. ચૂંટણી પંચની વોટર ટર્નઆઉટ એપ અનુસાર સાંજે 5 વાગ્યા સુધી 58.34% મતદાન થયું હતું. સૌથી વધુ 69.89% મતદાન પશ્ચિમ બંગાળમાં અને સૌથી ઓછું 48.86% મતદાન બિહારમાં થયું હતું.

### તમામ 9 બેઠકો પર ટીએમસીનું નિયંત્રણ

8 રાજ્યોની 57 બેઠકો જ્યાં મતદાન થઈ રહ્યું છે તેમાંથી પશ્ચિમ બંગાળમાં 9 બેઠકો પર મતદાન થઈ રહ્યું છે. જ્યાં મતદાન થઈ રહ્યું છે તે તમામ સીટો પર ટીએમસીનો કબજો છે. બંગાળ એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં ચૂંટણી દરમિયાન સતત હિંસા થઈ રહી છે. કેટલીક જગ્યાએ બોમ્બ વિસ્ફોટની ઘટનાઓ પ્રકાશમાં આવી હતી અને કેટલીક જગ્યાએ તોફાનીઓએ ઈવીએમને તળાવમાં ફેંકી દીધા હતા. જાદવપુરમાં બોમ્બ વિસ્ફોટ થયો હતો.

## કેજરીવાલનો પ્રચાર પૂરો, હવે ફરી જેલમાં જવું પડશે

### કોર્ટમાંથી રાહત ન મળી, આજે સરેન્ડર થશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 01



દિલ્હીના CM અરવિંદ કેજરીવાલને 2 જૂને જેલમાં જવું પડશે. રાઉઝ એવન્યુ કોર્ટે 1 જૂનના રોજ મેડિકલ આધાર પર જામીન અરજી પર સુનાવણી કરી હતી. વિશેષ જજ કાવેરી બાવેજાએ 5 જૂન સુધી નિર્ણય સુરક્ષિત રાખ્યો છે. દિલ્હી એક્સાઈઝ પોલિસી કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં શનિવારે રાઉઝ એવન્યુ કોર્ટમાં CM અરવિંદ કેજરીવાલની જામીન અરજી પર સુનાવણી કરવામાં આવી હતી. દિલ્હીના મુખ્યમંત્રીએ મેડિકલ ગ્રાઉન્ડ પર 7 દિવસના જામીનની માગ કરી છે, પરંતુ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ કોર્ટમાં તેમની અપીલનો વિરોધ કર્યો હતો.

**મુસાફરી દરમિયાન તમારો ટેસ્ટ કેમ ન કરાવ્યો? : કોર્ટ**
સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટના રજિસ્ટ્રાર બોલતાં આદેશ પસાર કર્યો, પરંતુ કેજરીવાલે એ આદેશને અવગણ્યો હતો. એની પાછળનું કારણ એ છે કે તેઓ ચૂંટણીપ્રચારના હેતુથી યાત્રા કરી રહ્યા હતા, પરંતુ ત્યારે તેમનો મેડિકલ ટેસ્ટ કરાવવામાં આવ્યો ન હતો.

## મોદીની 45 કલાકની સાધના પૂર્ણ વિવેકાનંદ રોક મેમોરિયલમાં 3 દિવસ રહ્યા

### સૂર્યને અર્ઘ્ય આપ્યું અને ધ્યાન મંડપમની પરિક્રમા કરી



(એજન્સી) કન્યાકુમારી । તા. 01

PM નરેન્દ્ર મોદીની કન્યાકુમારીમાં વિવેકાનંદ રોક મેમોરિયલ ખાતે 45 કલાકની ધ્યાન સાધના પૂર્ણ થઈ છે. શનિવાર (1 જૂન) ત્રીજો દિવસ હતો. આજે સૂર્યોદય સમયે મોદીએ સૂર્યને અર્ઘ્ય અર્પણ કર્યું હતું અને ધ્યાન મંડપમની પરિક્રમા કરી. આજની તસવીરોમાં મોદી ધ્યાન મંડપમના કોરિડોરમાં બેસીને રુદ્રાક્ષની માળાના જાપ કરતા અને સ્વામી વિવેકાનંદની પ્રતિમાને પ્રણામ કરતાં જોવા મળ્યા હતા. તેઓ આજે સાંજે વિવેકાનંદ રોક મેમોરિયલથી બહાર આવશે. મોદી 30 મેના રોજ અહીં પહોંચ્યા હતા. 31 મે (શુક્રવાર)ના રોજ તેમના ધ્યાનની તસવીરો સામે આવી હતી. તેઓ કેસરી વસ્ત્રો, હાથમાં રુદ્રાક્ષની માળા અને કપાળ પર તિલક કરેલા જોવા મળ્યા હતા. સવારે તેમણે સૂર્યને અર્ઘ્ય અર્પણ કર્યું, મંદિરની પરિક્રમા કરી અને ધ્યાનની મુદ્રામાં બેઠા.

**કોંગ્રેસે અરજીમાં કહ્યું- આ વોટ મેળવવાનો પ્રયાસ છે, કાર્યવાહી થવી જોઈએ :** તામિલનાડુ કોંગ્રેસ સમિતિએ મદ્રાસ હાઈકોર્ટમાં કરેલી અરજીમાં કહ્યું છે કે વડાપ્રધાનની વિવેકાનંદ રોકની મુલાકાત સામે કોઈને વાંધો નથી, પરંતુ લોકસભા 2024ની ચૂંટણીના 7મા તબક્કા દરમિયાન તેમની મુલાકાત એ હિન્દુ ભાવનાઓને ઉશ્કેરવા અને તેમના સત્તાવાર પદનો દુરુપયોગ કરીને મત મેળવવાનો પ્રયાસ છે, તેથી આ અંગે કાર્યવાહી થવી જોઈએ.

**ધ્યાનયાત્રા કરવા પર ચૂંટણી કાયદા હેઠળ કોઈ પ્રતિબંધ નથી**
ચૂંટણી દરમિયાન વડાપ્રધાનની ધ્યાનયાત્રા પર ચૂંટણી કાયદા હેઠળ કોઈ પ્રતિબંધ નથી. ચૂંટણીપંચે 2019ની લોકસભા ચૂંટણી દરમિયાન પણ PMને આવી જ મંજૂરી આપી હતી. કોંગ્રેસે 29 મેના રોજ આરોપ લગાવ્યો હતો કે PMની ધ્યાનયાત્રા આચારસંહિતાનું ઉલ્લંઘન છે. કોંગ્રેસે ચૂંટણીપંચને વિનંતી કરી કે તેઓ સુનિશ્ચિત કરે કે મોદીનું ધ્યાન મીડિયામાં પ્રસારિત ન થવા દે. જોકે જાણકાર સૂત્રોએ જણાવ્યું હતું કે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, 1951ની કલમ 126 ટાંકવામાં આવ્યું છે. એમાં મૌન સમય (સાઈલન્ટ ટાઈમ) દરમિયાન જાહેરસભાઓ અથવા ચૂંટણીપ્રચાર પર પ્રતિબંધનો ઉલ્લેખ છે.

### પાંચમી જૂને કેન્દ્રીય કેબિનેટને ફેરવેલ ડિનર આપશે રાષ્ટ્રપતિ મુર્મૂ

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

લોકસભા ચૂંટણી 2024ના તમામ સાત તબક્કાઓનું મતદાન પૂર્ણ થઈ ગયું છે. હવે પરિણામ 4 જૂને જાહેર થશે. ત્યાર પછી બીજા દિવસે એટલે કે 5 જૂને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ વાળી કેન્દ્રીય કેબિનેટને ફેરવેલ ડિનર આપશે. આ વિદાઈ ડિનરનું આયોજન રાષ્ટ્રપતિ ભવનમાં રાત્રે 8:00 વાગ્યાથી શરૂ થશે.

## અમે 295થી વધુ બેઠક જીતવાના છીએ...

### ગઠબંધનની બેઠક બાદ ખડગેનો હુંકાર

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

લોકસભા ચૂંટણીના સાતમા અને છેલ્લા તબક્કાના મતદાન વચ્ચે દિલ્હીમાં I.N.D.I.A. ગઠબંધનની મોટી બેઠક યોજાઈ હતી. આ પછી ગઠબંધનના નેતાઓએ પ્રેસ કોન્ફરન્સ પણ કરી હતી. જેમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ દાવો કર્યો હતો કે લોકસભા ચૂંટણી 2024માં I.N.D.I.A. એલાયન્સ 295થી વધુ સીટો જીતશે. આ બેઠક કોંગ્રેસ અધ્યક્ષ



મલ્લિકાર્જુન ખડગેના ઘરે યોજાઈ હતી. જેમાં લોકસભા ચૂંટણીની સમીક્ષા કરવામાં આવી હતી. ખડગેએ જણાવ્યું કે આ બેઠક લગભગ અઢી કલાક ચાલી જેમાં ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી. આજની બેઠકમાં I.N.D.I.A.ના ઘણા નેતાઓ હાજર રહ્યા હતા.

## ભારતને ડર- દેશના હથિયાર ખોટા હાથમાં જઈ રહ્યા છે

### દાવો : વેપન્સના એક્સપોર્ટ પર દેખરેખ રાખવાનો આદેશ, રિપોર્ટ : ભારતીય હથિયારો યુક્રેન પહોંચ્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

સંરક્ષણ મંત્રાલય ભારતમાંથી ઉત્પાદિત અને નિકાસ થતા હથિયારો પર દેખરેખ વધારી રહ્યું છે. ઈકોનોમિક ટાઈમ્સમાં છપાયેલા અહેવાલ મુજબ, સંરક્ષણ મંત્રાલયે ખાનગી હથિયાર બનાવતી કંપનીઓને ચેતવણી જાહેર કરીને તેમના હથિયારો ક્યાં પહોંચી રહ્યા છે તેના પર નજર રાખવા માટે કહ્યું છે. ખરેખરમાં, આ કરવાની જરૂર તે મીડિયા અહેવાલો પછી આવી છે જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારતીય હથિયારો ખોટા હાથમાં પહોંચી રહ્યા છે. યુરેશિયન ટાઈમ્સના અહેવાલ મુજબ, વર્ષની શરૂઆતમાં, કેટલાક મીડિયા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારતમાં બનેલા 155mm આર્ટિલરી શેલ્સનો ઉપયોગ યુક્રેનમાં થઈ રહ્યો છે. જ્યારે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે ભારત તરફથી યુક્રેનને કોઈપણ પ્રકારના હથિયાર મોકલવામાં આવ્યા નથી.





**ગાઝામાં યુદ્ધ વચ્ચે ભારતથી ઈઝરાયેલ જઈ રહેલા શસ્ત્રો**
થોડા દિવસો પહેલા, સ્પેને દાવો કર્યો હતો કે તેણે ભારતથી વિસ્ફોટકો લઈને ઈઝરાયલ જતા જહાજને તેના બંદર પર રોકવાની મંજૂરી આપવાનો ઈન્કાર કર્યો હતો. ડેનિશ ફ્લેગવાળું આ જહાજ ચેન્નાઈથી ઈઝરાયલના હાઈફા પોર્ટ જઈ રહ્યું હતું. તેમાં હથિયારો હતા. જો કે, આ હથિયારો ભારતના છે કે અન્ય કોઈ દેશના છે તે જણાવવામાં આવ્યું નથી. જ્યારે વિદેશ મંત્રાલયને આ અંગે પૂછવામાં આવ્યું તો પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે તેમને આ અંગે કોઈ માહિતી નથી.

# ભારત ગૌરવ-રાષ્ટ્રસંત પરમ પૂજ્ય આચાર્ય શ્રી પુલકસાગરજી મહારાજનો અમદાવાદમાં જ્ઞાન ગંગા મહોત્સવ નું આયોજન

(એજન્સી) અમદાવાદ । તા. 01

દિગંબર જૈન સમાજ અમદાવાદ દ્વારા શહેરના મીઠાખળીમાં આવેલા સરદાર પટેલ સેવા સમાજ ખાતે અમદાવાદમાં પહેલીવાર સર્વપ્રથમવાર પધારી રહેલા આચાર્ય શ્રી પુલકસાગરજી મહારાજના દિવ્ય પ્રવચનના "જ્ઞાન ગંગા મહોત્સવ"નું આયોજન તા. 2 જૂન થી 9 જૂન દરમિયાન સવારે 8:30 થી 10:30 કલાક દરમિયાન કરવામાં આવ્યું છે. શહેરમાં વસતા દરેક સમાજના લોકો ગુરૂજીના દિવ્યજ્ઞાનની અમૃતવાણીનો લાભ લઈ શકશે. દિગંબર જૈન સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી ચંદુભાઈ કાલાએ આ અંગે જણાવ્યુ હતું કે ૭0,000 કિલોમીટર પગપાળા વિહાર કરીને પહેલીવાર અમદાવાદમાં પધારી રહેલા આચાર્ય શ્રી પુલકસાગરજી મહારાજના પાવન પગલાંથી અમદાવાદના સમાજ માટે ખુબજ વિશેષ અને પુન્યાજર્નનો અવસર આવ્યો છે. ભારતની વિભિન્ન સામાજીક સંસ્થાઓ દ્વારા આચાર્યશ્રીને




"ભારત ગૌરવ" અને "રાષ્ટ્ર સંત" જેવી વિશિષ્ટ ઉપાધિથી સન્માનિત કરવામાં આવ્યા છે. દિગંબર જૈન સમાજના પરમ સંરક્ષક સૌભાગ્યમલ કટારિયાએ જણાવ્યુ હતું કે,આવા મહાન સંતના અમદાવાદની ધરા ઉપરના આગમનથી જનજનમાં ઉત્સાહ અને આનંદની લાગણી છે. સમગ્ર ભારતમાં આચાર્ય શ્રી પુલકસાગરજી મહારાજના વિશિષ્ઠ પ્રવચન શ્રૃંખલા અને દિવ્યજ્ઞાનની સરવાણી "જ્ઞાન ગંગા મહોત્સવ"ના નામે વિખ્યાત છે. જેમાં આચાર્યશ્રી પારિવારિક, સામાજીક, અને ધાર્મિક, વિષયોનો સમાવેશ કરીને લોકોના જીવનને સાર્થક બનાવે છે. વર્તમાન સમયમાં આપણી આસપાસ રોજબરોજ બનતી નીતનવી ઘટનાઓથી મનુષ્ય જીવન દુષ્કર બનતું જાય છે, આવી સમસ્યોઓના નિવારણ માટે જ શહેરમાં આચાર્ય શ્રી પુલકસાગરજી મહારાજના દિવ્ય પ્રવચનના "જ્ઞાન ગંગા મહોત્સવ"નું આયોજન તા. 2 જૂન થી 9 જૂન દરમિયાન સવારે 8:30 થી 10:30 કલાક દરમિયાન કરવામાં આવ્યું છે, જેનો લાભ શહેરમાં વસતા જૈનસમાજના લોકો તેમજ દરેક સમાજના લોકો પણ લઈ શકશે. દિગંબર જૈન સમાજ અમદાવાદના મુખ્ય સંયોજક ઋષભભાઈ જૈન એ જણાવ્યુ હતું કે મુનિ શ્રી પુલકસાગરજી મહારાજએ નિઃસ્વાર્થ પ્રેમ અને તમામ જીવો પ્રત્યેની કરુણા માટે, તેમજ તેમનું સમગ્ર જીવન ગરીબોની પીડા દૂર કરવા અને સમાજને જાગૃત કરવા અને તેમને શાંતિપૂર્ણ જીવન કેવી રીતે જીવવું તે શીખવવામાં સમર્પિત કર્યુ છે.

## જાફરાબાદના કડીયાળી ગામે રહેતી અમીષાબેને ઘરે ગળાફાંસો ખાધો

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

દિન પ્રતિદિન આત્મહત્યાના બનાવો વધી રહ્યા છે, એવું જ એક કિસ્સો જાફરાબાદ તાલુકાના કડીયાળી ગામે રહેતી અમિષાબેન કરમણભાઈ પરમાર ઉ.વ. ૧૮ ધોરણ ૧૦ ના છેલ્લા ત્રણ વર્ષથી ફેઈલ થયેલ ચોથી ટ્રાઈમા પાસ થયેલ ધોરણ ૧૧ માં પ્રવેશ લઈ પોતે ભણી શકશે નહીં તેની ચિંતામાં પોતાના ઘરે તા/૩૧/૦૫/૨૦૨૪ ના સવારે ૧૦ થી બપોરના ૧-૩૦ વચ્ચે પોતે પોતાની મેળે ગળાફાંસો ખાઇ જતાં મોત નિપજયાનું માલાભાઈ કરણભાઈ પરમારે જાફરાબાદ પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## ટાંકલીપાડા ગામ ખાતેથી ચકલી-પોપટનો જુગાર રમતા 3 જુગારીઓની મુદ્દા માલ સાથે અટકાયત

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાનાં પોલીસ અધિક્ષક યશપાલ જગાણીયા અને નાયબ પોલીસ અધિક્ષક એસ.જી.પાટીલે આદર્શ આચાર સંહીતામાં પ્રોહીબિશન અને જુગાર પ્રવૃત્તિને ડામવા સૂચનો કર્યા હતા.ત્યારે ડાંગ એલ.સી.બી પોલીસ મથકનાં પી. એસ.માઈ.કે.જે.નિરંજનની પોલીસ ટીમે ડાંગ જિલ્લાનાં પૂર્વપટ્ટી વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ હાથ ધર્યુ હતુ.તે દરમ્યાન ડાંગ જિલ્લા એલસીબી પોલીસ સ્ટાફનાં માણસોને ખાનગી રાહે બાતમી મળી હતી.જે બાતમીનાં આધારે પોલીસ સ્ટાફના માણસોએ ટાંકલીપાડા ગામના ઉપલા ફળિયા ખાતે રહેતા લક્ષ્મણભાઈ ફુલસિંગભાઈ માળવીશનાં ઘરે લગ્નના મંડપમાં ખુલ્લા વાડામાં રાત્રિના સમયે રેડ કરી હતી.ત્યારે સ્થળ પરથી નિલેશભાઈ કાકડયાભાઈ ગાવીત ( ઉ.વ.૨૪, રહે. પિપલપાડા ગામ તા.સુબીર જી.ડાંગ) તથા ઈમાઈલભાઈ વાનુભાઇ બરડે ( ઉ.વ.૨૬ રહે. સાદડવિહીર ગામ તા.સુબીર જી. ડાંગ) તથા અશ્વિનભાઈ સુરેશભાઇ ગાયકવાડ ( ઉ.વ.૨૩ રહે.કોટબા તા.આહવા જી.ડાંગ)નાઓએ ગેરકાયદેસર રીતે ચાર્ટ પેપરમાં અલગ- અલગ ચિત્ર ઉપર ચકલી-પોપટનો પૈસા પર હાર જીતનો જુગાર રમી રમાડતા હતા.ત્યારે ડાંગ એલસીબી પોલીસે ત્રણેય આરોપીઓની અટકાયત કરી હતી. તેમજ જુગાર સાહિત્ય સહિત રોકડા રૂ.૧૨,૭૦૦/- નો જુગાર મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો હતો.હાલમાં આહવા એલ.સી.બી પોલીસ મથકનાં પી.એસ. આઈ.કે.જે.નિરંજનની ટીમે આ અંગેનો ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## લાઈટ કન્ટ્રોલ કેબીનમાં ઓવરહીટ થતા મ્યુઝિકલ ફાઉન્ટેન પાસે આગ લાગતા ભારે અફરા તફરી

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાનાં સર્પગંગા તળાવની નજીક લાઈટ કંટ્રોલિંગ કેબીન આવેલ છે.તે લાઈટ કન્ટ્રોલીંગ કેબિનમાં ઓવર હીટ થતા આગ લાગવાની ઘટના બની હોવાનું જાણવા મળી રહ્યુ છે.આ કેબિનમાં આગ લાગતા ધુમાડાનાં ગોટેગોટા હવામાં જોવા મળ્યા હતા.જેના પગલે પ્રવાસીઓમાં અફરા તફરીનો માહોલ સર્જાયો હતો.ડાંગ જિલ્લાનાં સર્પગંગા તળાવની ફરતે લાઈટ લગાવવામાં આવેલ છે.ત્યારે લાઈટ કંટ્રોલિંગ કેબિનમાં ઓવરહીટ થવાને કારણે આગ લાગી ગઈ હતી.અચાનક આગ લાગતા નજીક ફરી રહેલ પ્રવાસીઓમાં અફરા તફરીનો માહોલ સર્જાયો હતો.જોકે આગ લાગવાની ઘટનાની જાણ નોટિફાઈડ એરીયા કચેરીનાં ચીફ ઓફિસર મેહુલભાઈ ભરવાડ અને નાયબ મામલતદાર પી.વી.પરમારને થતા તેઓએ તુરંત જ ફાયર ફાઈટરની ગાડી મોકલી હતી.અહી સ્થળ પર તાત્કાલિક ધોરણે ફાયર ફાઈટરની ગાડી પોહચી જતા આગ પર કાબુ મેળવવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી હતી. અહી આગ સામાન્ય હોવાથી ફાયર ફાઈટરે તાત્કાલિક આગ પર કાબુ મેળવ્યો હતો.તેમજ ડીજીવીસીએલના પ્રતિનિધિઓ પણ સ્થળ પર પહોંચ્યા હતા.જે બાદ



કેબિનમાં ધુમાડો જણાતા મેન લાઈન કનેક્શન દૂર કરવામાં આવ્યુ હતુ.અને પછી કેબિન ખોલવામાં આવી હતી.તેમજ ડીજીવીસીએલનાં પ્રતિનિધિઓ દ્વારા અન્ય સાવચેતીના પગલાં પણ લેવામાં આવી રહ્યા છે.

## થાઇ કાસ્ટિંગનો નાણાકીય વર્ષ 24નો કર બાદ નફો 172% વધ્યો

(એજન્સી) અમદાવાદ । તા. 01

થાઈ કાસ્ટિંગ લિમિટેડ, (NSE - TCL), જે પ્રેશર ડાઈ કાસ્ટિંગ, ફેરસ અને નોન-ફેરસ બંને સામગ્રીના પરિશુદ્ધ મશીનિંગ તેમજ ઈન્ડક્શન હીટિંગ અને ક્વેન્ચિંગમાં નિપુણતા ધરાવે છે, તેણે નાણાકીય વર્ષ 24ના બીજા અર્ધવાર્ષિક અને નાણાકીય વર્ષ 24 માટેના તેના ઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. પ્રદર્શન પર ટિપ્પણી કરતા, થાઈ કાસ્ટિંગ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી આનંદન શ્રીરામુલુએ જણાવ્યું, "અમને અમારી કંપનીની માટે પ્રશંસનીય વૃદ્ધિના માર્ગની જાણ કરતા આનંદ થઈ રહ્યો છે. આ સફળતા નવા ઉત્પાદનોના વિકાસ, નવા ગ્રાહકોનો ઉમેરો અને વન-સ્ટોપ હાઈ-એન્ડ કાસ્ટિંગ સોલ્યુશન્સ પ્રદાન કરતી વૈશ્વિક બ્રાન્ડ બનવાના અમારા લક્ષ્યથી પ્રેરિત છે. અમારા આઈપીઓને પગલે, અમે અમારી વિસ્તરણ અને મૂડી ખર્ચ યોજનાઓ દ્વારા સમર્થિત વિકાસ પથ પર છીએ. અમે નવી પેટાકંપનીની સ્થાપના કરી છે અને ગેસ નાઈટ્રાઈડિંગ પ્લાન્ટ સ્થાપવા માટે જમીન સંપાદિત કરી છે. અમે અમારા મૂલ્યવાન ગ્રાહકોની વધતી માંગને પહોંચી વળવાનો પ્રયત્ન કરી રહ્યાં હોવાથી ઈન્સ્ટોલેશન ક્ષમતા વધારવા પર અમારા પ્રયત્નો પર ધ્યાન કેન્દ્રિત કરવું મહત્વપૂર્ણ છે. વધુમાં, અમે વધુ ઓર્ડર મેળવીને અને હાલના ઓર્ડરના મૂલ્યમાં વધારો કરીને અમારી એકંદર ઓર્ડર બુક વેલ્યૂને વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ.

## અમદાવાદ કટલરી એન્ડ જનરલ મર્ચન્ટ એસોસિએશન દ્વારા ઠંડી છાશનું વિતરણ

(એજન્સી) અમદાવાદ । તા. 01

શહેરમાં આ દિવસોમાં પ્રવર્તતી આકરી ગરમીમાંથી પસાર થતા લોકોને રાહત આપવા માટે અમદાવાદ કટલરી એન્ડ જનરલ મર્ચન્ટ એસોસિએશન દ્વારા છાશ વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના સેક્રેટરી દિનેશ શ્રીશ્રીમાલ જણાવ્યું હતું કે, હાલમાં ગરમી અસહ્ય બની રહી છે, જેના કારણે સામાન્ય લોકોનું જનજીવન પ્રભાવિત થઈ રહ્યું છે અને આવા સમયે છાશનું સેવન વટેમાર્ગુઓના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે . દર વર્ષે ઉનાળાની ઋતુમાં આ સેવા કાર્ય એસોસિયેશન ના



નેજા હેઠળ કરવામાં આવે છે, જેનો લાભ હજારો લોકોને મળે છે. આ કાર્યક્રમને સફળ બનાવવા એસોસિએશનના પ્રમુખ લચ્છુ ભાઈ, સેક્રેટરી દિનેશ શ્રીશ્રીમાલ, મહાવીર બાફના, દીપક બજાજ, દીપક જીંજર, અમિત દેસાઈ સહિત અનેક સભ્યો સેવા આપી લોકસેવાનો લાભ લેતા જોવા મળે છે.

## નખત્રાણા સોની યુવક મંડળ દ્વારા રાહત ભાવે નોટ બુક વિતરણ



મહેશ એલ.સોની : નખત્રાણા

નખત્રાણા ખાતે શ્રી મારૂ કંસારા સોની સમાજ યુવક મંડળ દ્વારા રાહત ભાવે નોટબુક વિતરણ કરવામાં આવી રહ્યું છે. સમાજના જે કોઈ વિદ્યાર્થીને નોટબુક જોઈતી હોય તો તા ૧,/૬/૨૦૨૪ થી તા ૪/૬/૨૦૨૪ સુધી સોની સમાજવાડી મધ્યે સાંજે ૪ થી ૬ કલાક દરમ્યાન નોટબુક મેળવી શકશે. વધુ માહિતી માટે 9904899352 હાર્દિકભાઈ સોની, 9429543848 વરૂણ ભાઈ સોની, 9925857367 પૂજનભાઈ સોનીનો સંપર્ક સાધવા જણાવાયું છે.

## જાફરાબાદના મોટા માણસા ગામના ખેડૂતોની માલિકની જમીનમાં ગેરકાયદેસર ગેસ પાઈપલાઈન નાખતા ખેડૂતો દ્વારા રાજુલા ડેપ્યુટી કલેકટર આવેદનપત્ર આપવામાં આવ્યું

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

જાફરાબાદ તાલુકાના મોટા માણસા ગામના ખેડૂતો એ આજ રોજ તા/૩૧/૦૫/૨૦૨૪ ના રોજ રાજુલા પ્રાંત કચેરીએ ડેપ્યુટી કલેકટર શ્રી ને ખેડૂતો દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું આ ગામના ખેડૂતો દ્વારા આવેદનપત્ર પાઠવવામાં આવેલ અને જેમાં જણાવાયું હતું કે ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ લિમિટેડ દ્વારા મોટા માણસના ખેડૂતોની માલિકીની ખેતીની જમીનમાં ગેરકાયદેસર માણસા ગામની જમીન ગુજરાત સ્ટેટ લિમિટેડ ગાંધીનગર દ્વારા જમીનના વપરાશી હક સંપાદન કરી ભૂગર્ભ ગેસ લાઈન બિછાવી કુદરતી ગેસનું પરિવહન કરી ગેસ



પાઈપલાઈન નાખવાનું કામ થઈ રહ્યુ છે. ત્યારે ગામના ખેડૂતોની જાણ મુજબ જમીનનું સંપાદન ઓર્ડર હજી સુધી આવેલ નથી અને ખેડૂતોને વળતરની કોઈ પણ રકમ આજદિન સુધી ચુકવવામાં આવેલ નથી અને તદ્દન ગેરકાયદેસર રીતે આ ખેડૂતોનાં ખેતરમાં પાઈપલાઈન નાખવાનું કામ થઈ રહ્યું હોય જેના મશીનના કારણે ખેડૂતોની જમીનને મોટા પ્રમાણમાં નુકસાન થઈ રહ્યું હોય અને જમીનમાં વાવેતર કરી શકાય તેવી સ્થિતિમાં પણ ન હોય ખેડૂતોના કુડુબનો જીવન નિર્વાહ ખેડૂતોનો આ જમીન ઉપર હોય તેથી ખેડૂતો પાસે બીજું કોઈ આવકન હોય જેથી આ ગેરકાયદેસર રીતે થતી પ્રવૃત્તિ થી રહી હોય આ ના થી ખેડૂતો ને વારંવાર નુકસાન થઈ રહ્યું છે. તેમજ આજદિન સુધી કોઈ પણ જાતનો ઓર્ડર થયેલ ના હોય અને તેની નકલ પણ ખેડૂતોને આપવામાં આવી નથી જે વળતર નક્કી થયું હોય તેની પણ ચુકવવામાં આવેલ નથી આવા સંજોગોમાં આ કંપની કે કંપનીના કોઈ અધિકારી કે કોઈ માણસોને કે મજુરોને આ ખેડૂતોની જમીનમાં પ્રવેશ કરવાનો કોઈ અધિકાર નથી.

## ઈન્સપાયર ફિલ્મ્સે નાણાકીય વર્ષ 24ના બીજા અર્ધવાર્ષિકમાં 295% માર્જિન ગ્રોથ સાથે ₹1 કરોડના ચોખ્ખા નફાની કમાણી કરી

(એજન્સી) અમદાવાદ । તા. 01

ઈન્સ્પાયર ફિલ્મ્સ લિમિટેડ. (NSE - INSPIRE), અગ્રણી કંટેન્ટ ક્રિએશન અને પ્રોડક્શન કંપની પૈકીની એકે નાણાકીય વર્ષ 24 માટેના તેના ઓડિટેડ નાણાકીય પરિણામોની જાહેરાત કરી છે. પ્રદર્શન અંગે ટિપ્પણી કરતા, ઈન્સ્પાયર ફિલ્મ્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી યશ પટનાયકે જણાવ્યું, નાણાકીય વર્ષ 24ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં, અમારૂ પ્રદર્શન 22-23ના પાછલા અર્ધવાર્ષિક ગાળાની આવક અને નફાકારકતા કરતાં વધી ગયું હતું. અમે ઉત્તરાર્ધમાં ઉત્પાદન ચાલુ રાખવાની યોજના સાથે 23-24ના મધ્યબિંદુ સુધીમાં લોકપ્રિય શોની અસંખ્ય સીઝન સફળતાપૂર્વક પૂર્ણ કરી લીધી છે. જો કે, અગ્રણી પ્લેટફોર્મ્સ અને બ્રોડકાસ્ટર્સ વચ્ચે ચાલી રહેલી મર્જરની વાટાઘાટોને કારણે ઉદ્યોગ અનિશ્ચિતતાથી ઘેરાયેલો હતો. પરિણામે, અમારા સહિત ઘણા ગ્રીનલાઈટ પ્રોજેક્ટ્સને નોંધપાત્ર વિલંબનો સામનો કરવો પડ્યો, જેમાંથી કેટલાક છ મહિનાથી વધુ લંબાયા. આ પડકારો હોવા છતાં, અમે હાલના ગ્રીનલાઈટ પ્રોજેક્ટ્સ અને નવા સાહસો બંનેનો સમાવેશ કરીને અમારી પાઈપલાઈનને મજબૂત કરવાની તક ઝડપી લીધી. પરિણામે, અમે હવે આ પ્રોજેક્ટ્સ શરૂ કરવા અને ચાલુ નાણાકીય વર્ષ 24-25 ના અંત પહેલા તમામ ઈન્વેન્ટરી પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરવા માટે તૈયાર છીએ.

## વાવેતર પહેલા ખેડૂતોએ આ બાબતોનું ખાસ ધ્યાન રાખવા બિનરાસાયણિક પદ્ધતિઓ દ્વારા જમીનજન્ય રોગોનું વ્યવસ્થાપન કરવા ખેતી નિયામકની કચેરીએ મહત્વપૂર્ણ પગલાઓ સૂચવ્યા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યભરમાં ચોમાસાના આગમન બાદ પૂરવેગે ખરીફ પાકનું વાવેતર થશે. રાજ્યમાં વાવેતર થાય તે પહેલા બિનરાસાયણિક પદ્ધતિઓ દ્વારા જમીનજન્ય રોગોનું વ્યવસ્થાપન કરવા, ખેડૂતો માટે ખેતી નિયામકની કચેરી દ્વારા કેટલાક મહત્વપૂર્ણ પગલાઓ સૂચવવામાં આવ્યા છે. જમીનજન્ય રોગોના વ્યવસ્થાપન માટે ઉનાળામાં હળ કે ટ્રેક્ટરની દાંતીથી આડી અને ઉભી ઊંડી ખેડ કરવી જોઈએ, જેથી રોગકારક ફૂગ, જીવાણું, કિટકનાં કોશેટા, ઈંડા કે કૃમિ ઊંડી ખેડને કારણે જમીનની ઉપરી સપાટીથી બહાર આવે છે અને અસહ્ય ગરમીથી નાશ પામે છે. ખેતી નિયામકની યાદીમાં જણાવ્યા અનુસાર દર વર્ષે જમીનમાં પાકની ફેરબદલી કરવી જરૂરી છે. એક જ જમીનમાં એક જ પાકનું વાવેતર કરવાનું ટાળવું જોઈએ, જેથી સૂકારો, મૂળનો કહોવારો, થડનો સડો, ગંઠવા કૃમિ જેવા જમીનજન્ય રોગોનું વ્યવસ્થાપન થઈ શકે. મગફળીના પાકમાં થડના કોહવારાનું પ્રમાણ ઘટાડવા કપાસ, ઘઉં, મકાઈ, જુવાર, ડુંગળી અને લસણ વગેરે પાક સાથે તેની વાવણી કરવાથી જમીનજન્ય રોગોને ઘટાડી શકાય છે. જેથી જમીનનું પોત સુધરે છે તેમજ રોગમાં ઘટાડો થાય છે. મગફળીના પાકમાં થડના કોહવારા માટે વાવણી પહેલા દિવેલીના ખોળને ૭૫૦ કિ.ગ્રા. પ્રતિ હેક્ટર તથા કપાસમાં જમીનજન્ય ફૂગથી થતા ધરૂના મૃત્યુ, મૂળખાઈ અને સૂકારા જેવા રોગોના નિયંત્રણ માટે ૧૦ ટન પ્રતિ હેક્ટર છાણીયું ખાતર અથવા ૨ ટન પ્રતિ હેક્ટર પ્રેસમડ અથવા મરઘાનું ખાતર વાવેતર પહેલા જમીનમાં નાખવાથી રોગ નાશ પામે છે.

**ઉત્તર મધ્ય રેલવે**

ઈ-ટેન્ડર સૂચના નંબર :- JHS-N-W-21-24 તારીખ :- 29-05-2024

**ઈ-ટેન્ડર સૂચના**

સિનિયર ડિવિઝનલ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર, નોર્થ સેન્ટ્રલ રેલ્વે ઝાંસી નીચેના કામ માટે ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી ઓનલાઈન (ઈ-ટેન્ડરિંગ) દ્વારા ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે.

**કામનું નામ:** ઈન્ટીગ્રેટેડ પાવર સપ્લાય (IPSH)/ટ્રિક સર્કિટના ઓવરહેડ સેકન્ડરી સેલ્સની ફેરબદલી અને ઝાંસી ડિવિઝનમાં સ્થાપિત પાવર સપ્લાયનું વૃદ્ધિ.

કાર્યનું અંદાજીત ખર્ચ : રૂ: 63545214.87, **અનામત રકમ :** રૂ: 467700/-, **ટેન્ડર ફોર્મની કિંમત :** શૂન્ય, **ટેન્ડર ખોલવાની તારીખ :** 21-06-2024 એ 15:00 કલાક, **સ્વીકૃતિ પત્ર મળવાની તારીખ થી કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો :** 09 મહિના, ટેન્ડર 21-06-2024 એ 15:00 કલાક સુધી ઑનલાઇન જમા કરાવી શકાશે . ટેન્ડર અંગે સંપૂર્ણ માહિતી માટે તેમજ ટેન્ડર પ્રસ્તુતિ માટે કૃપા કરીને ભારતીય રેલ્વેની વેબસાઈટ www.ireps.gov.in (ઉત્તર મધ્ય રેલ્વે /ઝાંસી વિભાગ-એસ એન્ડ ટી) પર જુઓ . 942/24(DG)

North central railways @CPRONCR @northcentralrailway www.ncr.indianrailways.gov.in

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**FOB ની જોગવાઈના સંબંધમાં ટેલીકોમ કામ**

**ટેન્ડર નોટીસ નં. S&T/BRC/23-24/23/TEL-R3** **તા. 28-05-2024**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે કાર્યરત Sr.DSTE/વડોદરા ટેન્ડર નં. SandT_BRC_23-24_23_TEL-R3 ની સામે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. બિડર્સ તેમની અસલ/ સુધારેલી બિડ માત્ર બંધ થવાની તારીખ અને સમય સુધી જમા કરાવવા સમર્થ રહેશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર્સ માન્ય ગણાશે નહીં અને આવી કોઈપણ મેન્યુઅલ ઓફર પ્રાપ્ત થયેલ હશે તો તેને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. (1) **કામનું નામ તેના સ્થળ સહિતઃ** વડોદરા ડિવિઝનઃ અમૃત ભારત સ્ટેશન યોજના (ABSS) હેઠળ (1) અંકલેશ્વર સ્ટેશન ખાતે રેમ્પ/સીડી/લિફ્ટ સહિત 12 m પહોળા FOB ની જોગવાઈ, (2) ભરૂચ સ્ટેશન ખાતે રેમ્પ/સીડી/લિફ્ટ સહિત 12m પહોળા FOB ની જોગવાઈ, (3) ડભોઈ સ્ટેશન ખાતે રેમ્પ/સીડી/લિફ્ટ સહિત 12m પહોળા FOB ની જોગવાઈ, (4) ડેરોલ સ્ટેશન ખાતે રેમ્પ/સીડી/લિફ્ટ સહિત 12 m પહોળા FOB ની જોગવાઈ, (5) કીમ સ્ટેશન ખાતે રેમ્પ/સીડી/લિફ્ટ સહિત 12 m પહોળા FOB ની જોગવાઈ, (6) મહેમદાબાદ સ્ટેશન ખાતે રેમ્પ/સીડી/લિફ્ટ સહિત 12 m પહોળા FOB ની જોગવાઈ, (7) મીયાગામ સ્ટેશન ખાતે રેમ્પ/સીડી/લિફ્ટ સહિત 12 m પહોળા FOB ની જોગવાઈ, (8) પ્રતાપનગર સ્ટેશન ખાતે રેમ્પ/ સીડી/લિફ્ટ સહિત 12m પહોળા FOB ની જોગવાઈ, (9) સાયણ સ્ટેશન ખાતે રેમ્પ/સીડી/લિફ્ટ સહિત 12m પહોળા FOB ની જોગવાઈના કામના સંબંધમાં ટેલિકોમ કામ. (2) **કામની અંદાજીત પડતરઃ** ₹ 90,80,608/- (3) **બીડ સિક્યુરીટી ડિપોઝીટઃ** ₹ 1,81,600/- (4) **ઈ-ટેન્ડર જમા કરાવવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ** તા.20-06-2024 ના 15:00 કલાકે અને તા.20-06-2024 ના 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. (5) **વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે વગેરેઃ** http://www.ireps.gov.in સિનીયર ડિવિઝનલ સિગ્નલ એન્ડ ટેલીકોમ્યુનિકેશન એન્જીનીયર, બીજો માળ, એનેક્ષ બિલ્ડીંગ, ડીઆરએમ ઓફીસ, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004. BRC-056

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## ડાંગ જિલ્લામાં મનરેગા યોજના જાણે ભ્રષ્ટાચારનું ઘર, ડુંગરડા ગ્રામ પંચાયતના મહિલા સરપંચ વિરુદ્ધ ફરિયાદ

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકા પંચાયતમાં સમાવિષ્ટ ડુંગરડા ગ્રુપ ગ્રામ પંચાયતમાં મનરેગા યોજના હેઠળ ભ્રષ્ટાચાર આચરવામાં આવેલ હોય તેવી ફરિયાદ ઊઠવા પામી છે.ત્યારે ગામનાં જાગૃત નાગરિકોએ આ મામલે ડાંગ જિલ્લા કલેકટરને લેખિતમાં ફરિયાદ કરી હતી. તેમજ મનરેગા યોજના હેઠળની કામગીરી બંધ કરવામાં આવે અને સ્થળ તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.વઘઈ તાલુકાનાં (ગીરા) દાબદર ગામ ખાતે ગૃપ ગ્રામ પંચાયત ડુંગરડાનાં મહિલા સરપંચ વસંતીબેન ચૌધરી દ્વારા ગામનો વિકાસ કરવામાં આવેલ નથી.ત્યારે માત્ર કાગળ પર જ કામગીરી બતાવીને મોટા પ્રમાણમાં નાણાની ઉચાપત કરવામાં આવી રહી હોય તેવા આક્ષેપો સાથે ડુંગરડા ગ્રુપ ગ્રામ પંચાયતનાં જાગૃત આગેવાનોમાં ધનજીભાઈ ફતુભાઈ ભોયે અને મુકેશ ઉખરડિયાએ કલેકટરને લેખિત ફરિયાદ કરવામાં આવી છે.ગ્રુપ ગ્રામ પંચાયત ડુંગરડાનાં આગેવાનોમાં ધનજીભાઈ ફતુભાઈ ભોયે અને મુકેશ ઉખરડિયા એ ફરિયાદ કરતા જણાવ્યુ છે કે રિઝર્વ ફોરેસ્ટમાં જે.સી.બી.થી લેવલીંગ કરેલ છે.અને 2022-23માં પ્રો.ફોરેસ્ટમાં જેસીબીથી લેવલીંગ કરેલ છે,જેમાં 1.સતુંભાઈ ફુલજુભાઈ ભુરકુંડ, 2. રમણભાઈ ઈકલભાઈ 3. સુરેશભાઈ શિવાભાઈએ જેસીબીથી લેવલિંગ કરેલ છે.તેમજ સંતુભાઈ કાસ્યાભાઈ ભડાગેને 2022-23 ના વર્ષમાં આંબા કલમ જે મનરેગા યોજના હેઠળ આપવામાં આવ્યા હતા.ત્યારે તે પણ ખર્ચના નાણા ઉપાડી લેવામાં આવેલ છે.ડુંગરડા ગામે એક ખેડૂતના નામે માત્ર ચાર થી પાંચ કલાક કામગીરી કરી પૈસા ઉપાડી લીધેલ છે.વધુમાં જી.આર.એસ.રમેશભાઈ કુંવરનાઓ ગૃપ ગ્રામ પંચાયત ડુંગરડા ખાતે ફરજ બજાવતા હતા.જેથી તેમણે જી.ઓ.ટેક કરેલ હતુ.

## 17-ખેડા લોકસભા બેઠક માટે તા. 04 જૂન, સવારે 08 કલાકથી આઈટીઆઈ પલાણા ખાતે મતગણતરી થશે

ખેડા : અશેષ વ્યાસ

લોકસભા સામાન્ય ચૂંટણી 2024 અંતર્ગત 04 જૂનના રોજ સમગ્ર દેશમાં મતગણતરી યોજાનાર છે. ત્યારે ગુજરાતની ખેડા-17 લોકસભા બેઠક માટે માતરની આઈટીઆઈ પલાણા ખાતે સવારે 08 કલાક થી મતગણતરી શરૂ થનાર છે. જેમાં, ઈલેક્ટ્રોનીકલી ટ્રાન્સમીટેડ પોસ્ટલ બેલટ સિસ્ટમ (ETPBS) ના સ્કેનીંગ, પોસ્ટલ બેલેટની ગણતરી અને ઈ.વી. એમની મતગણતરી કરવામાં આવશે. તથા વીવીપેટની સ્લીપની ગણતરી ઈ.વી.એમની ગણતરી બાદ શરૂ કરવામાં આવશે. કુલ 7 વિધાનસભા મતવિભાગના 7 કાઉન્ટીંગ હોલ તેમજ પોસ્ટલ બેલેટની ગણતરી માટે 2 કાઉન્ટીંગ હોલ કાઉન્ટીંગ સેન્ટર આઈ. ટી.આઈ પલાણા ખાતે તૈયાર કરવામાં આવેલ છે. દરેક વિધાનસભા મતવિભાગમાં વિધાનસભાદીઠ કુલ 14 ટેબલ પર ઈ.વી.એમની મતગણતરી કરવામાં આવશે. જેમાં 1 કાઉન્ટીંગ સુપરવાઈઝર, 1 માઈક્રો ઓબ્ઝર્વર, 1 કાઉન્ટીંગ આસીસ્ટન્ટ મળી કુલ 294 તથા 30 રીઝર્વ કર્મચારીઓની નિમણૂંક કરવામાં આવેલ છે. પોસ્ટલ બેલેટની ગણતરી માટે કુલ 24 ટેબલ બનાવવામાં આવેલ છે. જેમાં 1 એ.આર.ઓ, 1 માઈક્રો ઓબ્ઝર્વર, 1 કાઉન્ટીંગ સુપરવાઈઝર, 2 કાઉન્ટીંગ આસીસ્ટન્ટ મળી કુલ 120 તથા 12 રીઝર્વ કર્મચારીઓની નિમણૂંક કરવામાં આવેલ છે. ETPBSની ગણતરી માટે 1 એ.આર.ઓ, 1 સુપરવાઈઝર તથા 4 કાઉન્ટીંગ આસીસ્ટન્ટની નિમણૂંક કરવામાં આવેલ છે.

## ઓબ્ઝર્વર અભિનવ ચંદ્રાએ અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકના મતગણતરી કેન્દ્રની મુલાકાત લીધી



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

તારીખ 4 જૂનના રોજ સમગ્ર રાજ્યમાં લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત મતગણતરી યોજાનાર છે. રાજ્યભરમાં મતગણતરી કેન્દ્રો તૈયાર કરવાની કામગીરી અંતિમ તબક્કામાં ચાલી રહી છે. ઓબ્ઝર્વર અભિનવ ચંદ્રાએ ૭-અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકના મતગણતરી કેન્દ્રની મુલાકાત લઈને તૈયારીઓની સમીક્ષા કરી હતી. આગામી 4 જૂનના રોજ અમદાવાદની એલ.ડી. એન્જિનિયરિંગ કૉલેજ ખાતે અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકની મતગણતરી થનાર છે. આ મુલાકાત સમયે જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરે, અધિક જિલ્લા ચૂંટણી અધિકારી નેહા ગુપ્તા અને ઝોન -૧ ડીસીપી હિમાંશુ વર્મા સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.ઓબ્ઝર્વરએ મતગણતરી કેન્દ્રની મુલાકાત લઈને મતગણતરી અંગેની વ્યવસ્થાઓ તથા સુરક્ષા વ્યવસ્થા સહિતની તૈયારીઓ નિહાળી હતી તેમજ આ બાબતે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.



આખા દિવસના ઉકળાટ બાદ ચાણસ્મા સહીત પંથકમાં પવન સાથે વરસાદ પડતાં બળબળતી ગરમીમાં ચાણસ્મા પંથકના લોકોએ ઠંડક અનુભવી હતી.
નિતીન ઠાકર (ચાણસ્મા)

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### મફતિયા ચંદન ઘસ બે લાલિયા જેવો ઘાટ: ટૂરિઝમના પાર્કિંગની બાજુમાં જ જિલ્લા પંચાયતની જગ્યામાં ધંધો...

# પાવાગઢ માંચી પર 10 વર્ષથી નકલી પાર્કિંગ, વર્ષે રૂપિયા 4 કરોડનો ધંધો



(એજન્સી) હાલોલ || તા.01

મકસુદ મલિક રાજ્યભરમાં છેલ્લા ઘણા સમયથી નકલીની બોલબાલા વધી રહી છે. સરકારી કચેરી, સરકારી હુકમો, અધિકારી, પોલીસ કે ટોલનાકા ને પીએમઓ અધિકારી પણ નકલી બનીને સરકારના નામે જ બેફામ લૂંટ ચલાવી રહ્યાં હતાં. ત્યારે યાત્રાધામ પાવાગઢમાં માંચી ખાતે પણ આવુ જ એક નકલી પાર્કિંગ હોવાનું બહાર આવ્યુ છે. સામાન્ય રીતે ગુજરાત ટૂરીઝમના તાબામાં આવતુ આ પાર્કિંગ સ્ટેન્ડનું ક્યારે ટેન્ડર થયુ એ તો ખબર નથી. પણ છેલ્લા ઘણા સમયથી આ જ પાર્કિંગની બાજુમાં અને જિલ્લા પંચાયત હસ્તકની જમીનમાં જ સરકારી બાબુઓના આશીર્વાદથી ખુલ્લેઆમ વર્ષોથી પાર્કિંગ ચલાવીને વાહનચાલકો પાસેથી રૂપિયા ખંખેરાઇ રહ્યા છે. જોકે આ કૌભાંડની તપાસ કરાય તો ખબર પડે કે કેટલા મોટા માથાઓ આ કૌભાંડમાં સંડોવાયેલા છે. કારણ આ પાર્કિંગની રોજની આવક જ ગણો તો એક લાખ રૂપિયા કરતાં વધુ છે અને વર્ષે અંદાજિત 4.50 કરોડનો ધિકતો ધંધો કરી આપે છે.

યાત્રાધામ પાવાગઢમાં માચી ખાતે જિલ્લા પંચાયતની જગ્યામાં છેલ્લા દસ વર્ષ ઉપરાંત થી બે રોકટોક ચાલતા નકલી પાર્કિંગ નો પરદાફાશ થવા પામ્યો છે અગાઉ જિલ્લા પંચાયત, ગુજરાત પ્રવાસન નિગમ સહિતના પાર્કિંગ કોન્ટ્રાકટમાં બ્લેકલીસ્ટ થયેલા કોન્ટ્રાક્ટર આણી મંડળી દ્વારા જ આ નકલી પાર્કિંગ ચલાવાતું હોવાનું બહાર આવ્યું છે.

જિલ્લા પંચાયત હસ્તક જગ્યામાં કોઈપણ જાતના કાયદેસરના બોર્ડ, એજન્સી સંચાલકના નામ, પાર્કિંગના નામે વસુલાતી વાહન દીઠ લેવાતી પાર્કિંગ ફીના બોર્ડ પણ દર્શાવાયા નથી. અને માત્ર પે એન્ડ પાર્કિંગ નામે બ્લેન્ક પાવતી પર 30 રૂપિયા ટુ વ્હીલર અને 100 રૂપિયા કાર ના લખેલી તેમજ સહિસિક્કા વગર ની પાવતી બનાવી છે. એટલુ જ નહીં પણ રોજના 1500 થી 2000 હજાર જેટલા યાત્રાળુઓના વાહનો પાર્ક કરાવી રોજ ના એકલાખથી વધુ રૂપિયા એકઠા કરી નકલી પાર્કિંગ ના નેટવર્ક દ્વારા વર્ષ ના અંદાજીત 4.50 કરોડ રૂપિયા ઉઘરાવ્યાં હોવાનું સામે આવ્યું છે.

કોન્ટ્રાક્ટર દ્વારા યાત્રાળુઓના વાહન પાર્ક કર્યા બાદ આપવામાં આવતી પાવતી પર કોઇ પણ જાતના સહિત સિક્કા હોતા નથી. ઉપરાંત પાવતી પણ બ્લેન્ક હોય છે. જેની પર કઇ એજન્સીનું પાર્કિંગ છે ? તેની પણ કોઇ જાતની માહિતી આપવમાં આવતી નથી. અને પાર્કિંગની પાવતી આપીને ઉઘાડી લૂંટ જ કરવામાં આવતી હોય છે.

માંચી ખાતે ગુજરાત ટુરિઝમ દ્વારા તો પાર્કિંગ ફાળવવામાં આવ્યુ જ છે અને તે જમીનમાં તો હાલમાં પાર્કિંગ થઇ જ રહ્યું છે. પરંતુ તેનું પણ ટેન્ડરિંગ કયારે થયુ અને કોને આપ્યો તે વાતથી સૌ કોઇ અજાણ છે. જિલ્લા પંચાયતની જમીનમાં પણ યાત્રાળુઓના વાહનો ઉભા રખાવીને નાણા ખંખેરવાના આ કૌભાંડમાં કોના આશીર્વાદ છે ?

### ન્યૂઝ કોર્નર

## કાર્યવાહી: મગદલ્લા પોર્ટ બહાર કોલસો ગેરકાયદે, GPCB સીલ કરવામાં આવશે

સુરત | મગદલ્લા પોર્ટની બહાર સરાજાહેર ખડકી દેવાયેલા કોલસાના ઢગલા સામે જીપીસીબીના અધિકારીઓએ શુક્રવારે સ્થળ તપાસ કરતા બધા ઢગલાં ગેરકાયદે ખડકી દીધા હોવાનું સામે આવ્યું હતું. જોકે, આ ઢગલાં સિલ કરાયા નહતા. જીપીસીબીએ સિલિંગ માટે વડી કચેરીની મંજૂરી માગી છે. પાલિકા તો ઉંઘતુ જ રહ્યું હતું. કોલસા આયાતકારો મેરિટાઇમ બોર્ડના નિયમો ઘોળીને પી ગયા છે. કેમકે મેરિટાઇમ બોર્ડની શરત છે કે આ કોલસાનો જાહેરમાં સ્ટોક ન કરવો. જીપીસીબીના રિજનલ અધિકારી જીગ્ના ઓઝાએ કહ્યુ કે દંડની કાર્યવાહીનો કોઈ નિયમ નથી અને સિલ કરી શકીએ.

## ખોડિયાર નગર પાસે ધોળે દહાડે ચોર ટોળકી દોઢ લાખની ચોરી

વડોદરા | વાઘોડિયા રોડ બાલાજી નગરના બે મકાનને નિશાન બનાવી ચોર ટોળકી હાથફેરો કરી ગઇ હતી. જ્યારે ખોડિયાર નગર પાસે ધોળે દહાડે ચોર ટોળકી ફ્લેટમાંથી દોઢ લાખની ચોરી કરી ગયા હતા. વાઘોડિયા રોડ બાપોદ પોલીસ સ્ટેશનની પાછળ બાલાજીનગર સોસાયટીમાં રહેતા ચિરાગ નટવરભાઇ તડવી વાઘોડિયા જી.આઇ.ડી.સી.ની આર. આર.કેબલમાં હેલ્પર તરીકે નોકરી કરે છે. ગત તા. ૨૮ મી એ સાંજે તેઓની પત્ની રાજપીપળા પિયરમાં ગઇ હતી. તેઓ ઘરે એકલા હોવાથી રાતે સાડા અગિયાર વાગ્યે તેઓ જમીને અગાશી પર સૂઇ ગયા હતા. તે દરમિયાન ચોર ટોળકી ઘરમાંથી એલ.સી.ડી., રોકડા એક હજાર લઇ ગઇ હતી. જ્યારે પાડોશમાં રહેતા કરશન લલ્લુભાઇ રાઠવાના મકાનમાંથી પણ ચોર ટોળકી રોકડા ૭ હજાર, ટેબલેટ, એક મંગળસૂત્ર અને એક મોબાઇલ ફોન ચોરી ગઇ હતી. તે દરમિયાન તેમના ઘરના દરવાજાનું હેન્ડલ અને ઈન્ટર લોક તોડી ચોર ઘરમાંથી રોકડા ૪૬ હજાર તથા સોનાના દાગીના લઇ ગયા હતા.

# એક્સપ્રેસ વે પર કલાકમાં 2 અકસ્માત

## વડોદરા પાસે અજાણ્યા વાહને બાઈકને ઉલાળ્યું, મમ્મી-પપ્પાનું મોત, બે માસુમ બચ્ચાં; આઈસરને ટક્કર મારી બસ દીવાલમાં ઘૂસી, 8ને ઈજા

(એજન્સી) વડોદરા | તા.01

અમદાવાદ-મુંબઈ એક્સપ્રેસ વે પર વડોદરાના આજવા ચાર રસ્તા પાસે આજે વહેલી સવારે સુરતથી અમદાવાદ તરફ જતા રસ્તા પર અજાણ્યા વાહને બાઈકને ઉલાળતા દંપતીનું મોત નીપજ્યું હતું. જ્યારે તેમના બે બાળકોને ઈજા પહોંચતા સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડાયાં છે. એક કલાક પછી આ અકસ્માત જોવા અમદાવાદથી સુરત તરફ જતા રસ્તા પર એક ચાલક આઈસર ટ્રક બંધ કરી દોડી આવ્યો હતો. જો કે, બંધ આઈસરને પાછળથી એક લક્ઝરી બસે ટક્કર મારતા બેલેન્સ ગુમાવ્યું હતું અને બસ ડિવાઈડર કુદાવી સ્ટુડિયોની દીવાલમાં ઘૂસી ગઈ હતી. આ અકસ્માતમાં 7થી 8 મુસાફરોને ઈજા પહોંચી હતી.

પહેલા અકસ્માતમાં અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારતા મા-બાપનું મોત થયું હતું જ્યારે તેમના બે માસુમ બાળકોના એવા દૃશ્યો સામે આવ્યા છે કે, ભલભલાને કંપારી છૂટી જાય. એક તસવીરમાં તો માતાના મૃતદેહની બાજુમાં ઈજાગ્રસ્ત તેનો લાડકવાયો પુત્ર જોવા મળે છે. આ દૃશ્ય જોઈ લોકોની આંખોમાં આંસુ આવી ગયા હતા. જ્યારે બીજી એક તસવીર છે એમાં તો બાળકો 108 એમ્બ્યુલન્સમાં સારવાર લેતા જોવા મળી રહ્યા છે. ત્રીજી તસવીરમાં બાઈકચાલક યુવાનના માથાના કુરચેકુરચા નીકળી ગયા હોય તેવું જોવા મળી રહ્યું છે. ટ્રાફિક એસીપી જે.આઈ. વસાવાએ જણાવ્યું હતું કે, આજે સવારે 6.20 વાગ્યે સુરત તરફથી અમદાવાદ તરફ જતા હાઈવે પર બાઈક સવાર દંપતી તેમનાં બાળકો સાથે જતું હતું. ત્યારે અજાણ્યા વાહને તેને અડફેટે લેતા દંપતીનું મોત થયું છે. આ દંપતીની ઓળખ થઈ જતા દાહોદથી તેમનાં સગાંવહાલાંને બોલાવી લીધા છે. જ્યારે તેમનાં બે બાળકોને ઈજા પહોંચતા બન્નેને સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં છે. આ ઘટનાના એકાદ કલાક પછી અમદાવાદથી સુરત તરફ જતા એક્સપ્રેસ વે પર એક લક્ઝરી બસે ટ્રકને પાછળથી ટક્કર મારી હતી. બાદમાં લક્ઝરી બસ ડિવાઈડરમાં લોખંડની રેલી તોડી અને લક્ષ્મી સ્ટુડિયોની દીવાલમાં ઘૂસી ગઈ હતી. આ અકસ્માતમાં ટ્રકચાલકને ઈજા પહોંચતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યો છે. જ્યારે બસના ચાલકને પણ ઈજા પહોંચી છે. જ્યારે બસની અંદર રહેલા મુસાફરોને નાની-મોટી ઈજા પહોંચતા સ્થળ પર 108 દ્વારા પ્રાથમિક સારવાર આપી છે.



### બસની અંદર રહેલા મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા હતા

અકસ્માતથી બસની અંદર રહેલા મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા હતા અને બચાવો.. બચાવોની બૂમોથી એક્સપ્રેસ વે ગુંજી ઊઠ્યો હતો. જો કે, સદનસીબે આ અકસ્માતમાં મોટી જાનહાનિ પહોંચી નથી. ફાયર વિભાગે બસમાંથી 30 મુસાફરોનું રેસ્ક્યૂ કરી તેમનો જીવ બચાવ્યો હતો. બનાવને લઈને એક્સપ્રેસ વે પર થોડીવાર ટ્રાફિક પણ થયો હતો. જો કે, જાણ થતાં જ ચાર 108 એમ્બ્યુલન્સ, ઈઆરસી અને પાણીગેટ ફાયરની ટીમો તેમજ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે ટ્રાફિક ક્લિયર કરાવ્યો હતો અને હાલ રાબેતા મુજબ વાહનો પસાર થઈ રહ્યાં છે.

### 6 વાગ્યાની આપસપાસ કોલ મળ્યો: ફાયર ઓફિસર

પાણીગેટ ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર અમિત ચૌધરીએ જણાવ્યું હતું કે, ઘટનાનો કોલ સવારે 6 વાગ્યા આસપાસ મળ્યો હતો. આજવા ચાર રસ્તા પાસે સુરત તરફ જવાના રોડ ઉપર આ ઘટના બની હતી. જેમાં એક આઈસર ટેમ્પા સાથે બસનું અથડામણ થયું અને બસ સર્વિસ રોડ ઉપરથી ગટરની તરફ ઘૂસી ગઈ હતી, જેમાં પેસેન્જરો બધા સહી સલામત છે, નાની-મોટી ઈજા થવા પામી છે. આ બસ રાજસ્થાનથી સુરત તરફ જતી હતી જે સ્લીપર બસ છે. જે પલટી માર્યો એ આઈસર ટેમ્પાને અત્યારે પોલીસની મદદથી ઊંચકી સાઈડ પર રાખ્યો છે. બધા પેસેન્જરો સહી સલામત છે, કોઈ જાનહાનિ નથી. પેસેન્જરના સામાન પોલીસ દ્વારા સંભાળવામાં આવ્યા છે. કોઈ નાનો મોટો સામાન રહી ગયો હશે તો તપાસ કરી, પેસેન્જરની ઓળખ કરી પોલીસના માધ્યમથી સામાન મૂળ માલિકને આપવામાં આવશે.સ્લીપર બસના લગભગ 30થી 35 પેસેન્જરોને રેસ્ક્યૂ કર્યા છે.

# સુરતમાં અંગત અદાવતમાં હત્યા

## કડોદરામાં ગેસ સિલિન્ડરને લઈને થયેલા ઝઘડામાં પિતા-પુત્રને ચપ્પુના ઘા ઝીંકાયા, પુત્રનું મોત, બે આરોપી સુરતથી ઝડપાયા

(એજન્સી) સુરત | તા.01

સુરતના કડોદરા જીઆઈડીસી વિસ્તારમાં ગેસ સિલિન્ડરને લઈને થયેલા ઝઘડામાં પિતા-પુત્રને ચપ્પુના ઘા ઝીંકી દેવાયા હતા. જેમાં પુત્રનું મોત નીપજ્યું હતું. આ બનાવમાં બે આરોપીને સુરત ક્રાઈમ બ્રાંચની ટીમે ઝડપી પાડ્યા હતા. ઘટના બાદ પોલીસે અલગ અલગ વિસ્તારોમાં ટીમ મોકલીને તપાસ શરૂ કરી હતી.

સુરતના કડોદરા સ્થિત શ્રીનિવાસ ગ્રીનસિટી સોસાયટી પાસે રાકેશભાઈ ગુણવંતભાઈ મોદી પુત્ર પ્રતિક સાથે કરિયાણાની દુકાન ચલાવી ગુજરાન ચલાવે છે. તેઓએ નજીકમાં રહેતા હરેશ લોખંડેને ગેસનો બાટલો થોડા દિવસ વાપરવા માટે આપ્યો હતો. જેમાં ગત 30 મેના રોજ સવારના સમયે બાટલો પરત માગતા હરેશ ઉર્ફે લોખંડે, સાગર ઉર્ફે કાળુ તથા સિદ્ધાંત ઉર્ફે બાબુરામે પિતા-પુત્ર સાથે ઝઘડો કર્યો હતો. જેમાં પિતા-પુત્રને ચપ્પુના ઘા ઝીંકી દેવાયા હતા. આ બનાવમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત પ્રતિકનું મોત નીપજ્યું હતું. આ બનાવને લઈને કડોદરા જીઆઈડીસી પોલીસ મથકમાં હત્યા અને હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયો હતો

આ બનાવમાં સુરત ક્રાઈમ બ્રાંચની ટીમે ભેસ્તાન રેલવે સ્ટેશન નજીકથી બે આરોપી હરીશ ઉર્ફે લોખંડે સંતોષભાઈ પાનપાટીલ અને સાગર ઉર્ફે કાલુ સંતોષભાઈ પાનપાટીલને ઝડપી પાડ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ આરોપી હરીશ ઉર્ફે લોખંડે અગાઉ કડોદરા પોલીસ મથકમાં હત્યાની કોશિશના ગુનામાં પકડાય ચૂક્યો છે. સુરત ક્રાઈમ બ્રાંચની ટીમે આરોપીઓનો કબજો કડોદરા જીઆઈડીસી પોલીસને સોંપ્યો હતો.



# વિસનગરમાં દુકાન આગળ પડેલી એક્ટિવાને અજાણ્યો ગઠિયો લઈ ફરાર

વિસનગર | વિસનગર શહેરમાં ચોરીની ઘટનાઓ દિવસે ને દિવસે વધતી જાય છે. જેમાં બાઈક અને એક્ટિવા ચોરીના બનાવો વધ્યા છે ત્યારે, વધુ એક એક્ટિવા ચોરીની ઘટના સામે આવી છે. વિસનગર શહેરના માયા બજાર વિસ્તારમાં ધોળે દહાડે દુકાન આગળ ચાવી ભરાવી પડેલા એક્ટિવાને અજાણ્યો ગઠિયો ચોરી કરી ફરાર થઈ ગયો હતો. જે આ ચોરીની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. જેમાં આ બનાવ અંગે એક્ટિવાના માલિકે વિસનગર શહેર પોલીસ મથકમાં ફરિયાદ આપી છે. વિસનગર શહેરના માયા બજાર વિસ્તારમાં કલાનિકેતન સાડી સેન્ટરની દુકાન ધરાવતા અને વિસનગર કોપરસિટી મરચન્ટ એસોસિયેશનના પ્રમુખ કિર્તીભાઈ પટેલે તેમનું એક્ટિવા (નંબર જીજે.02. સી. એ.4383) લઈ દુકાને આવ્યા હતા.

જ્યાં એક્ટિવા હેન્ડલમાં ખામી સર્જાઈ હોવાથી તેમની દુકાનમાં કામ કરતા કારીગરને ગેરેજમાં બતાવવા જવાનું હોવાથી ચાવી એક્ટિવામાં ભરાવી રાખી હતી. જ્યાં દુકાનમાં ગ્રાહક વધુ હોવાથી તકનો લાભ લઈ દુકાન આગળ પડેલા એક્ટિવાને લઈ અજાણ્યો ગઠિયો ફરાર થઈ ગયો હતો.

# કેનેડાના વિઝાના નામે ઇજનેર સહિત 15 સાથે 5 કરોડની ઠગાઇ

(એજન્સી) વડોદરા | તા.01

કેનેડાના સ્ટાર્ટઅપ બિઝનેસ વિઝા અપાવવાના બહાને સરદાર સરોવર નર્મદા નિગમના નિવૃત્ત ડેપ્યુટી એન્જિનિયર સહિત 15 લોકો પાસેથી રૂપિયા 4.97 કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ સી.આઇ.ડી ક્રાઇમમાં નોંધાઈ છે. જેમાં બે ડોક્ટરો સહિત 4 ઠગો સામે છેતરપિંડીની ફરિયાદ બાદ કાર્યવાહી શરૂ થઈ છે. પાંચ વર્ષ સુધી કોઈ વિઝાની કાર્યવાહી ન કરી નાણાં પરત નહીં આપતા ફરિયાદ નોધાઈ હતી. 4 આરોપીઓ પૈકી 2 આરોપી કેનેડા અને અમેરિકા ફરાર થઈ ગયા છે. લક્ષ્મીપુરા રોડ પર રહેતા નવનીત હીરાભાઈ પરીખ સરદાર સરોવર નર્મદા નિગમના નિવૃત્ત ડેપ્યુટી એન્જિનિયર હતા. તેમણે ફરિયાદમાં જણાવ્યું કે, તેઓના પરિચીત વૃદ્ધ પ્રવીણચંદ્ર મણીલાલ સોલંકી અને ડો. નિરવ અંબાલાલ ચૌહાણને વર્ષ 2019માં મારા પુત્ર ધ્રુવને સ્ટુન્ડટ વિઝા પર કેનેડા મોકલવાનો વિચાર કરી રહ્યા હોવાની વાત કરી હતી. ત્યારે ડો. નિરવ ચૌહાણ અને પ્રવીણચંદ્ર સોલંકીએ લાલચ આપી હતી કે તમે જેટલો ખર્ચ તમારા છોકરાના ત્રણ વર્ષના કેનેડામાં અભ્યાસ માટે કરશો તેટલા ખર્ચમાં બિઝનેશ સ્ટાર્ટઅપ વિઝા હેઠળ તમારા આખા ફેમિલીના કેનેડા જઈ પી.આર કેટેગરીના બિઝનેસ સ્ટાર્ટઅપ વિઝા થઈ જશે.

# ડમ્પર રોડ બાજુ પાર્ક કરતા મુખ્ય વીજ લાઇનના તારને અડી જતાં કરંટ લાગતા ચાલકનું મોત થયું

(એજન્સી) ભરૂચ | તા.01

વાગરા તાલુકાના મુલર ગામ નજીક એક ડમ્પરનો ચાલક રોડની બાજુએ ડમ્પર પાર્ક કરવા જતા વીજ વાયર ડમ્પરને અડી જતાં તેને વીજ કરંટ લાગ્યો હતો. જેમાં તેનુ મોત નિપજ્યું હતું.

વાગરા તાલુકાના ગંધારના જૂના દેરાસર ફળિયામાં રહેતા સુલેમાન અલી જત ડમ્પર પર ડ્રાયવિંગ કરે છે. તેઓ ગતરોજ પોતાના કબજાની હાઈવા ડમ્ફર નંબર-GJ 16 W 0038 ની લઈને મુલેર ચોકડીથી દહેજ જતા રોડ વચ્ચે આવેલા ચોગ્લે સોલ્ટ વર્ક કંપની પર ગયા હતાં. તેઓએ કંપની આગળ આવેલા રોડની બાજુમાં પોતાની હાઈવા ડમ્પર પાર્ક કરી રહ્યા હતા. આ સમયે ડમ્પર મેઈન ઈલેક્ટ્રીક લાઈનના વીજ તારને અડી જતા ડમ્પર ચલાવી રહેલા સુલેમાન અલી જતને વીજ શોક લાગતા જ મરણ ગયા હતા.આ અંગેની જાણ વાગરા પોલીસ મથકમાં કરવામાં આવતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



# મિત્રએ બિલ્ડરને હીરામાં રૂ.90 લાખ રોકાવી પ્લોટના નામે 2 કરોડ પડાવ્યા

(એજન્સી) સુરત | તા.01

મહિધરપુરાના બિલ્ડરે મિત્રની વાતમાં આવી હીરામાં 55 લાખનું રોકાણ કરી તે રૂપિયા પાછા લેવાના ચક્કરમાં પ્લોટમાં રોકાણ કરવા જતા 2 કરોડ ગુમાવ્યા છે. બિલ્ડરના મિત્રએ માથાભારે ઝુબેર ઘડીયાળી સાથે મળીને ઠગાઈ કરી હતી.

મહિધરપુરા હેરીટેજ કોમ્પ્લેક્સ ખાતે બિલ્ડર શબ્બીર લોખંડવાલા રહે છે. બિલ્ડર અને હુસૈન દાગીનાવાલા એક સમાજના હોવાથી બન્ને મિત્રતા હતી. વર્ષ 2020માં આરોપી હુસૈન દાગીનાવાલાએ બિલ્ડરને કહ્યું કે, મારો મિત્ર ઝુબેર ઘડિયાળી આફ્રિકામાં હીરાનો મોટો વેપારી છે. મારા હસ્તક હીરા ખરીદી કરો તો સારો નફો થશે. બિલ્ડરે હુસૈનની વાતમાં આવી વર્ષ 2020માં 55 લાખના હીરા લેવા 50 લાખ હુસૈનના માણસ કાલુને આપ્યા અને 5 લાખ સરફરાઝ પટેલને આરટીજીએસ કર્યા હતા. બિલ્ડરે ઉઘરાણી કરી તો હુસૈને હીરાનો માલ વેચાયો નથી કહી વાયદા કર્યા હતા. ડિસેમ્બર-20એ બિલ્ડર પાસે હુસેને આવી કહ્યું કે, આપણો અને ઝુબેરનો કરોડોનો હીરાનો માલ પકડાયો છે. જે હીરાનો માલ છોડાવવા 35 લાખ ભરવા પડશે નહિ તો કસ્ટમ વિભાગ હીરા જમા કરી લેશે.

### બ્રેકિંગ ન્યૂઝ

## અલથાણ ઈકો પાર્કમાંથી 8.55 લાખની વાયર ચોરીમાં 5 ઝબ્બે

સુરત | અલથાણ ઈકો પાર્ક સાઈટના ત્રીજા માળે સ્ટોરરૂમમાંથી તસ્કરોએ કરેલી 8.55 લાખના કોપર વાયરોની ચોરીની ઘટનામાં અલથાણ પોલીસે 5ને પકડી પાડ્યા છે. પકડાયેલા ચોરો આ સાઈટ પર અગાઉ મજૂરીકામ કરી ગયા હતા. આથી વાયરો ઉપર પડેલા હોવાની માહિતી હતી. 28મી તારીખે પાંચેય ચોરોએ ત્રીજા માળેથી આવી 1.5 એમએમ અને 2.5 એમએમના કોપર વાયરો રૂ.8.55 લાખના ચોરી કર્યા હતા. કોન્ટ્રાક્ટર ઓમ દેશમુખે અલથાણ પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે ચોરીનો ગુનો નોંધી 5 ચોરોને પકડ્યા છે.

## મકાનના બારણા સુધી મગર આવી જતા લોકોમાં ગભરાટ ફેલાયો

વડોદરા | વડોદરા નજીક ગામમાં ફરી એકવાર મગર મકાનના બારણા સુધી આવી જતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. ભાઈલી નજીક આવેલા રાયપુરા ગામે ગઈકાલે રાત્રે તળાવ પાસેના એક મકાનની બહાર છ ફૂટનો મગર આવી ગયો હતો. પરિવારજનોનું ધ્યાન જતા તેઓ ગભરાઈ ગયા હતા અને થોડી જ વારમાં લોકોનો ટોળા જામ્યા હતા. બનાવની જાણ ફોરેસ્ટ વિભાગને કરાતા લગભગ પોણો કલાકની જહેમત બાદ મગર નું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. ફોરેસ્ટ ની સાથે ગામ લોકો પણ મદદમાં જોડાયા હતા.

# કાપોદ્રામાં 12 વર્ષની સગીરા પર સાવકા પિતાએ રેપ કર્યો: 4 વર્ષથી કૃત્ય કરતો

(એજન્સી) સુરત | તા.01

કાપોદ્રામાં ભાડેના મકાનમાં રહેતી 12 વર્ષની સગીરા પર સાવકા પિતાએ રેપ કર્યો છે. સગીરા ઘરેથી બહેનપણીને ત્યાં ચાલી ગઈ હતી. આથી માતાએ આ બાબતે પૂછ્યું ત્યારે સાવકા પિતાની ગંદી હરકતોની પોલ ખુલ્લી પડી હતી. કાપોદ્રા પોલીસે સાવકા પિતા રાજુ યાદવની સામે રેપ અને પોક્સો એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી છે. સગીરાએ સાવકા પિતાની ગંદી હરકતો બાબતે બહેનપણીને વાત કરી હતી. સગીરા ઘરે એકલી હોય ત્યારે સાવકો પિતા રૂમમાં આવી રેપ કરતો હતો આવી ગંદી હરકતો છેલ્લા 3-4 વર્ષથી સાવકો પિતા કરતો હતો. બહેનપણીના પતિએ તેને કહ્યું કે મોબાઈલમાં એક એપ્લીકેશન ડાઉનલોડ કર દેજો, પછી ઈન્ટરનેટ ચાલુ કરી મોબાઈલ રૂમમાં ગોઠવી દઈ એપ્લીકેશન ચાલુ કરી દેજો, જેથી હું મારા મોબાઈલમાં તારા પિતાની હરકતો જોઈ શકીશ. રાત્રિના સમયે સગીરા પાસે તેના પિતા આવ્યા અને સગીરા સાથે ગંદી હરકતો કરવા લાગ્યા હતા. જેથી બહેનપણીના પતિએ મોબાઈલમાં સ્કીનશોર્ટ પાડી લીધો હતો. પછી સગીરાએ માતાને આ ફોટો બતાવ્યા હતા. જેમાં આખો મામલો સામે આવ્યો છે.



કતારગામમાં 15 વર્ષની સગીરાને લગ્નની લાલચ આપી 22 વર્ષના યુવકે અપહરણ કરી બળાત્કાર કર્યો છે. યુવક સગીરાનું અપહરણ કરી વિવિધ જગ્યાએ લઈ ગયો હતો. ઉપરથી યુવકે સગીરાના પાડેલા ફોટો સોશ્યિલ મીડિયામાં વાઈરલ કરવાની ધમકી આપી હતી. હાલમાં કતારગામ પોલીસે ગુનો નોંધી 22 વર્ષીય યશ દુલર્ભ ટાંકની સામે રેપ અને પોક્સો એકટની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

# લગ્નપ્રસંગમાં ફાયરિંગ થતાં મહિલા ઈજાગ્રસ્ત: ગેરકાયદેસર રીતે રાખેલા દેશી બનાવટના તમંચા વડે ફાયરિંગ કરાયું...

(એજન્સી) છોટા ઉદેપુર | તા.01

છોટા ઉદેપુર જિલ્લાના મોટી સાંકળ ગામે લગ્નપ્રસંગમાં હાથ બનાવટના તમંચા વડે ફાયરિંગ થતાં એક મહિલા ઈજાગ્રસ્ત થવા પામી છે. આ મહિલાને સારવાર માટે એસ.એસ.જી.હોસ્પિટલ ખસેડવામાં આવી છે. જ્યારે ફાયરિંગ કરનારની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

છોટા ઉદેપુર જિલ્લાના મોટી સાંકળ ગામે લગ્નપ્રસંગ હતો, જેમાં રેણધી ગામના જયેશભાઈ રાઠવા તેમની પત્ની, પિતા તથા શાંતુબેન ગણપતભાઈ રાઠવા તથા તેમના સગા સંબંધી તથા ફળિયાના મળી કુલ 30થી 40 લોકો મામેરું લઈને મોટી સાંકળ ગયા હતા. જ્યાંથી રાત્રે લગભગ અઢી વાગ્યાના અરસામાં પરત ઘરે જવા બે પિકઅપ તથા એક ઇકો ગાડીમાં બેસીને નીકળ્યા હતા.





ત્યારે ત્યાં મોટી સાંકળ ગામનો પ્રવીણભાઈ વિરસિંગભાઈ રાઠવા પણ ડી.જે. સાથે વરરાજાનો શેરો અને ઘોડો લઈને 30થી 40 જણા સાથે નાચતાં નાચતાં મંડપ તરફ આવતો હતો. ત્યારે અચાનક ફટાકડા જેવું ફૂટવાનો અવાજ આવ્યો હતો. પિકઅપ ગાડી (નંબર GJ 34 T 1879)માં બેઠેલા શાંતુબેન ગણપતભાઈ રાઠવાએ બૂમ પાડી કહ્યું કે 'મને લોહી નીકળે છે' એટલે ત્યાં હાજર સવિતાબેન અરવિંદભાઈ રાઠવા તથા અન્યોએ શાંતુબેનને જોતા તેમના જમણા પગના સાથળના ભાગે કોઈ બંદૂકની ગોળી જેવું વાગી આરપાર કાણું પડી ગયું હતું અને લોહી નીકળતું હતું. એટલે જયેશભાઈ રાઠવાએ તાત્કાલિક ડીજે બંધ કરાવ્યું હતું અને પિકઅપ ગાડીમાં જોતા પાછળના ડાલાના બન્ને ભાગોમાં કાણા પડી ગયા હતા.

આ ફાયરિંગમાં ઈજા પામેલા શાંતુબેનને તાત્કાલિક 108 બોલાવી ક્વાંટ સરકારી દવાખાને લાવી પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે વડોદરા એસ.એસ.જી.ખાતે મોકલવામાં આવ્યા છે. આ અંગે ક્વાંટ પોલીસે ગુનો નોંધી મોટી સાંકળ ગામે એફ.એસ.એલ. સાથે વિઝીટ કરતા તમંચા જેવા હથિયાર વડે બનાવ બનેલો હોવાનો અભિપ્રાય આવતા ડી.જે. સાથે વરરાજાનો શેરો અને ઘોડો લઈને આવેલા પ્રવીણભાઈ વિરસિંગભાઈ રાઠવાની પૂછપરછ કરતાં પોતે દેશી હાથ બનાવટનો ગેરકાયદેસર રીતે રાખેલા તમંચા વડે ફાયરિંગ કર્યું હોવાનું કબૂલ્યું હતું. જેને લઈને ક્વાંટ પોલીસે પ્રવીણભાઈ વિરસિંગભાઈ રાઠવાની ઈપિકો તેમજ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટ આગ દુર્ઘટના બાદ સર ટી. હોસ્પિટલના સ્ટાફને ફાયર સેફ્ટીની તાલીમ

(એજન્સી) ભાવનગર | તા.01

રાજકોટની આગ દુર્ઘટના બાદ ફરી શહેરમાં ફાયર સેફ્ટીનું ભૂત ધુણ્ય હોય તેમ તંત્ર ધડાધડ ફાયરસેફ્ટી ના હોય તેવી ઈમારતોને સીલ મારી રહી છે. આ સ્થિતિ વચ્ચે રાજ્યોની હોસ્પિટલોમાં ફાયરસેફ્ટી માટે સરકાર અને તંત્ર સફાળું જાગ્યું છે. આ અંતર્ગત ભાવનગરની સૌથી મોટી સર ટી. હોસ્પિટલમાં પણ ફાયરસેફ્ટી માટે તંત્ર હરકતમાં આવ્યું હોય તેમ ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી આરોગ્ય કમિશ્નર અને નિયામક દ્વારા સર ટી. હોસ્પિટલના અધિકારીઓ સાથે હોસ્પિટલમાં ફાયરસેફ્ટીને લઈને સમિક્ષા કરવામાં આવી છે. રાજકોટની દુર્ઘટના બાદ છેલ્લા સાત દિવસથી સર ટી. હોસ્પિટલના દરેક વોર્ડમાં વર્ગ-૧ની કર્મચારીથી લઈને વર્ગ-૪ના કર્મચારી સુધીના દરેક અધિકારી કર્મચારીઓને ફાયર સેફ્ટીની તાલીમ આપવામાં આવી રહી છે.રાજકોટની દુર્ઘટના બાદ ભાવનગર સહિત રાજ્યની હોસ્પિટલોમાં ફાયરસેફ્ટી માટે સરકાર હરકતમાં આવી છે. ભાવનગરની સૌથી મોટી સર ટી. હોસ્પિટલમાં ફાયરસેફ્ટીને લઈને ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી આરોગ્ય કમિશ્નર અને નિયામક દ્વારા સર ટી. હોસ્પિટલના અધિકારીઓ સાથે ફાયરસેફ્ટીને લઈને સમિક્ષા કરવામાં આવી છે અને આગની દુર્ઘટના ના સર્જાય, અને જો આવી દુર્ઘટના સર્જાય તો તેને પહોંચીવળવા તમામ જરૂરી સંસાધનો સુનિશ્ચિત કરવા આદેશ કરવામાં આવ્યા છે.

## ન્યુઝ ફ્લેશ

### ભવાનીપરની સીમમાં વન્ય જીવનો શિકાર કરે તે પહેલા નૂંધાતડના ત્રણ શિકારી પકડાયા

ભુજ | અબડાસા તાલુકાના કનકપરથી ભવાનીપર સીમમાં શિકાર કરવા નીકળેલા નૂધાતડ ગામના ત્રણ શિકારીઓને પશ્ચિમ કચ્છ એસઓજીની ટીમે એક દેશી બંદુક, ચાર જીવતા કારતુસ, બે છરી, ત્રણ લોખંડના સળીયા, બે ટોર્ચ, ચાર મોબાઈલ, બાઈક અને એક કોથળો, એક બેગ સહિત રૂપિયા ૧,૩૮,૦૬૦ના મુદમાલ સાથે ઝડપી પાડયા હતા. પ્રાપ્ત વિગતો મુજબ અબડાસા તાલુકામાં પેટ્રોલીંગ કરી રહેલા એસઓજીના સ્ટાફને મળેલી બાતમી પરથી કનકપરથી ભવાનીપર ગામ તરફ જતા કાચા રસ્તા પર વોચ ગોઠવીને રાત્રીના પોણા બાર વાગ્યે મોટર સાયકલથી વન્ય જીવનો શિકાર કરવા નીકળેલા અબડાસાના નૂંધાતડ ગામના અનવર સતાર ખલીફા હારૂન મામદ સાડ, હનીફ રમજાન સાડ નામના ત્રણ ઈસમોને હથિયાર સાથે ઝડપી પાડયા હતા.

### આદીપુરના રહેણાંક મકાનમાં એક શખ્સ 1.02 લાખનાં શરાબ સાથે ઝડપાયો

ગાંધીધામ | આદિપુરનાં વોર્ડ નં ૬ - એ, માં રહેણાંક મકાન પર આદિપુર પોલીસે દરોડો પાડયો હતો. જેમાં પોલીસે શખ્સને કુલ ૧.૦૨ લાખનાં શરાબ સાથે પોલીસે ઝડપી પાડયો હતો.આ અંગે મળતી માહિતી અનુસાર ગાંધીધામનાં જોડિયા શહેર આદીપુરમાં આવેલા વોર્ડ નં. ૬ - એ, પ્લોટ નં. ૬૯ માં આદીપુર પોલીસે બાતમી આધારે દરોડો પાડયો હતો. જે દરોડામાં આરોપી જીતેન્દ્ર પરસોત્તમભાઈ ભાટીયા (રહે. મેઘપર બોરીચી અંજાર) ને ભારતીય બનાવટની અલગ અલગ બ્રાન્ડની વિદેશી શરાબની કુલ ૧૦૯ બોટલ, ૩૭૬ મીલી ની ૯૬ બોટલ અને ૨૨૮ ક્વાટરીયા જેની કુલ કિંમત રૂ. ૧,૦૨,૯૮૦ નો મુદ્દામાલ સાથે ઝડપી પાડયો હતો.

### પ્લેટિનમ પ્લાઝા કોમ્પ્લેક્ષના વીજ મીટરમાં આગ ભભૂકી

નડિયાદ : નડિયાદ શહેરમાં આજે આગના બે નાના બનાવો બન્યા છે. નડિયાદ શહેરના હાર્દ સમા વિસ્તારમાં એક મોટા બિલ્ડીંગના પાકગ ઝોનમાં આવેલા મીટરના એક બોક્ષમાં આગ લાગી હતી. તો સિવિલ રોડ પર અંજલી ફ્લેટમાં એક ફ્રીજમાં કોમ્પ્રેસરમાં ધુમાડા નીકળ્યા હતા. બંને સ્થળે ફાયર વિભાગે પહોંચી અને તેના પર કાબુ મેળવ્યો હતો.

શહેરના સ્ટેશન રોડ પર આવેલ પ્લેટેનિયમ પ્લાઝા કોમ્પલેક્ષમા આજે શુક્રવારની સવારે પોણા અગિયાર વાગ્યાની આસપાસ આગ લાગવાની ઘટના બની હતી. કોમ્પ્લેક્ષના પાકગ એરિયામાં ગોઠવાયેલા વીજ મીટર બોક્સ નજીક શોર્ટ સકટ થવાના કારણે આગના તણખા ઝર્યા હતા. જોકે વાહન મુકવા આવેલા સ્થાનિકો ગભરાઈ ગયા હતા અને સમગ્ર બાબતની જાણ નડિયાદ ફાયર વિભાગને કરવામાં આવી હતી.

### પાંચેક દિવસે તો એક વાર શુધ્ધ પાણી આપવા માંગ

# તળાજા : દુષિત પાણીને લીધે મંગેળા ગામમાં ચામડીના રોગો વધ્યા

(એજન્સી) તળાજા | તા.1



તળાજા પાણી પુરવઠા કચેરીના અધિકારીઓની બેદરકારીના પાપે અહીં છાશવારે પીવાનું પાણી આપોની ઉગ્ર માગ સાથે લોકોના ટોળા દોડી આવે છે.આજે તો એ વાતની હદ થઈ ગઈ કે, નિષ્ક્રિય નેતાઓના કારણે મંગેળા ગામની મહિલાઓ પીવાનું પાણી પાંચેક દિવસે એક વખત તો આપોની માગ કરવા દોડી આવી હતી.

બેદરકાર તંત્રની આંખ ખોલતા આક્રોશભેર સ્થાનિક મહિલાઓએ જણાવ્યું હતુ કે, ઉંચડી ગામેથી મંગેળા ગામમાં પાણી આવે છે.તે પાણી લોકોને આપવાના બદલે તળાવ ભરવા માટે વહેવડાવી દેવામાં આવે છે. સુરદાસોને પાણી વહેવડાવી દેતા હોય તેવો વિડિઓ પણ ઉતારીને દેખાડવામા આવ્યો હતો. નેતાઓને ઢંઢોળવા માટે આ વિડિયો વાયરલ પણ કરવામાં આવ્યો હતો.આ ગામના બોર,ડાર, કુવાઓમાં પાણી ખરાબ થઈ ગયા છે અને એ પાણી પીવાના કારણે આખાય ગામના લોકોને ખંજવાળ અને ગુંમડાના રોગએ ભરડો લીધો છે.જો હવે તંત્ર દ્વારા પાંચેક દિવસે પણ એક વખત પાણી આપવામાં નહિ આવે તો ભૂખ હડતાળ કરીશુંની ચીમકી આપવામાં આવી છે.

ગામના વહિવટદારને પાણી માટે રજુઆત કરાઈ હતી પરંતુ તેઓએ પાણી પુરવઠા કચેરીને જાણ જ કરી ન હતી ! નો ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો.અધિકારીઓ પણ ટોળાની ભાષા જ સમજતા હોય તેમ એક મહિનાથી પાણી ન આપી શકનાર તંત્રએ કલાકોમાં પાણી મળી જશેની ખાત્રી આપી હતી.

## લીંબાસી પીએસઆઇ ઉપર ગાડી ચઢાવી દેવાનો નિષ્ફળ પ્રયાસ

(એજન્સી) નડિયાદ | તા.01

લિંબાસી પોલીસના જવાનો રોડ બંધ કરાવવાની પોતાની ફરજ પર હાજર હતા, તે દરમિયાન તેમની સાથે માથાભારે મફા ડોન અને તેના સાગરીતોએ હુમલો કર્યો અને પી.એસ.આઈ. પર તો ગાડી ચઢાવી દેવાનો પ્રયાસ કર્યો. આટલે ન રોકાતા પોલીસને ધમકી પણ આપી હતી. જે મામલે પોલીસે ૨ જુદી-જુદી ફરીયાદ નોંધી આરોપીઓ સામે પગલાં લેવાની તજવીજ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ લીંબાસી ચોકડીથી તારાપુર ચોકડી વચ્ચે તબક્કાવાર સીસી રોડની કામગીરી ચાલુ હોવાથી કલેક્ટર દ્વારા અહીંયા વાહનોની અવરજવર માટે પ્રતિબંધ મૂક્યો હતો. સ્થાનિક લીંબાસી પોલીસના માણસો પરીએજ ગામના બસ સ્ટેન્ડ નજીક ગતરોજ સાંજે ટ્રાફિકની સમસ્યા નિવાર માટે ઉભા હતા. આ દરમિયાન મફત વજાભાઈ ભરવાડ નંબર વગરની થાર કાર લઈને આવ્યા હતા?. આ કારમાં ગોવિંદ છગનભાઈ મારવાડી પણ હાજર હતા. આ મફત ભરવાડની કારને આગળ જતાં પોલીસે અટકાવી હતી. જેથી ચાલક મફતે કારમાંથી ઉતરી તમે કેમ મોટી ગાડીઓને જવા દેતા નહીં તેમ કહી ગાળાગાળી કરી હતી.

### અનિચ્છનીય બનાવની સંભાવના : આરટીઓ તંત્રનું ચેકીંગ

# રો-રો ફેરી સર્વિસમાં ઓવરલોડ વાહનોની જોખમી હેરફેર સામે તંત્ર જાગ્યું




(એજન્સી) ભાવનગર | તા.01

ઓન રોડ વાહન ચેકીંગમાં ઓવરલોડ વાહનો પકડાઈ જવાની બીકે ઘોઘાથી હજીરા વચ્ચે ચાલતી રો-રો ફેરી સર્વિસમાં આવા ઓવરલોડ વાહનોની હેરફેર થતી હોવાની વિગતો આર.ટી.ઓ. તંત્ર સામે આવી છે. જેથી તે અંગે સઘન ચેકીંગ હાથ ધરવામાં આવશે અને રો રો ફેરીના મેનેજરને પણ પત્ર લખી આ બાબતે અવગત કરાયા છે.ભાવનગર ઘોઘા બંદરથી હજીરા સુરત વચ્ચે રો રો ફેરી સેવા કાર્યરત છે અત્રેની કચેરીને મળેલ માહિતી અન્વયે રો રો ફેરી દરમ્યાન વપરાશમાં લેવાતા જહાજોમાં માલવાહન વાહનો જેવા કે ડેમ્પર તથા બસોની પણ હેરાફેરી થતી હોય છે આ હેરાફેરી અલંગ, ભાવનગર ખાતેથી હજીરા, સુરત જતાં તેમજ પરત આવતા જહાજોમાં પરીવહન થતાં વાહનમાં જે માલ લોડ અનલોડ થાય છે તે માલવાહક ટ્રકમાં ટ્રકની ભારવહન ક્ષમતા કરતાં વધુ માલ ભરી ઓવરલોડીંગ ટ્રકની હેરાફેરી થતી હોવાની રજૂઆત મળેલ છે. જે અન્વયે અત્રેની કચેરીના મોટર વાહન નિરીક્ષક દ્વારા ઓવરલોડીંગ બાબતે સઘન ચેકિંગની કામગીરી હાથ ધરેલ છે.

ભાવનગર ઘોઘા બંદરથી હજીરા, સુરત વચ્ચે રો-રો ફેરી સેવા દરમ્યાન આવા વધુ પડતા ઓવરલોડીંગને કારણે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જહાજમાં વાહનની ભારવહન ક્ષમતા જેટલા વજનનો માલ ભરેલ હોય તેવી જ ટ્રકની હેરાફેરી થાય તે મુજબની તકેદારી રાખવા તથા મોટરવાહન કાયદા, સેન્ટ્રલ મોટર વ્હીકલ નિયમ તથા ગુજરાત મોટર વ્હીકલ નિયમોનું પાલન કરાવવું જરૂરી જણાયું છે. ઓવરલોડ વાહનોની જોખમી હેરફેરથી રો રો ફેરીનું જહાજ પણ મધ દરિયે મુશ્કેલીમાં મુકાય જાય તેવી ઘટના ન ઘટે તે હેતુ હકિકત સામે આવતા આર.ટી.ઓ. દ્વારા આ મુદ્દે સજાગતા રાખી યોગ્ય પગલા આપવા સહિતની બાબતોને લઈ રો રો ફેરી સર્વિસના મેનેજર ડી.જી.સી. કનેકટને પત્ર લખી જાણ કરાય છે.



## અગ્નિકાંડઃ ભુજમાં સતત ત્રીજા દિવસે ફાયર સેફ્ટીની સઘન તપાસ જારી

(એજન્સી) ભુજ | તા.01

રાજકોટના અગ્નિકાંડ બાદ તંત્ર સફાળું જાગ્યું છે. તાત્કાલીક ધોરણે તમામ સ્થળોએ ચેકિંગ હાથ ધર્યું છે. ભુજમાં પણ જે સ્થળોએ ફાયર સેફ્ટીના સાધનો ન જોવા મળે તે તમામ સ્થળોને સીલ કરવામાં આવી રહ્યા છે. પાલિકા, ફાયર, પોલીસ, પીજીવીસીએલ સહિતના વિભાગોની સંયુક્ત ટીમો દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. આજે સતત ત્રીજા દિવસે ભુજમાં ચેકિંગ હાથ ધરાયું હતું.વિવિધ વિભાગોની સંયુક્ત ટીમો દ્વારા આજે ભુજના ઉમા નગર પાસે આવેલ હોસ્પિટલોમા ચેકીંગ કરવામાં આવ્યું હતું જેમાં ખાસ કરીને ફાયર સેફ્ટી ના સાધનો,આઈસીયુમાં ઈલેક્ટ્રિક વાયરીંગ, પાર્કિંગ વગેરે બાબતો આવરી લેવામાં આવી હતી. અમુક હોસ્પિટલમાં પાર્કિંગની જગ્યાએ ઓફિસ બનાવી લેવામાં આવી છે તો અમુક જગ્યાએ ૧+૨ ફ્લોર ઉપરાંત છત પર કર્મચારીઓના રહેવા માટે પતરાના શેડ પણ બનાવી લેવામાં આવ્યા છે જેનો પણ તપાસ દરમિયાન પર્દાફાશ થયો હતો.



## ડીપીએના ગેટ નં. 15 પાસે જર્જરિત ઈમારતમાં 8 લોકો ફસાયા, તંત્રએ કર્યું રેસ્ક્યુ

(એજન્સી) ગાંધીધામ | તા.01

દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલા ખાતે સીઆઈએસએફ, ડીપીએ અને કટ્ટી બીએન એનડીઆરએફ દ્વારા મેગા મોક ડ્રીલ હાથ ધરવામાં આવી હતી. કાર્ગો બર્થ નંબર ૧૫ ગેટ પાસે ત્યજી દેવાયેલી ઈમારતમાં ભૂકંપ થીમ પર મેગા મોક ડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોકડ્રીલમાં ડીપીએ મેડિકલ ટીમ, ઈફકો, આઈસીજીએસ, આઈઓસીએલ, એસઓજી, આઈબી અને કંડલા મરીન પોલીસ સહભાગી રહ્યા હતા. શરૂઆતમાં, સીઆઈએસએફ કાર્ગો બર્થ નંબર ૧૫ ગેટ ઈન ઈન્ચાર્જે સીઆઈએસએફ કંટ્રોલ રૂમને માહિતી આપી હતી કે ભૂકંપના કારણે બર્થ નંબર ૧૫ ગેટ પાસેની ઈમારત પડી ગઈ હતી અને ૮ પીડિતો ફસાઈ ગયા હતા. તદનુસાર, કંટ્રોલ રૂમ ઈન્ચાર્જે તાત્કાલિક તમામ સંબંધિત એજન્સીઓને સક્રિય કરી અને યુનિટ કમાન્ડર, અધ્યક્ષ, નાયબ અધિકારીને તેની જાણ કરી. ચેરમેન, ડે. સંરક્ષક, મુખ્ય ઈજનેર, મુખ્ય મિકેનિકલ ઈજનેર, ટ્રાફિક મેનેજર, મુખ્ય તબીબી અધિકારી, સિગ્નલ સ્ટેશનના ઈન્ચાર્જ, ડીપીએ ફાયર અને જિલ્લા વહીવટીતંત્રએ હરકતમાં આવીને વડોદરા જાણ કરવી, દુર્ઘટના સ્થળને કોર્ડન કરવું.




## ભુજ એક્સિસ બેન્કના મહિલા કર્મચારીએ ગોલ્ડ લોનના નામે 33 લાખની ઠગાઇ કરી

(એજન્સી) ભુજ | તા.01

ભુજની જયુબિબી સર્કલ પાસે આવેલી એક્સિસ બેન્ક સાથે ટાયબ સિમ્પલ પે ફાયનાન્સ કંપની પાસથી આઈઆઈએફએલ ફાયનાન્સમાં ચાલુ ગોલ્ડ લોન એક્સિસ બેન્કમાં ટ્રાન્સફર કરવાની પ્રોસેસ કરી લોન પેટે રૂપિયા ૩૫ લાખ મેળવીને ખુદ ભુજ એક્સિસ બેન્કના મહિલા કર્મચારીએ એક્સિસ બેન્કમાં ૨ લાખ જમા કરાવી ગોલ્ડ જમા ન કરાવીને રૂપિયા ૩૩ લાખની ઠગાઈ કરતાં આરોપણ મહિલા સામે ભુજ એ ડિવિઝન પોલીસ મથકમાં ચારસોવીસીની ફરિયાદ નોંધાવાઈ છે. પ્રાપ્ત વિગતો મુજબ જામનગર રહેતા ચિરાગભાઈ મહેશભાઈ લાંબાની ફરિયાદને ટાંકીને પોલીસે જણાવ્યું હતું કે, બનાવ ગત ૧૯ જાન્યુઆરીથી આજ દિવસ દરમિયાન બન્યો છે. ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ સહિબંધુ ફિનટેક પ્રા.લી. કંપનીમાં અધિકૃત ઓફિસર તરીકે ફરજ બજાવે છે. તેમની કંપનીનું મુખ્ય કામ પાર્ટનર બેંકમાં ગોલ્ડ લોનના ગ્રાહકોને રીફર કરવાનું છે. જ્યારે કોઈ ગ્રાહકને તેમની ગોલ્ડ લોન બંધ કરવાની હોઈ અને તેમની પાસે મુળી ન હોય તો, ફરિયાદીની કંપનીનો સંપર્ક કરે છે.



## નર્મદા કેનાલ રીપેરીંગ અર્થે બંધ થતાં રાપર શહેરને હવે દર 3-4 દિવસે પાણી મળશે

(એજન્સી) ભુજ | તા.01

વાગડ વિસ્તારના રાપર તાલુકાથી પસાર થતી કચ્છની નર્મદા કેનાલમાં બે મહિના માટે રિપેરીંગના કામ માટે પાણી બંધ થતાં જેના પગલે પાણીની સમસ્યા સર્જાઈ છે. એટલે આગામી દિવસોમાં સામખીયાળી ખાતેના સમ્પથી રાપર તાલુકાના ૯૭ ગામ અને ૨૨૭ વાંઢ વિસ્તારમાં અને રાપર શહેરને પાણી દર ત્રણ દિવસે પાણી વિતરણ વ્યવસ્થા કરવામાં આવશે. રાપર શહેરને હાલ આઠ એમએલડી પાણીની જરૂરિયાત છે તેની સામે પાણી પુરવઠા બોર્ડ દ્વારા દર બીજા દિવસે પાંચ એમએલડી પાણી આપવા ની હૈયાધારણા આપી છે પરંતુ ગત વર્ષે પણ પાંચ એમએલડી ની જગ્યાએ ત્રણ સાડા ત્રણ એમએલડી પાણી આપવા મા આવ્યું હતું જના લીધે રાપર શહેર મા દર ત્રણ ચાર દિવસે પાણી મળતુ હતું એવી જ પરિસ્થિતિ આ વર્ષે પણ ઉભી થાય તેમ છે. જો પાંચ એમએલડી પાણી આપવામાં આવે તો પણ દર ત્રણ ચાર દિવસે પાણી વિતરણ રાપર શહેરમાં થાય સાત વોર્ડ ધરાવતા રાપર શહેરની ચાવીસ હજારની વસ્તી ને ફરી થી પાણી સમસ્યાનો સામનો કરવો પડે તેમ છે તો રાપર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં તો અઠવાડિયે પાણી મળે તો લોકો માટે સારુ કહેવાય.

## ભાવનગરમાં ફાયર સેફ્ટીના મામલે મનપાએ સીલ મારવાની કાર્યવાહી કરતા વેપારીઓનો ઉગ્ર વિરોધ

(એજન્સી) ભાવનગર | તા.01

ભાવનગર શહેરમાં ફાયર સેફ્ટીના મામલે મહાપાલિકા દ્વારા અગાઉ કામગીરી કરવામાં આવી હતી પરંતુ ત્યારબાદ થોડા દિવસ કોઈ કારણસર કામગીરી બંધ રાખી હતી. રાજકોટ અગ્નિકાંડની ઘટના બાદ મહાપાલિકાના તંત્રએ ફરી ફાયર સેફ્ટીના મામલે કડક કામગીરી હાથ ધરી છે અને જે મિલ્કતમાં ફાયર સેફ્ટી ન હોય તેવી કેટલીક મિલ્કતોને સીલ માર્યા હતાં. બિલ્ડીંગ સહિતની મિલ્કતોને સીલ મારવામાં આવતા આજે શુક્રવારે ભાવનગરના વેપારીઓએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો અને દુકાનો બંધ રાખી રોષ ઠાલવ્યો હતો. ફાયર સેફ્ટીની સમજ આપવા અને સાધનો નખાવવા માટે સમય આપવા વેપારીઓની માંગણી કરી હતી. રાજકોટ અગ્નિકાંડની ઘટના ગત શનિવારે બની હતી અને ત્યારબાદ ભાવનગર મહાપાલિકાએ ફાયર સેફ્ટીના મામલે કડક કામગીરી હાથ ધરી છે.

જે બિલ્ડીંગોમાં ફાયર સેફ્ટી ન હોય તેને સીલ મારવામાં આવ્યા હતાં. ગત ગુરૂવારે રાત્રીના હલુરીયા વિસ્તારમાં મહાપાલિકાના ફાયર વિભાગે તપાસ હાથ ધરી હતી અને એક બિલ્ડીંગને સીલ માર્યુ હતુ તેથી વેપારીઓમાં રોષ ફેલાયો હતો. આજે શુક્રવારે હલુરીયા, દિવાનપરા, વોરાબજારમાં વેપારીઓ ભેગા થયા હતા અને ફાયર સેફ્ટીના મામલે સીલ મારવાની કામગીરી કરવામાં આવે છે તેનો ઉગ્ર વિરોધ કર્યો હતો.

### રાજકોટની ઘટના બાદ ભાવનગરમાં ત્રીજી પોલીસ ફરિયાદ

# તંત્રનો તમાશો : પરવાનગી-લાઈસન્સ વિના ટેરોર ગેમીંગ ઝોન ધમધમતું રહ્યું

(એજન્સી) ભાવનગર | તા.01

રાજકોટના અગ્નિકાંડની ઘટના બાદ સફાળા જાગેલા સરકારી તંત્રે તાબડતોડ સીલ મારી દીધા બાદ હવે છૂટેલા આદેશને લઈ માનવ જિંદગી સાથે 'ગેમ' રમતા સંચાલકો સામે પોલીસ ફરિયાદ નોંધાવવાનું શરૂ કર્યું છે. જેને અનુલક્ષી રાજકોટની ઘટનાને છ દિવસ બાદ ભાવનગરમાં સંસ્કાર મંડળ ખાતે આવેલા ટેરોર ગેમીંગ ઝોનના સંચાલકને કાનૂની ગાળિયા લઈ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ ગેમીંગ ઝોન ચલાવનારા શખ્સે ફાયર એનઓસી તો ઠીક પરવાની કે લાયસન્સ લીધા વિના જ સીધું ગેમીંગ ઝોન શરૂ કરી દીધું હતું. તેમ છતાં ભાવનગરનું નિષ્ઠુર તંત્ર આટલા સમય સુધી તમાશો જોતું રહ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટમાં ગત ૨૫મી મેના રોજ ટીઆરપી ગેમઝોનમાં આગના તાંડવમાં ૨૮થી વધુ માસૂમ જિંદગી ભડથૂં થઈ ગઈ હતી. આ હૃદયદ્રાવક ઘટના બાદ ભાવનગરમાં આવેલા તમામ ગેમઝોનને બંધ-સીલ મારવાની કાર્યવાહી થઈ હતી. જેમાં ગત તા.૨૬-૫ના રોજ શહેરના સંસ્કાર મંડળ ખાતે આવેલા ટેરોર ગેમીંગ ઝોનને ફાયર વિભાગે સ્થળ વિઝિટ કરી ફાયર એનઓસી, ધ ગુજરાત પોલીસ એક્ટ-૧૯૫૧ની કલમ ૩૩ અનુસાર કલેક્ટર કચેરી-ભાવનગરની પરવાનગી મેળવી ન હોય તેમજ ક્ષેત્રફળ મુજબ મહત્તમ વહન ક્ષમતા જાહેરમાં નિર્દેષિત કરી ન હોવાનું જણાઈ આવ્યું હતું. આ ઉપરાંત ગેમઝોનમાં ઘણાં સમયથી ગવર્મેન્ટ ઓથોરિટીના જરૂરી નિર્દેશ નિયમોનું પાલન પણ ન કરવામાં આવતું હોવાથી ગેમીંગ ઝોનને સીલ મારી દેવામાં આવ્યું હતું. આમ, ગેમીંગ ઝોનના સંચાલકે માનવજીવન અને સલામતી જોખમાય તેવું બેદરકારીભર્યું કૃત્ય કરી પરવાનો/લાઈસન્સ મેળવ્યા વિના જ નીતિ-નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કર્યું હોય, ટેરોર ગેમીંગ ઝોનના જવાબદાર સંચાલક સામે આજે શુક્રવારે ભાવનગર ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસના સિનિયર ફાયરમેન મનીષભાઈ હિંમતલાલ રાજ્યગુરૂ (ઉ.વ.૫૩, રહે, તખ્તેશ્વર હાઈટ્સ, ભરતનગર ચોકડી, એચ વીંગ, માળનાથ મકાન નં.૧૦૪)એ સ્થાનિક નિલમબાગ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૩૩૬ અને જીપીએ ૧૩૧ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## આણંદ જિલ્લાના મહીકાંઠાના ગામોમાં નીલગાયનો શિકાર કરતી ટોળકી સક્રિય

(એજન્સી) આણંદ | તા.01

આણંદ, બોરસદ અને આંકલાવ તાલુકાના મહીકાંઠાના ગામોમાં છેલ્લા કેટલાક સમયથી નીલ ગાયોનો શિકાર કરતી ટોળકી સક્રિય થઈ હોવાની ફરિયાદો ઉઠી છે. આ ટોળકી મધ્યરાત્રિના સુમારે વાહનોમાં સજ્જ થઈ ખેતરમાં પહોંચી જઈ નીલ ગાયોનો શિકાર કર્યા બાદ માંસની જ્યાફત માણતી હોવાનું જાણવા મળ્યું છે.મહીકાંઠાના ત્રણોલ, વહેરાખાડી, રાસ, ગંભીરા, કહાનવાડી, કુંજરાવ સહિત કોતર વિસ્તારમાં નીલ ગાયોના ઝુંડ વિહરતા હોય છે અને ખેડૂતોના ઉભા પાકને વ્યાપક નુકસાન પહોંચાડતા હોય છે. હાલ ઉનાળુ બાજરી સહિતના ઉભા પાકને નીલ ગાયોના ઝુંડ સોંથ વાળી દેતા ખેડૂતોને આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. જો કે છેલ્લા કેટલાક સમયથી આ વિસ્તારમાં નીલ ગાયોને શિકાર બનાવતી ટોળકી સક્રિય થઈ છે. આ ટોળકી મધ્યરાત્રે જીપ કે ખુલ્લા વાહનમાં સવાર થઈ આવે છે અને બંદુકથી નીલ ગાયોનો શિકાર કર્યા બાદ વાહનમાં ભરી લઈ જતા હોવાની બુમો ઉઠી છે. બાદમાં નીલ ગાયના માંસની જ્યાફત માણવામાં આવતી હોય છે.

## આપનો આજનો દિવસ


**મેષ (અ,લ,ઇ)**
આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. તમારા સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે અને તમે તેમની બધી ભૂલોને માફ કરવા માટે તૈયાર છો.


**વૃષભ (બ,વ,ઉ)**
લાંબા સમય પછી આજે તમને કોઈ સારા સમાચાર મળશે. મહત્વપૂર્ણ કાર્ય પૂરા થતાં લાભદાયી તકો પ્રાપ્ત થશે.


**મિથુન (ક,છ,ઘ)**
તમે ક્યારેય કાર્યક્ષેત્રમાં થતાં ફેરફારોથી ડરતા નથી. પરંતુ, આજે સરકાર કે તંત્ર તરફથી કેટલાંક બદલાવ આવી રહ્યા છે જે તમને ખૂબ પરેશાન કરી શકે છે.


**કર્ક (ડ,હ)**
તમે હંમેશાં બીજાના ભરોસે બેઠા છો. જો બીજા લોકો કાર્ય કરશે તો જ તમે કામ કરશો. તમારે આજે આ ટેવ બદલવી પડશે. નહીં તો તમે ઘણું ગુમાવશો. જે તમને નુકસાન પહોંચાડી શકે છે.


**સિંહ (મ,ટ)**
આજે તમે અનેક પ્રકારની મૂંઝવણોમાં રહેશો. એકતરફ તમારા પ્રેમી અથવા પ્રિય વ્યક્તિ માટે કોઈપણ વસ્તુ અથવા ભેટ ખરીદવાની ઉતાવળ થશે.


**કન્યા (પ,ઠ,ણ)**
સમાજસેવા એક એવું ક્ષેત્ર છે જ્યાં તમારી બમણી પ્રગતિ થશે. જો તમે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા છો તો સારી વાત છે. આજે તમને ઘણી તક મળશે.


**તુલા (ર,ત)**
આજે કેટલાંક લોકો તમારા કામમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તમે નારાજ થઈ શકો છો અને તમારા કાર્યો પૂરા કરતા પહેલા જ તે છોડી શકો છો.


**વૃશ્ચિક (ન,ય)**
આજે તમે તમારા મિત્રો અને પ્રિયજનો માટે ખૂબ ચિંતા કરી શકો છો. તમારું કાર્ય છોડીને તમે અન્ય લોકો સાથે તેમના કોઈ કાર્યમાં ભાગ લઈને તમારો કિંમતી સમય બગાડો છો.


**ધન (ભ,ધ,ફ)**
તમારું મન સંત સાથેની મુલાકાતથી ખુશ રહેશે. તમે ગુસ્સે થશો ત્યારે પણ ગુસ્સો નહીં આવે. આની મદદથી તમે ખરાબ વાતાવરણને વધુ સારું બનાવી શકશો.


**મકર (ખ,જ)**
આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે.


**કુંભ (ગ,શ,સ)**
આજે તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો નહીં તો તમારી કરુણા અને ઉદારતા તમને મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.


**મીન (દ,ચ,ઝ,થ)**
આજે કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2080, વૈશાખ વદ-10

# જમ્મુ-કાશ્મીરમાં ભારે મતદાનનો મતલબ

લોકસભા ચૂંટણીના સમુદ્ર મંથનમાં જ્યાં કેટલાક નેતાઓની ઝેરી ટિપ્પણીઓએ રાજકીય પરિદ્દશ્યને દૂષિત કરવાનું કામ કર્યું તો જમ્મુ-કાશ્મીરથી આવેલા સમાચારોથી આ મંથનમાં કેટલાંક રત્ન અને અમૃત કળશ પણ નીકળ્યા. એક સમય હતો જ્યારે રાજ્યની રાજનીતિ પર કુંડલી મારીને બેસી ગયેલા કેટલાક પરિવારોના નેતા ગુપકાર રોડના બંગલેથી દેશને ધમકાવી રહ્યા હતા કે જો મોદી સરકારે કલમ ૩૭૦ને ખતમ કરવાનો પ્રયાસ પણ કર્યો તો કાશ્મીરની જનતા ઉકળી ઉઠશે અને આખા રાજ્યમાં લોહીની નદીઓ વહેશે. એ વાત અલગ છે કે ઓગસ્ટ ૨૦૧૯માં જ્યારે મોદી સરકારે કલમ-૩૭૦ અને ૩૫-એનો સફાયો કરી દીધો ત્યારે કોઈએ ચૂં-ચાં ન કર્યું! આખી દુનિયાએ જોયું કે આટલા મોટા બદલાવ બાદ પણ કાશ્મીરમાં ના તો કોઈએ પથ્થર ફેંક્યા કે ના કોઈ હડતાલ થઈ. હવે કલમ ૩૭૦ હટ્યાના પાંચ વર્ષ બાદ થઈ રહેલ પહેલી લોકસભા ચૂંટણીમાં કાશ્મીર ઘાટીની જનતાએ મતદાનમાં જે પ્રકારે ઉત્સાહથી ભાગ લીધો, તેણે દુનિયાને ચોંકાવી દીધી છે. ગઈ સદીના આખરી દાયકામાં આ જ જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણીઓ દરમ્યાન એ પણ જોવા મળ્યું હતું કે શ્રીનગરના એક પોલિંગ બૂથની બહાર મૂકેલ એક કલર ટીવી સાથે આતંકવાદીઓનું એક પોસ્ટર લાગેલું હતું, જેના પર લખ્યું હતું - 'આ બૂથ પર પહેલો વોટ નાખવાની હિંમત કરનાર વોટરને આ ટીવી ઇનામમાં મળશે.' જ્યારે આ વખતની ચૂંટણીમાં અલગતાવાદીઓની રાજધાની બની ગયેલા શ્રીનગરમાં ૨૦૧૯ના ૧૪.૪ ટકાના મુકાબલે ૩૮.૫ ટકા કાશ્મીરી મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો. હિંસાના સમાચારોના કેન્દ્રમાં રહેનારા અનંતનાગ અને બારામુલાએ ૫૯ ટકાથી વધુ મતદાન કરીને પાછલા ૩૫ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો અને દિલ્હી જેવા મહાનગરથી પણ બાજી મારી લીધી. આ ચૂંટણીઓમાં એક ખાસ વાત એ રહી કે આખી ચૂંટણી અભિયાન દરમ્યાન સમગ્ર કાશ્મીર ઘાટીમાં ના તો ચૂંટણીના બહિષ્કારની એક પણ અપીલ જારી થઈ અને ના એવું કોઈ પોસ્ટર જોવા મળ્યું. આખી ઘાટીમાં એક પણ બૂથ એવું ન હતું, જેને 'ઝીરો-વોટ' બૂથ ગણાવીને ભારત વિરોધી કોઈ નવો વિમર્શ ઘડી શકાય. આ વખતે તો વોટિંગની લાંબી લાઈનોમાં ઊભેલા લોકોના ચહેરા પર સ્મિત અને આત્મવિશ્વાસે દેખાડી દીધું કે કલમ ૩૭૦ ખતમ થવા અને સતત પાંચ વર્ષની શાંતિનાં ફળ ચાખ્યા બાદ જનતાને સમજાઈ ગયું કે અલગતાવાદ અને લોકતંત્રમાં શું અંતર છે. કલમ ૩૭૦ દૂર થયા બાદ ઘાટીમાં સ્થાપિત થઈ ચૂકેલ પ્રભાવશાળી સુરક્ષા પરિવેશ, કાયદો અને વ્યવસ્થાની બહાલી, પાકિસ્તાન સમર્થક હુર્રિયતની ગુંડાગર્દીની સમાપ્તિ અને દર મહિને જારી થનાર હડતાલ કેલેન્ડરના સકંજામાંથી મુક્તિ બાદ સામાન્ય કાશ્મીરીઓને ખબર પડી ગઈ છે કે ખૂનખરાબા અને અશાંતિની તેમણે અને તેમનાં બાળકોએ કેટલી મોટી કિંમત ચૂકવી છે. કલમ ૩૭૦ના ખાત્મા બાદ રાજ્યના ઈતિહાસમાં પહેલી વાર કરાવવામાં આવેલ બ્લોક અને જિલ્લા સ્તર પર થયેલ ચૂંટણીઓમાં સ્થાનિક નેતાઓની ભારે સક્રિયતાએ જ સંકેત આપી દીધા હતા કે હવે જમ્મુ-કાશ્મીરની રાજનીતિ અબ્દુલ્લા અને મુફ્તી જેવા પરિવારોથી સંપૂર્ણ મુક્ત થવા આતુર છે. લોકસભા ચૂંટણીઓએ આ જ વલણની પુષ્ટિ કરી છે. ચૂંટણીની વાત કરીએ તો શ્રીનગરમાં આઠ માન્યતા પ્રાપ્ત પક્ષો સહિત ૨૪ ઉમેદવારો મેદાનમાં છે. બારામુલામાં આઠ પાર્ટીઓ સહિત ૨૨ અને અનંતનાગ-રાજૌરીમાં ૧૦ પાર્ટીઓ સહિત ૨૦ ઉમેદવાર તાલ ઠોકીને કાશ્મીરી વોટ પાસે વોટ માંગવા ઉતર્યા. ઈન્ડી ગઠબંધનનો હિસ્સો હોવા છતાં નેશનલ કોન્ફરન્સ અને પીડીપીના ઉમેદવાર ઘાટીની ત્રણેય સીટો પર પરસ્પર લડ્યા. એ વાત પણ રોચક છે કે કોંગ્રેસે નેશનલ કોન્ફરન્સ સાથે ગઠબંધનમાં તેને ઘાટીની ત્રણેય સીટો આપીને ખુદ જમ્મુ અને ઉધમપુર સીટો પર લડવાનો ફેંસલો કર્યો. જ્યારે ભાજપે ઘાટીમાં પોતાનો એક પણ ઉમેદવાર નથી ઉતાર્યો. દુનિયાની સૌથી મોટી ઈસ્લામી ટીવી ચેનલ અને કાશ્મીરી અલગતાવાદની ચેમ્પિયન અલ-જઝીરા તેને ઘાટીમાં ભાજપની અલોકપ્રિયતાનું પ્રમાણ તરીકે રજૂ કરી રહી હતી.



નિતીન ઠાકર (ચાણસ્મા)

ચાણસ્મા મુકામે જાયન્ટ્સ ચાણસ્મા દ્વારા ચાણસ્મા જાહેર સરદારચોકમાં 160 લીટર ઠંડી મસાલેદાર છાશ નું વિતરણ કરવામાં આવેલ તેમાં આશરે 650 નગરજનો અને રાહદારીઓને આનો લાભ લીધો હતો તે સમયે કાર્યક્રમ ના હોદ્દેદાર જાયન્ટ્સ પ્રમુખ રાહુલ સુખડીયા ,સંજયભાઈ ભાવસાર,મંત્રી મનોજ પટેલ,ઉપ પ્રમુખ ચંદુભાઈ પટેલ,નારણભાઈ રાવળ, દિનેશભાઈ પટેલ,,પ્રવીણભાઈ સુથાર,ખજાનચી દશરથભાઈ પટેલ ,,હમીરજી ઠાકોર,પ્રવીણભાઈ સથવારા,હરેશ પટેલ વગેરે ની હાજરીમાં છાશ વિતરણ કરી આશરે 650 લોકોએ ગરમીમાં આનો આનંદથી હોંશે હોંશે મહત્તમ લાભ લીધો અને ઠંડકનો અહેસાસ લીધો હતો.

## ખાટલે મોટી ખોડ કે દિવા તળે અંધારું

# મહીસાગરની જિલ્લા પંચાયત, કલેકટર કચેરી અને SP કચેરીની ફાયર NOC નથી

## હાલ ફાયરને લઈ ચેકીંગમાં નીકળેલા જિલ્લાના અધિકારીની ઓફિસમાં ફાયરની સુવિધા ન હોવાથી તેમની કચેરીઓને સિલ કોણ મારશે ?

જગદીશ ત્રિવેદી | ખારોલ



રાજકોટની ગેમઝોનની ઘટના બાદ રાજ્ય સરકાર સફાળી જાગી છે, અને ઠેક ઠેકાણે ફાયર સેફટીની ચકાસણી કરવા લુલા આદેશ આપ્યા છે ત્યારે લુણાવાડા શહેરમાં પણ છેલ્લા 3 દિવસથી નગરપાલિકાના ફાયર વિભાગ તેમજ વહીવટી વિભાગ અને તંત્રના અધિકારી મોલ સહિતના બિલ્ડિંગમાં ફાયર સેફટીની એન.ઓ.સી.અંગે તપાસ હાથ ધરી રહી છે પરંતુ કહેવત અનુસાર ખાટલે જ મોટી ખોડ જોવા મળી રહી છે. મહીસાગર જિલ્લા સેવા સદનના ત્રણ નવા બિલ્ડિંગનું લોકપર્ણ થયા બાદ પણ હજુ સુધી એન.ઓ.સી.લેવા અધિકારીઓ ઠાગાઠેયા કરી રહ્યા છે રાજ્યમાં ક્યાય પણ આગની દુર્ઘટના બને એટલે રાજ્ય સરકાર દ્વારા તરજ જ સમગ્ર રાજ્યમાં ફાયર સેફટી અંગે તપાસ હાથ ધરવા લુલા આદેશ આપવામાં આવે છે. તાજેતરમાં રાજકોટના ગેમઝોનમાં આગની ઘટના બની છે. આ આગની ઘટનામાં ગેમઝોનના માલિક સહિત અનેક લોકો બળીને ખાખ થઈ ગયા છે. આ ગંભીર ઘટનાને લઈને સમગ્ર રાજ્યમાં ભારે શોક વ્યાપી ગયો હતો અને રાજ્ય સરકાર પર અનેક આક્ષેપો પણ શરૂ થયા છે. ત્યારે આ ઘટના બાદ રાજ્ય સરકાર દ્વારા ફરી સમગ્ર રાજ્યના જિલ્લા કલેક્ટરને ફાયર સેફટી અંગે ચેકીંગ હાથ ધરવા લુલો આદેશ કરવામાં આવ્યો છે. આ આદેશ બાદ મહીસાગરમાં પણ લુણાવાડા પાલિકાના ફાયર વિભાગના અધિકારી તેમજ બાંધકામ વિભાગ અને મામલતદાર કચેરી સહિત વહીવટી તેમજ વિજતંત્રના અધિકારીઓ અને પોલીસ ફરી ધંધે લાગ્યા હોય તેમ રાજકોટની ઘટનાના બીજે દિવસે સવારથી લુણાવાડા શહેરમાં આવેલ મોલ, ટ્યુશન કલાસીસ, સ્કૂલ કોલેજના બિલ્ડીંગ, હોસ્પિટલોમાં ફાયર સેફટીના એન.ઓ.સી સહિતના મજૂરી અંગેના જરૂરી દસ્તાવેજો અંગે ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. પરંતુ જાણે ખાટલે મોટી ખોડ કે દિવા તળે અંધારું હોય તેમ મહીસાગર જિલ્લા સેવા સદનમાં આવેલ જિલ્લા પંચાયત, કલેકટર કચેરી અને SP કચેરી ની ફાયરની ત્રણ માળની બિલ્ડીંગ હોવા છતાં ફાયરની NOC ન હોવાથી ચર્ચાનો વિષય બન્યો છે જે લોકો નગરની દુકાનો, સ્કૂલો, મોલ, બિલ્ડીંગો, હોસ્પિટલો સહિત અન્ય ઉદ્યોગિકરણો માં ચેકીંગ કરવા જાય છે તેજ અધિકારીઓની ઓફિસોમાં ફાયર NOC અને ફાયર ના સાધનો જેવાકે Hydrant સિસ્ટમ, Smoke ડિટેક્ટર, સ્પિંકલર સિસ્ટમ, Hosereel સહિત અનેક ફાયરને લાગતી સિસ્ટમ ન હિબથી ફાયર વિભગ NOC આપવા માટે પણ મજબુર બન્યું હતું. ત્યારે હાલ જિલ્લાની મુખ્ય કચેરીઓને સિલ કોણ મારસે જેવા સવાલો ઉભા થયા હતા.

**ઓનલાઈન ચેક કરતા ફાયર NOC નથી અને મહીસાગર જિલ્લા SP સહિત અધિકારીઓને વાત કરતા પૂર્વ અધિકારીઓએ મંજૂરી ન લીધી હોવાનુ જણાતા હાલના અધિકારોઓએ ડોક્યુમેન્ટ લિસ્ટ માગી Noc લેવા માટે તજવીજ હાથ ધરી છે. અમિત ડાંગરે,રિજનલ ફાયર ઓફિસર**

**આ બાબતે જિલ્લા કલેકટર જણાવ્યું હતું કોને કીધું ફાયર noc નથી તમને ખોટી માહિતી મળી છે અને તો બીજી તરફ ddo ચેમ્બરમાં હોવા છતા મિટિંગમાં છું પછી વાત કરું તેવું કહી ફોન ઉપાડવાનું ટાળ્યું હતું તો Sp એ ફોન ન ઉપાડ્યો હતો.**

# લુણાવાડા કોઠંબા ગામે અગમ્ય કારણસર મકાનમાં આગ લાગી



જગદીશ ત્રિવેદી | ખારોલ

લુણાવાડાના કોઠંબા ગામમાં બ્રહ્મભટ્ટ ફળિયામા આવેલ મકાનના પ્રથમ માળે અગમ્ય કારણોસર આગ લાગવાથી મુંગા પશુઓનો ઘાસચારો બળીને ખાક થઇ ગયો.સ્થાનિકોને આગ લાગવાની ઘટનાની જાણ થતા સાયરન વગાડી જાણ કરાતા તાત્કાલીક ધોરણે ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા અને જીવના જોખમે આગ ઉપર કાબુ મેળવવાનો પ્રયત્ન કર્યો હતો. બ્રહ્મભટ્ટ ફળિયામાં આવેલ સુરેશભાઈ મથુરભાઈ પટેલ સહિત ત્રણ મકાનોના પ્રથમ માળે આગ લાગવાની ઘટનાની જાણ થતા સ્થાનિકોએ ફાયર બ્રિગેડને જાણ કરી અગ્નિશામક ગાડી બોલાવવામાં આવી હતી. ત્રણ મકાનોમાં પ્રથમ માળે આગ લાગવાની જાણ થતાં જ કોઠંબા પીએસઆઇ, સરપંચ, યુવાનો તેમજ આજુબાજુના ગામોના લોકો દોડી આવ્યા હતા અને આગ બુજાવવાનો પૂરેપૂરો પ્રયત્ન કર્યો હતો.આગ લાગવાનું કોઈ કારણ જાણવા મળ્યું નથી.

# "સફળ શિક્ષણ, સફળ જીવનનો પાયો છે"

**" શિક્ષણ એ ભવિષ્યનો પાસપોર્ટ છે, કારણ કે કાલ તે લોકોની છે, જેઓ આજે તેની તૈયારી કરે છે."**



ક્રિમા વી .બુદ્ધભટ્ટી

આપણા બંધરણમાં શિક્ષણને ભાગ -૩માં મૂળભૂત અધિકાર નો દરજ્જો આપવામાં આવેલ છે જેના માટે ૮૬ માં બંધારણીય સુધારો ૨૦૦૨ માં આર્ટિકલ ૨૧(a) માં ૬ થી ૧૪ વર્ષના બાળકો માટે મફત અને ફરજીયાત શિક્ષણની જોગવાઈ કરવામાં આવેલ છે. આર્ટિકલ ૪૫ અને ભાગ -૪ માં રજ્યનીતિ ના માર્ગદર્શક સિદ્ધાંતો માં રાજ્યના તમામ બાળકોને ૬ વર્ષની વય સુધી બાળસંભાળ અને શિક્ષણની જોગવાઈ કરવામાં આવી છે. આર્ટિકલ -૫૧(a)(k) અને ભાગ -૪ A મુળભુત ફરજો માં માતા પિતા એ ૬ થી ૧૪ વર્ષના બાળકો અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવી તેવી જોગવાઈ કરવામાં આવેલી છે.

પ્રાચીન કાળના સમય માં શિક્ષણ મેળવવા માટે ગુરુ પાસે આશ્રમમાં જવું પડતું હતું અને ગુરુ તેમને એવું શિક્ષણ આપતા કે તેમને ભવિષ્યમા પણ કામ લાગે અને જ્યારે કોઈ પણ શિષ્ય આશ્રમ માંથી સંપુર્ણ અભ્યાસ પૂર્ણ કરે એટલે ગુરુ દ્વારા તેમની પરીક્ષા લેવામાં આવતી જેથી ગુરુ ને ખબર પડે કે તેમના શિષ્યોને જે તેમના દ્વારા જ્ઞાન અપાયું છે તેમની અસર તેમાં કેટલી જોવા મળે છે શું તે આગળ ના જીવન માટે તૈયાર છે.

અત્યારે જે બાળકોને શિક્ષણ આપવામાં આવે છે તે ખરેખર શું તેમને ભવિષ્યમા કામ લાગે છે? તો જવાબ મળશે ના અત્યારે તેમને જે પણ જ્ઞાન આપવામાં આવે છે તે ફકત પુસ્તકનું છે બાકી તેમને દેશ દુનિયામાં શું ચાલી રહ્યું છે? તે તેમને ખબર જ નથી, બસ પુસ્તક માં જે છે તે વાંચી નાખો પરીક્ષા આપો અને આગળ ના ધોરણ માં પ્રવેશ મેળવો. ખરેખર આ જ્ઞાનની જરૂર છે ખરી? આ માંથી તેમને ભવિષ્ય માં ક્યાંય પણ કામ લાગતું નથી એટલે કહી શકાય કે તેમને અત્યારે જે શિક્ષણ આપવામાં આવે છે તે નકામું છે અને વ્યર્થ છે.પરંતુ આજના યુગના શિક્ષણ સામેની એક મોટી ફરિયાદ એ છે કે તે માત્ર અને માત્ર યાદશક્તિની પરીક્ષા કરે છે, જીવન જીવવા માટેનું વાસ્તવિક પ્રશિક્ષણ આપી શકતું નથી અને એટલે બાળકનાં જીવનઘડતરનો પ્રશ્ન માતા માટે વધુ ને વધુ વિકરાળ બનતો જાય છે.

સફળ શિક્ષણ એને જ કહી શકાય કે જે તેમને તેમના જીવન માં કામ લાગે જેનાથી તે રોજગાર મેળવી શકે,શિક્ષણ થી બુદ્ધિ અને જીવનનું ઘડતર થાય છે . સારું શિક્ષણ પ્રાપ્ત કરવું અત્યંત જરૂરી છે . વ્યક્તિ નો સર્વાંગી વિકાસ શિક્ષણ ના કારણે થાય છે . શિક્ષણ હોય તો ગમે તે સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે . આજના યુગમાં શિક્ષણ પ્રાપ્ત કરેલ વ્યક્તિ આગળ નીકળી જાય છે . નક્કી કરેલા લક્ષ્ય ને પ્રાપ્ત કરવા શિક્ષણ ખુબજ જરૂરી છે . શિક્ષણ એ દરેક યુગની જરૂરિયાત છે, એ નિ:સંદેહ છે.ખરેખર તો શિક્ષણનો અને માનવજીવનનો મુખ્ય હેતુ શ્રેષ્ઠતમ ચારિત્ર્યનિર્માણ માટે છે. માનવને શ્રેષ્ઠતમ ચારિત્ર્યમૂર્તિમા પરિવર્તન કરતી પ્રક્રિયા જ શિક્ષણ છે. સરકાર દ્વારા શિક્ષણ માટે વિવિધ પ્રકારની યોજનાઓ બહાર પાડવામાં આવે છે, જેમકે જ્ઞાનસેતુ સ્કૂલ, જ્ઞાન સેતુ રેસિડેન્સિયલ સ્કૂલ, શાળા સહાયક યોજના, મિશન સ્કૂલ ઓફ એકસેલેન્સ. આ યોજના થકી બાળકો ને મફત શિક્ષણ મળે અને તેમના ઉજ્વળ ભવિષ્યમાં રોજગારી મેળવી શકે.

# સક્કરબાગ ઝુમાં પાંજરાંનો દરવાજો ખુલ્લો રહી જતાં સિંહનો ઝૂ કર્મચારી પર હુમલો

## હંગામી કર્મચારીને હાથમાં, કાનમાં તથા શરીરના અન્ય અંગમાં ઈજાઓ, સિંહે પંજા મારી બચકા ભર્યા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



સક્કરબાગ ઝુ માં સેંકડો પ્રાણી- પક્ષીઓ છે અને અનેક કર્મચારી ઓ તેમને ખોરાક આપવાની તથા ઝૂમાં સફાઈ સહિતની કામગીરી કરી રહ્યા છે. સક્કરબાગ ઝુમાં વિવિધ પ્રાણી- પક્ષીઓ માટે પીંજરાઓ હોય છે. તે પીંજરામાં અંદરો-અંદર અલગ- અલગ દરવાજાઓ છે. કેમ કે, પીંજરા ઓની સફાઈ, ખારોક માટે આવી વ્યવસ્થા રાખવી પડે છે. જ્યારે સિંહ સહિતના કોઈપણ વન્યપ્રાણીના પીંજરામાં સફાઈની કામગીરી કે ખોરાક આપવાની પ્રક્રિયા કરવામાં આવે ત્યારે પીંજરામાં રહેલા પ્રાણીને તેના અંદરના દરવાજાઓ ખોલી તેને અન્ય પીંજરામાં મોકલી દેવામાં આવે છે. ત્યારબાદ કર્મચારીઓ દ્વારા કામગીરી કરવામાં આવે છે. મુળ બામણગામ ના વતની ધીરૂભાઈ ટુંડીયા છેલ્લા પાંચ વર્ષથી સક્કરબાગ ઝુમાં હંગામી કર્મચારી તરીકે ફરજ બજાવે છે. આજે તે સિંહના પીંજરાની સફાઈ કામગીરી કરવા ગયા ત્યારે સિંહ એક પીંજરામાંથી બીજા પીંજરામાં ચાલ્યો ગયો હતો. પરંતુ બીજા પીંજરાનો દરવાજો બંધ કરતા ધીરૂભાઈ ભુલી ગયા હતા. ધીરૂભાઈ પીંજરાની સફાઈ કરવામાં વ્યસ્ત હતા તેવામાં દરવાજો ખુલ્લો જોઈ અચાનક સિંહ જે પાંજરામાં સફાઈ ચાલતી હતી ત્યાં ઘુસી આવ્યો અને અચાનક જ ધરૂભાઈને જોઈ રઘવાયો બની તેના પર હુમલો કર્યો હતો. હંગામી કર્મચારીને હાથમાં, કાનમાં તથા શરીરના અન્ય અંગમાં ઈજાઓ પંજા મારી બચકા ભરતા ધીરૂભાઈએ બુમાબુમ કરતા સિંહ તુરંત પરત અન્ય પીંજરા તરફ ભાગી ગયો હતો. બાદમાં ધીરૂભાઈને અન્ય કર્મચારીઓએ બહાર કાઢી સારવાર માટે તાત્કાલીક જૂનાગઢની સિવીલ હોસ્પિટલ ખાતે ખસેડયા હતા. સક્કરબાગના નિયામક અક્ષય જોષીએ જણાવ્યું હતું કે, ઈજાગ્રસ્ત કર્મચારીની તબીયત હાલ સ્થિર છે. પાંજરાનો દરવાજો બંધ કરવાનું ભુલાઈ જવાથી સમગ્ર ઘટના બની છે.

# અરવલ્લી જિલ્લામાં આકસ્મિક ઘટનાઓમાં કામગીરી બાબતે તંત્ર સતર્ક ઠેર ઠેર તપાસ શરૂ

રાકેશ મહેતા | ધનસુરા



તાજેતરમાં રાજ્યમાં રાજકોટ ગેમ ઝોનમાં બનેલી આગજન્ય કરુણ દુર્ઘટના, વડોદરામાં બનેલી હરની તળાવ દુર્ઘટના ઉપરાંત આ પૂર્વે બનેલી ઘટનાઓને ધ્યાને લઈ જીલ્લામાં નાગરિકોની સલામતી બાબતે અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર સાબદુ બન્યું છે.

જિલ્લાના ઔધોગિક એકમો, રોજિંદા લોકજીવન, આનંદ પ્રમોદના સંસાધનો, સ્થળો, ભૌગોલિક પરિસ્થિતિ, પરિવહનને ધ્યાને લઇ આગ, અકસ્માત સહિત જોખમકારક બાબતો ના બને તે માટે જિલ્લાના તમામ વિભાગોને આગોતરી રીતે સતર્કતા દાખવી આવી આકસ્મિક ઘટનાઓના નિવારણ માટે કાળજી રાખવા અને આગોતરા નિવારાત્મક ઉપાયો શોધવા સૂચન કરવામાં આવ્યા. પેટ્રોલ પંપ, CNG પંપ, હોસ્પિટલ, મોલ, શાળા, કોલેજ, આંગણવાડી, લાઈબ્રેરી, કોચિંગ સેન્ટર, થિયેટર, આનંદમેળા, મેળાવડા, ધાર્મિક સ્થળો, સામાજિક પ્રસંગો, ફટાકડા ગોડાઉન, GIDC જેવા ઔધોગિક એકમો વગેરે જેવા સ્થળો પર ફાયર સેફ્ટી અંગેના નિયમો સાથે એક ગાઈડલાઈન બનાવવામાં આવશે. આ નિયમોના પાલન માટે વિવિધ એસોશિયેશનના લોકો સાથે ચર્ચા કરવામાં આવશે. ત્યારબાદ જો કોઈ નિયમોનું પાલન ન થાય તો ચેકીંગ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.આગ સિવાય અન્ય આકસ્મિક ઘટનાઓ દરમિયાન તેમાં કેવી રીતે જાનહાનિ અને માનહાનિ ઘટાડી શકાય તે અંગે ગહન ચર્ચા કરવામાં આવી. જિલ્લાના તમામ અધિકારીશ્રીઓને તેમના કાર્યક્ષેત્રમાં આવતા સ્થળો પર યોગ્ય સુરક્ષા જાળવવા પણ સૂચન કરવામાં આવ્યા.

આજની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી દીપેન કેડિયા, જિલ્લા પોલીસ વડા શેફાલી બરવાલ, અધીક નિવાસી કલેક્ટર જશવંત જેગોડા, ગ્રામ વિકાસ એજન્સીના નિયામક રાજેશ કુચારા, પ્રાંત અધિકારીઓ, મામલતદારશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, સહિત જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થીત રહ્યા હતા.

# જ્યાં સ્વાદ ત્યાં સ્વાદિષ્ટ ને જ્યાં ભાવ ત્યાં ભોજન



ભોજનનું મહત્વ

- રુપાલી દવે

શું તમે કૂદરત ને ક્યારેય નજીક થી માણી છે? આધુનિક યુગ મા લોકો પાસે સમયની કમીના લીધે એ વર્તમાન સમય માં બધાને ઉતાવળ હોય છે. માણસ માટે કામ એ જીવન કરતા પણ વધારે મહત્વનું બની ગયું છે.એકવાર એક સંત ચાલતા ચાલતા ખાણીપીણી માર્કેટ ના ખૂણાના ઓટલે શાંતિથી બેઠા બેઠા પોતાનામાં મસ્ત થઈને બેઠા હતાં. બાબાજી ની તરફ નજર કરતા બે ચાર કોલેજીયન નવ યુવક યુવતીઓને થયું કે ટાઈમ પાસ કરીએ.ખૂબ સિરિયસ ભાવ ચહેરા પર દેખાડી ને બધા સંત પાસે ગયા ને પગે લાગતાં પૂછ્યું કે બાબાજી,ચા કોફી કઈ તમારા માટે લઈ આવીએ? ચહેરા પરથી લાગે છે કે આપ ઉચ્ચ કોટિના સંત છો. અમને અમારું ભવિષ્ય જાણવા નો રસ છે કૃપા કરીને અમારું ભવિષ્ય શું છે? જણાવશો. સંત નવ યુવાનો નો અંતરનો ભાવ સમજી ગયા હતા એટલે સહેજ હસતા પૂછ્યું કે ચારેય વારાફરતી જણાવો કે ભોજનમાં શું વધારે ભાવે છે? ચારેય બાજુ નજર કરતા સમજાય છે કે બર્ગર,નુડલ્સ,પાસ્તા,મેક્રોની વગેરે સ્વાદિષ્ટ નાસ્તા ની ગરમ ગરમ ભરમાળ છે.બેટા,જ્યાં સ્વાદ ત્યાં સ્વાદિષ્ટ ને જ્યાં ભાવ ત્યાં ભોજન.ચારેય એકબીજાની સામુ જોઈને ઈશારા થી પૂછ્યું કે શું બોલવું છે? ચારેય માંથી એક યુવતીના વાળ કર્લી ને દેખાવે બધામાં સુંદર એટલે એણે વાળની લટ આંગળી વડે ફેરવી ને આંખ ટપ ટપાવતા ઈશારો કર્યો એ ભેગા ચારેય એકીસાથે બોલ્યા "મેગી સિર્ફ વન મિનિટ" સંત આ વાત અગાઉ થી જાણતા હતા ને એને ખબર હતી કે વર્તમાન સમયમાં યુવક યુવતીઓનો મુખ્ય શોખ રૂપિયા અને ભોજન "મેગી વન મિનિટ" છે. યુવક યુવતીઓ રૂપિયા માટે કઈ પણ કરવા તૈયાર થઈ જશે ને મેગી માટે છપન ભોગ પણ છોડશે.કેમ? કેમકે વર્તમાન સમય એ ટોટલી મટીરીયાલીસ્ટીક બની ગયો છે.ભોજનથી લઈને એજ્યુકેશ,કેરિયર વગેરે બધું મતલબ બધુજ.

"મેગી ટુ મિનિટ" ના સ્વાદમાં યુવા પેઢી તદન ખોવાઈ ગઈ છે ભલે ગમે એટલું ઊંચું ભણી લે પણ એનું મૂળ સ્વાર્થી, સ્વ કેન્દ્રિત બની જતું હોય છે. સંસ્કૃત કહે છે કે "અન્ન એવું મન" મતલબ અન્ન ની શુધ્ધિ તો બાળકમાં સંસ્કાર નું સિંચન થાય છે. રેડી ટુ ઈટ ના જમાનામાં ગરમ પાણી માં પેકેટ નાખો ને તૈયાર.આ વાત સાંભળવામાં અને સમજવામાં સહેલી અને સ્વાદિષ્ટ લાગશે પણ પ્રશ્ન એ થાય કે શું રેડી ટુ ઈટ ફૂડ માં લખેલા મસાલા અને ચીજ વસ્તુઓ સાચી હશે? એનું કારણ છે કે બદલતા સમાજ ની મુખ્ય સમસ્યા "ફૂડ" છે.પ્રાચીન કાળ થી ભારતીય પરંપરા અનુસાર ભોજન બનાવવામાં વપરાતા મસાલા અને અન્ય ચીજ વસ્તુઓ ને ઘર ખાસ જગ્યા "કોઠાર" માં રાખીને વર્ષ પર્યંત સાચવવાની છે.દક્ષિણ,ઉતર,પશ્ચિમ પૂર્વ ભારતમાં ધાન મસાલા પર અન્ય ની નજર ના પડે એટલે પરિવાર ના એક ખાસ સભ્ય એ જ કોઠાર માંથી નિયમિત ભોજન બનાવવા માટે ઉપયોગી સામગ્રી કાઢવાની રહેતી હતી.એ બાદ કોઠાર ને તાળા લગાવવા માં આવતા હતા. ત્યાં સુધી કે નક્કી કરેલ પરિવારની વ્યક્તિ સિવાઈ કોઠાર માં જવાની અન્ય ને છૂટ નહતી. શું કામ? અનાજ ની પવિત્રતા જળવાઈ રહે એટલે.

મહાભારત માં કથા છે કે પાંડુ રાજાના મૃત્યુ બાદ ધૃતરાષ્ટ્ર અંધ હોવા છતાંય એને રાજા બનાવ્યો અને રાજગાદી સોંપતા એના હાથમાં હસ્તિનાપુર નું કન્ટ્રોલ રિમોટ આવ્યું. ગાંધારી એ હસ્તિનાપુર ના રાજરાણી બન્યા. એ સમય માં હસ્તિનાપુર ના રાજ મહેલમાં શરીરને લગતી સમસ્યાઓમાં સમજાતું નહતું કે કેમ આવું થાય છે? ભોજન જમ્યા બાદ સંતોષ નો ઓડકાર નહતો આવતો. ગાંધારી સમજી ગયા કે રસોઈ ઘરની દાસી સ્વભાવે અસંતોષ,ઈર્ષાળુ,અદેકખી છે પરંતુ પુત્ર દુર્યોધન અને દુશાસન ને એના હાથનું ભોજન ખૂબ ભાવે છે. આ કારણોસર એ દાસી ને કાઢી પણ શકતી નહતી. પાંડુ રાજાના મૃત્યુ બાદ વિધવા કુંતી એના પાંચ બાળકો સાથે હસ્તિનાપુર ના મહેલ મા આવી.પાંડુ રાજાના મૃત્યુ બાદ એના મહેલ વગેરે પર ગાંધારી એ કબ્જો જમાવ્યો હતો.. તો પાંચ પાંડવો સાથે કુંતી ને રાખવી ક્યાં? ભીષ્મ પિતામહ વગેરે જેવા વૃદ્ધ બુઝુર્ગ વિચારે એ પહેલાં ગાંધારી એ કુંતી ને એના બાળકો સાથે રસોઈ ઘરની બાજુનું જર્જરિત ભવન રહેવા માટે આપ્યું અને સાથે સાથે રસોઈ ઘરની જવાબદારીઓ..ગાંધારી દુષ્ટ હોવા છતાંય માનતી હતી કે એના બાળકો શુધ્ધ, પોષ્ટીક ભોજન નીયમિત જમે. પાંડવોને અન્યાય થતાં એ માતા કુંતી અને પત્ની દ્રૌપદી સાથે વનવાસ ભોગવી રહ્યા હતા ત્યારે મહાભારત નું યુદ્ધ કરવું કે નહિ આ બાબતે સમજૂતી આપવા ભગવાન શ્રી કૃષ્ણ હસ્તિનાપુર ગયા ત્યારે દુર્યોધન એ ૫૬ભોગ તૈયાર કરાવ્યા હતા છતાંય ભગવાન એ દુર્યોધન ના આગ્રહ નો અસ્વીકાર કરીને વિદુરજી ના ભાજી રોટલા નો આનંદ માણયો હતો. પ્રાચીન થી અર્વાચીન સંસ્કૃતિ દરમિયાન ભોજનની સાચી રીત જમીન પર બેસીને કરવાની હતી પણ વર્તમાન સમયમાં માણસ ડાઈનિંગ ચેર પર બેસીને ટીવી જોતા જોતા જમવાની આદત વાળો બની ગયો છે. જમીન બેસીને ભોજન કરવાથી પૃથ્વી તત્વ નો પ્રવેશ જીવન માં થાય છે.પૃથ્વી નો કારક મંગળ ગ્રહ માનવામાં આવે છે ભોજન માં વપરાતી પ્રત્યેક ચીજ વસ્તુઓ જમીન માંથી પેદા થાય છે.જમવાની સાચી રીતભાત એ છે કે જમતા પહેલા જમીન પર ત્રણ કોળિયા મૂકવાનો મતલબ ભૂમિ ને આહાર માટે ધન્યવાદ કહો છો. જમતા પહેલા ભોજન ને પવિત્ર બનાવીને દેવી દેવતા ને અર્પણ કર્યા બાદ ભોજનને નમસ્કાર જમતી વખતે અને જમ્યા બાદ કરવાનો રિવાજ હતો. વર્તમાન સમયમાં મોટાભાગે લોકો અસંખ્ય અસાધ્ય બીમારીઓ થી પીડાઈ રહી છે એની પાછળ નું મુખ્ય કારણ ભોજનની ખોટી રીતભાત અને આદતના લીધે ભોજન પેટ મા પડતાં જ વિષ બની જાય છે. શાસ્ત્ર કહે છે ભોજન એ શાંત ચિત્તે, મૌન ધારણ કરીને મતલબ વિના કારણ વાતચીત બંધ એકચિત્તે કરવાથી ભોજન અમૃત બને છે. હિન્દુ સંસ્કૃતિ માં અન્ન ને પવિત્ર કરવાનો રિવાજ યુગોથી પરંપરા મુજબ ચાલતો આવ્યો છે.ભોજન માં વપરાતા લીકવીડ પદાર્થો તેલ,ઘી,દૂધ ને બેત્રણ વાર ગાળી ને વપરવા પર ભાર છે,શાકભાજીને કમ સે કમ અડધી કલાક પાણીમાં પલાળી ને વાપરવા જોઈએ.ભોજન બાબતે "ઘઉં બળેલો અને ચોખા ગાળેલા" ખાસ જરૂરી છે.કેમ? ઘઉં પચવામાં ખૂબ ભારે હોય છે એનો નિયમિત ઉપયોગ ચયાપચય ની પ્રક્રિયા નબળી પાડી શકે છે.આમ તો ઘઉંમાં પ્રોટીન સાથે ભરપુર કેલેરી પણ હોય છે એટલે ઘઉં સંપૂર્ણ પણે ચડવવો ફરજિયાત છે.આ કારણોસર તો ગૃહિણીઓ રોટલી આગ માં નાખી ફૂલાવે છે. ચોખા ખૂબ પોષ્ટીક અને પચવામાં સહેલા છે પરંતુ ચોખા માં શર્કરા અને સ્ટર્ચ નું પ્રમાણ વધારે હોવાથી અધ કચરા પકવેલા કે લાંબા ચોખા એ શરીર માં ડાયાબિટીસ જેવા અસાધ્ય બીમારી માં વધારો કરે છે. આધુનિક ભારતની મોટામાં મોટી સમસ્યા એ છે કે લોકો ભોજનની પવિત્રતાને મહત્વ નથી આપતા,આપે છે તો માત્ર સ્વાદને.

# સૂકી ઉધરસ ખાઈ ખાઈને થઈ ગયા છો પરેશાન

## તો 5 અસરકારક ઘરેલું ઉપચાર અપનાવો અને ઉધરસને કહો ગુડબાય

સૂકી ઉધરસથી રાહત મેળવવા માટે અહીં કેટલાક ઘરગથ્થુ ઉપાયો જણાવવામાં આવી રહ્યા છે જેને અપનાવીને તમે તેનાથી છુટકારો મેળવી શકો છો. મોટા ભાગના લોકોને સૂકી ઉધરસના કારણે ગળામાં તકલીફ થાય છે, ઉધરસની સાથે ગળામાં બળતરા થવી સાથે ખાવામાં પાણી પીવામાં પણ તકલીફ થાય છે. સૂકી ઉધરસમાં ગળામાં બહુ તકલીફ થાય છે. સતત ખાંસીથી છાતી અને પેટ પર દબાણ આવે છે, જેનાથી તેમને પણ દુખાવો થાય છે. તમને જણાવી દઈએ કે સૂકી ઉધરસ એલર્જી, અસ્થમા અથવા રસાયણો અને બળતરા, બ્રોન્કાઈટિસ, ક્રોપ (બાળકોમાં), ગેસ્ટ્રોએસોફેજલ રિફ્લક્સ રોગ અથવા લેરીન્ગોફેરિંજલ રિફ્લક્સ, દવાઓની આડઅસર, જેમ કે હાઈ બ્લડ પ્રેશરની સારવાર માટે વપરાતી દવાઓના કારણે થઈ શકે છે. પોસ્ટનાસલ ટીપાં, ન્યુમોનિયા અને ધૂમ્રપાન થઈ શકે છે. તેનાથી છુટકારો મેળવવા માટે તમારે કેટલાક ઘરેલું ઉપાય અપનાવવા જોઈએ જે અસરકારક સાબિત થઈ શકે છે. ઉધરસને ઘટાડવાની એક સરળ રીત છે મીઠું પાણી. WH સલાહકાર કેરી પીટરસન, MD કહે છે,



'મીઠું બેક્ટેરિયાને મારી શકે છે. જો કે, મીઠું વાયરસને મારી શકતું નથી, તેથી તે તમારી શરદી અથવા ઉધરસને ઝડપથી મટાડવામાં મદદ કરશે નહીં. એક ગ્લાસ હુંફાળા પાણીમાં અડધી ચમચી મીઠું મિક્સ કરીને કોગળા કરો. તમે આદુની ચા પણ પી શકો છો. આદુ ઉધરસ અને ગળાના દુખાવાને ઘટાડવામાં મદદરૂપ થાય છે. તેનામાં મૂળ બળતરા વિરોધી અને એન્ટીઑક્સિડન્ટ ગુણધર્મો છે, જે વિવિધ પરિસ્થિતિઓની સારવારમાં ફાયદાકારક છે. મધ તમારી ઉધરસ ઘટાડવામાં પણ મદદરૂપ થઈ શકે છે. તમે તેને બ્લેક ટીમાં મિક્સ કરીને પી શકો છો. તેનાથી તમને તાત્કાલિક રાહત મળી શકે છે. મધ બળતરા વિરોધી છે, તેથી તે ગળામાં દુખાવો ઘટાડે છે. તે જ સમયે, તમે તેને ગરમ પાણીથી સ્નાન કરીને પણ ઠીક કરી શકો છો. ગરમ સ્નાન કરવાથી શરદીના સામાન્ય લક્ષણો જેવા કે ઉધરસ અને સાઈનસના દબાણથી રાહત મળી શકે છે. લસણમાં એન્ટિસેપ્ટિક ગુણધર્મો છે, જે બેક્ટેરિયલ સંક્રમણમાં મદદ કરી શકે છે, અને તે ગળાના દુખાવાથી રાહત આપવામાં પણ મદદ કરી શકે છે

# Foods For Weight Loss

## આ કાળી વસ્તુઓ પેટની ચરબીનો કરી શકે છે સફાયો

### ફિટ રહેવું હોય તો ખાવા લાગો આજથી જ



**વજન ઘટાડવું ખૂબ જ મુશ્કેલ કામ છે. વજનને ઝડપથી ઘટાડવું હોય તો વર્કઆઉટની સાથે ડાયટ પણ ફોલો કરવી પડે છે. ટ્રીકલી આ બધું ફોલો કરવું બધા માટે શક્ય નથી. રોજના કામની દોડધામ વચ્ચે ડાયટ ચાર્ટ અને એક્સરસાઈઝ રોજ થાય તેવું શક્ય બનતું નથી. આવામાં તમે કેટલીક વસ્તુઓ ખાઈને પણ વજન કંટ્રોલ કરી શકો છો. આજે તમને કેટલાક એવા કાળા ફૂડ વિશે જણાવીએ જે વજનને ઝડપથી કંટ્રોલ કરવામાં મદદ કરે છે.**

### વજન ઘટાડતી કાળી વસ્તુઓ

**કાળુ લસણ |** લસણ રોજ રસોઈમાં ઉપયોગમાં આવે છે. પરંતુ તે સફેદ લસણ હોય છે. સફેદ લસણની જેમ કાળુ લસણ પણ આવે છે પરંતુ ખૂબ ઓછા લોકો તેનો ઉપયોગ કરે છે. કાળા લસણ પણ પોષક તત્વ થી ભરપૂર હોય છે અને તે બેડ કોલેસ્ટ્રોલ અને સ્થૂળતાને ઘટાડવામાં મદદ કરે છે.

**બ્લેક ટી |** દૂધ અને ખાંડવાળી ચાને બદલે બ્લેક ટી વજન ઘટાડવામાં વધારે મદદ કરે છે. બ્લેક ટી બેડ કોલેસ્ટ્રોલ અને સ્થૂળતા પર કંટ્રોલ કરવામાં મદદ કરી શકે છે.

**બ્લેકબેરી |** બ્લેકબેરીમાં પણ એવા પોષક તત્વો હોય છે જે સ્વાસ્થ્ય માટે લાભકારક છે. આ કાળા રંગનું ફળ વજન કંટ્રોલ કરે છે અને સ્કિન સંબંધિત સમસ્યાથી પણ છુટકારો અપાવે છે.

**કાળા ચોખા |** સફેદ અને બ્રાઉન રાઈસ વિશે તો તમે પણ સાંભળ્યું હશે પરંતુ શું તમે કાળા ચોખા ટ્રાય કર્યા છે ? કાળા ચોખા સ્વાસ્થ્ય માટે ફાયદાકારક હોય છે. તેમાં ફાઈબર ભરપૂર માત્રામાં હોય છે. કાળા ચોખા વજન ઘટાડવાની સાથે ટાઈપ ટુ ડાયાબિટીસના જોખમને પણ ઘટાડે છે.





### આ કારણે ટીનએજમાં વાળ થવા લાગે છે સફેદ, જાણો સફેદ વાળનો ગ્રોથ અટકાવવાના દેશી ઉપાય

નાની ઉંમરમાં વાળ સફેદ થવા લાગ્યા હોય તે સમસ્યા આજના સમયમાં ઘણા લોકોને સતાવતી હોય છે. ઘણા લોકોને તો ટીનેજમાં પણ વાળ સફેદ થવા લાગે છે. જ્યારે આવું થાય છે તો બાળકોની સાથે માતા-પિતા પણ પરેશાન થઈ જાય છે. નાની ઉંમરમાં જો વાળ સફેદ થવા લાગે તો સૌથી પહેલા એ જાણવું જોઈએ કે તેનું કારણ શું છે અને તેને કેવી રીતે અટકાવી શકાય. આજે તમને આ અંગે જાણકારી આપીએ. ઘણા લોકોને આનુવંશિક કારણોને લીધે નાની ઉંમરમાં વાળ સફેદ થવા લાગે છે. કેટલાક કેસમાં જો રંગ વધારે ગોરો હોય તો પણ 20 વર્ષની ઉંમર પછી વાળ પણ સફેદ થવા લાગે છે. તેનું કારણ આનુવંશિક હોઈ શકે છે. આ સિવાય વાળ સફેદ થવા પાછળ વાળની કેટલીક સમસ્યાઓ અને પ્રદૂષણ પણ જવાબદાર હોય છે. તેના કારણે પણ વાળના મૂળ નબળા પડવા લાગે છે. નાની ઉંમરમાં જો વ્યસન શરૂ થઈ ગયું હોય તો પણ વાળ સફેદ થવા લાગે છે. વાળ સફેદ થવાનું સૌથી મોટું કારણ એ છે કે વાળની જરૂરી પોષણ ન મળતું હોય અને સ્ટ્રેસ વધારે રહેતો હોય. સફેદ વાળનો ગ્રોથ અટકાવવો હોય તો નાળિયેર તેલને ગરમ કરીને તેનાથી માલિશ કરવી જોઈએ. આ સિવાય નાળિયેર તેલમાં મીઠા લીમડાના પાનને ઉકાળીને ઠંડુ કરી લેવું. પછી આ તેલનો ઉપયોગ કરવાથી પણ સફેદ વાળની સમસ્યા અટકે છે. વાળને કુદરતી રીતે કાળા કરવા હોય તો કાળા તલનો ઉપયોગ કરી શકાય છે. તેમાં રહેલા ગુણ સફેદ વાળને કાળા કરવામાં મદદ કરે છે. સફેદ વાળની સમસ્યા હોય તો નાળિયેર તેલમાં કાળા તલને ગરમ કરી તેલ ઠંડુ કરી લો. આ તેલને ગાળી અને માથામાં લગાવો. બે કલાક પછી હેર વોશ કરી લો. આ બે તેલનો ઉપયોગ કરવાની સાથે ડાયેટમાં પણ એવી વસ્તુઓનો સમાવેશ કરવો જોઈએ જે પોષક તત્વોથી ભરપૂર હોય અને વાળને જરૂરી પોષણ પૂરું પાડે.

# તડકાના કારણે કાળી પડેલી ત્વચાને નોર્મલ કરવા ટ્રાય કરો આ 4 ફેસ પેક

### મુલતાની માટી અને દહીં

દહીં નેચરલ ટેનિંગ દૂર કરનાર વસ્તુ છે. તે ત્વચાને ઠંડક પણ આપે છે. મુલતાની માટી ત્વચા પરથી એક્સ્ટ્રા ઓઈલને દૂર કરે છે અને ત્વચા સાફ રહે છે. તેનો ફેસપેક બનાવવા માટે એક વાટકીમાં બે ચમચી દહીં અને એક ચમચી મુલતાની માટે મિક્સ કરો. આ ઘટ્ટ પેસ્ટને ચહેરા અને ગરદન પર લગાડો અને 20 મિનિટ માટે રાખો. ત્યાર પછી પાણીથી તેને સાફ કરો.

### ચણાનો લોટ, દહીં અને લીંબુ

ચણાનો લોટ નેચરલ એક્સફોલિયેટર છે. તે ત્વચા પરથી ડેડ સ્કિન દૂર કરે છે. લીંબુમાં વિટામીન સી હોય છે જે ત્વચાને સાફ કરવામાં મદદ કરે છે. આ ફેસપેક બનાવવા માટે એક વાટકીમાં બે ચમચી ચણાનો લોટ, એક ચમચી લીંબુનો રસ અને એક ચમચી દહીં મિક્સ કરી પેસ્ટ બનાવો. હવે આ પેસ્ટને ચહેરા પર 15 મિનિટ માટે લગાવો ત્યાર પછી મસાજ કરીને ચહેરાને ઠંડા પાણીથી સાફ કરો.



કાળઝાળ ગરમીના કારણે ત્વચાના હાલ પણ બેહાલ થઈ જાય છે. ઉનાળા દરમિયાન ટેનિંગની સમસ્યા સૌથી વધુ સતાવે છે. ટેનિંગ એટલે કે તડકાના ડાયરેક્ટ કોન્ટેકમાં આવેલી સ્કિન ડાર્ક થઈ જાય છે. આમ તો માર્કેટમાં ઘણા બધા એવા પ્રોડક્ટ મળે છે જે સ્કીન ટેનિંગ દૂર કરવાનો દાવો કરે છે. પરંતુ આવા પ્રોડક્ટ મોંઘા હોય છે તેથી દરેક માટે તેનો ઉપયોગ કરવો શક્ય નથી. પરંતુ સાથે જ એવી કેટલીક વસ્તુઓ પણ છે જે ઓછા ખર્ચે તમારી આ સમસ્યાને દૂર કરી શકે છે. તમે કેટલાક સરળ ઘરેલુ નુસખા અપનાવીને પણ તમે નેચરલી ત્વચાને ડીટેન કરી શકો છો. આજે તમને આવા જ ઘરેલુ ફેસપેક વિશે જણાવીએ. અઠવાડિયામાં બેથી ત્રણ વખત આ ફેસપેકનો ઉપયોગ કરશો એટલે તડકાના કારણે કાળી પડેલી ત્વચા ફરીથી ગોળી થઈ જશે. એલોવેરા ત્વચાને ઠંડક આપવાનો ગુણ ધરાવે છે. તે ત્વચાનું ટેનિંગ પણ ઓછું કરે છે. હળદરમાં નેચરલ બ્લીચિંગ એજન્ટ હોય છે જે ત્વચાની રંગત નિખારે છે. સાથે જ મધ પ્રાકૃતિક મોસ્ચરાઈઝરનું કામ કરે છે તેનાથી ત્વચા હાઈડ્રેટ રહે છે. ત્વચાને ડીટેન કરતો આ ફેસપેક બનાવવા માટે એક વાટકીમાં એક મોટી ચમચી એલોવેરા જેલ લેવું. તેમાં એક ચપટી હળદર પાવડર અને અડધી ચમચી મધ ઉમેરી સારી રીતે મિક્સ કરો. આ મિશ્રણને ટેનિંગ થયું હોય તે જગ્યા પર લગાડો અને 10 થી 15 મિનિટ માટે રાખો. ત્યાર પછી ઠંડા પાણીથી ચહેરો સાફ કરી લો.

# લોહીમાંથી સુગરને ચૂસી લેશે શાકના બીમાંથી બનતો આ લોટ, આજથી જ ડાયટમાં કરી લો સામેલ

ડાયાબિટીસ હોય તે લોકો બ્લડ સુગર લેવલ કંટ્રોલમાં રહે તે માટે દવાઓની સાથે કેટલાક ઘરેલુ ઉપાય કરવામાં પણ માને છે. હેલ્થ એક્સપર્ટ અનુસાર બ્લડ સુગર કંટ્રોલ કરવું હોય તો સૌથી વધારે જરૂરી છે કે દર્દી પોતાની જીવનશૈલી અને આહારનું ધ્યાન રાખે. તેના માટે ખાવા પીવામાં એવી વસ્તુઓનો સમાવેશ કરવો જોઈએ જે બ્લડ સુગર કંટ્રોલ કરવામાં મદદ કરે. આજે તમને આવા જ એક ખાસ લોટ વિશે જણાવીએ. આ લોટ વિશે તમે આજ સુધી સાંભળ્યું નહીં હોય. ડાયાબિટીસના દર્દીઓ જો આ લોટનું સેવન કરે તો બ્લડ પ્રેશર કંટ્રોલમાં રહે છે. જે લોકોને ડાયાબિટીસ હોય તેમણે આ લોટને ડાયટમાં સામેલ કરવો જોઈએ. જે લોટની અહીં વાત થઈ રહી છે તે છે ફણસનાનો લોટ. રિસર્ચમાં સામે આવ્યું છે કે ફણસનો લોટ સુગર લેવલને કંટ્રોલ કરવામાં મદદગાર સાબિત થાય છે. રોજ આ લોટની રોટલી ખાવાથી ટાઈપ ટુ ડાયાબિટીસના દર્દીઓને ફાયદો થાય છે. રિસર્ચમાં એ વાત સામે આવી છે કે જે લોકો આ લોટ ખાય છે તેમનામાં HbA1c નું પ્રમાણ ઓછું જોવા મળે છે.



### ફણસના લોટના ફાયદા

ફણસના લોટમાંથી બનેલી રોટલીઓ ફક્ત ડાયાબિટીસના દર્દીઓ માટે ફાયદાકારક છે એવું નથી. આ લોટની રોટલી અન્ય સમસ્યામાં પણ ફાયદો કરે છે. જેમકે આ લોટ હાઈ બ્લડ પ્રેશરની સમસ્યાને પણ કંટ્રોલ કરે છે. ફણસના લોટને ડાયટમાં સામેલ કરવાથી વજન ઘટાડવામાં પણ મદદ મળે છે. જે લોકોનું વજન વધારે હોય તેમણે આ લોટની રોટલી ખાવી જોઈએ તેનાથી સ્થૂળતાની સમસ્યા દૂર થાય છે. આ સિવાય આ લોટની રોટલી ખાવાથી હાડકા પણ મજબૂત થાય છે.

### કેવી રીતે બને છે ફણસનો લોટ ?

ફણસનો લોટ બનાવવા માટે સૌથી પહેલા ફણસના બીને કાઢીને તડકામાં સુકવી લેવા. બી સુકાઈ જાય પછી તેની ઉપરનું પડ કાઢી નાખવું અને તેના બીનો પાવડર તૈયાર કરી લેવો.

# આ ત્રણ પીણાં હાઈ બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે

આજકાલ ઘણા લોકો બીપી વધવાની સમસ્યાથી પરેશાન છે. હાઈ બીપી પાછળ ઘણા કારણો હોઈ શકે છે, જેમાં તણાવ, ઊંઘની કમી અને ખાવાની ખરાબ આદતો સામેલ છે. બીપી વધવાથી હાર્ટ સંબંધિત સમસ્યાઓ પણ થઈ શકે છે. બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવા માટે આહારમાં ફેરફાર કરો. તણાવ, ઊંઘ ન આવવાથી અને વધુ મીઠું અને તળેલા ખોરાક ખાવાથી બીપી વધી શકે છે. કેટલાક પીણાં બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

આજકાલ ઘણા લોકો બીપી વધવાની સમસ્યાથી પરેશાન છે. હાઈ બીપી પાછળ ઘણા કારણો હોઈ શકે છે, જેમાં તણાવ, ઊંઘની કમી અને ખાવાની ખરાબ આદતો સામેલ છે. બીપી વધવાથી હાર્ટ સંબંધિત સમસ્યાઓ પણ થઈ શકે છે. આવી સ્થિતિમાં બીપી લેવલને યોગ્ય રાખવું ખૂબ જ જરૂરી છે. એક સમય હતો જ્યારે વધતી ઉંમર સાથે લોકોને આ સમસ્યાનો સામનો કરવો પડતો હતો, પરંતુ આજે લોકો નાની ઉંમરમાં જ હાઈ બીપીથી પીડાઈ રહ્યા છે. બીપીને કંટ્રોલ કરવા માટે ખોરાકમાં ફેરફાર કરવો ખૂબ જ જરૂરી છે. કેટલાક ખાસ પીણાં તમને આમાં મદદ કરી શકે છે. આ અંગે માહિતી આપી રહ્યા છે ડો.શિખા શર્મા. ડોક્ટર શર્માએ દિલ્હીથી અભ્યાસ કર્યો છે. વૈદિક અને આધુનિક પોષણને અનુસરીને, તે લોકોને યોગ્ય આહાર પસંદ કરવામાં અને સ્વસ્થ રહેવામાં મદદ કરે છે.



### હાઈ બીપી માટે લેમન ટી

લેમન ટી બીપીને કંટ્રોલ કરવામાં અસરકારક માનવામાં આવે છે. દિવસની શરૂઆત લેમન ટીથી કરો. તેમાં લીંબુના રસના થોડા ટીપા ઉમેરો. તેમાં પોટેશિયમનું પ્રમાણ વધુ હોય છે, જે શરીરમાંથી વધારાનું સોડિયમ દૂર કરવામાં મદદ કરે છે. આ સિવાય તમારે તમારા આહારમાં એવી વસ્તુઓનો સમાવેશ કરવો જોઈએ જેમાં સોડિયમ અને ચરબી ઓછી હોય અને ફાઈબર વધારે હોય.

**મોરિંગ પાણી :** ઔષધીય ગુણોથી ભરપૂર મોરિંગા બીપીને નિયંત્રિત કરવામાં પણ ફાયદાકારક છે. મોરિંગામાં વિટામિન્સ, મિનરલ્સ અને અન્ય ઘણા પોષક તત્વો હોય છે, જે બીપીને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. તમે મોરિંગાના પાંદડાને ઉકાળીને મોરિંગા પાણી તૈયાર કરી શકો છો. તેને આહારમાં સામેલ કરવાથી હાઈ બીપીના લક્ષણો ઘટાડવામાં મદદ મળી શકે છે. બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવા માટે નારિયેળ પાણી નારિયેળ પાણી પણ બીપીના સ્તરને નિયંત્રિત કરવા માટે ખૂબ સારું છે. નાળિયેર પાણીમાં લગભગ 90 ટકા પાણી હોય છે અને ચરબીનું પ્રમાણ ખૂબ ઓછું હોય છે. તેમાં એન્ટી ઓક્સીડેન્ટ અને પોટેશિયમ વધુ માત્રામાં હોય છે. આ બીપીને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે. સવારે ખાલી પેટ નારિયેળ પાણીનું સેવન અવશ્ય કરો. જો કે તેની સાથે બાકીના આહારનું પણ ધ્યાન રાખવું જરૂરી છે.

# શું દાંત પર ચોંટેલી ગંદકીથી શરમ અનુભવો છો ? આ ટિપ્સ તમને કામ લાગશે...

ઘણી વખત આ પીળા દાંત અકળામણનું કારણ બની જાય છે. કેટલાક લોકોના દાંતમાં ટાર્ટાર જમા થાય છે. તેનાથી દાંતમાં દુખાવો, સડો અને શ્વાસની દુર્ગંધ થાય છે. દાંત પીળા પડવાથી તમારા વ્યક્તિત્વ પર નકારાત્મક અસર પડી શકે છે. ચાલો જાણીએ આવી જ કેટલીક ટિપ્સ જેની મદદથી દાંતને પીળા પડવા અથવા દાંતમાં ગંદકી જમા થવાથી બચાવી શકાય છે. દરેક વ્યક્તિ ખુલ્લેઆમ હસવા માંગે છે પરંતુ પીળા દાંતને કારણે કેટલીકવાર લોકો ખુલીને હસી શકતા નથી. જ્યારે તે તમારું સ્મિત છીનવી લે છે, ત્યારે તે તમારા ચહેરા પરથી ચમક પણ છીનવી લે છે. ઘણી વખત આ પીળા દાંત અકળામણનું કારણ બની જાય છે. કેટલાક લોકોના દાંતમાં ટાર્ટાર જમા થાય છે. તેનાથી દાંતમાં દુખાવો, સડો અને શ્વાસની દુર્ગંધ થાય છે. જો તમે પણ પીળા દાંત અને ટાર્ટારની સમસ્યાથી બચવા માંગતા હોવ તો આ ઉપાયો તમારા માટે ઉપયોગી થઈ શકે છે.



દાંત સાફ કરવા માટે નિયમિત બ્રશ કરવું જરૂરી છે. કેટલાક લોકો સવારે દાંત સાફ કર્યા વગર ચા પીવે છે અને રાત્રે પણ દાંત સાફ કર્યા વગર સૂઈ જાય છે. ઓછામાં ઓછા 2 મિનિટ માટે તમારા દાંત સાફ કરવાનું લક્ષ્ય રાખો. જો તમે ઈચ્છો તો માઉથવોશનો પણ ઉપયોગ કરી શકો છો. આ તમારા મોં અને તમારા દાંતમાંથી બેક્ટેરિયા દૂર કરવામાં મદદ કરી શકે છે. આ સિવાય જ્યારે પણ તમે કોફી, ચા કે ચોકલેટનું સેવન કરો છો તો તરત જ તમારા દાંતને બ્રશ કરો, નહીંતર દાંત પર ડાઘ જમા થઈ શકે છે.

**ધૂમ્રપાનથી દૂર રહો :** પીળા દાંતનું મુખ્ય કારણ ધૂમ્રપાન છે. આવી સ્થિતિમાં, જો તમે તમારા દાંતને સ્વચ્છ અને ચમકદાર રાખવા માંગો છો, તો આજથી જ ધૂમ્રપાન કરવાનું બંધ કરો, કારણ કે ધૂમ્રપાન કરવાથી દાંત પર ખરાબ અસર થાય છે. તેનાથી તમારા દાંતમાં સડો પણ થઈ શકે છે. જો તમે તમારા દાંતને સાફ રાખવા ઈચ્છો છો, તો હંમેશા તમારા દાંતને ફ્લોસ કરો, કારણ કે કેટલીકવાર ખોરાક ખાધા પછી, ખોરાકના કણો દાંતની વચ્ચે રહી જાય છે. ખોરાકના કણોને લાંબા સમય સુધી અટવાયેલા રહેવાથી પણ દાંતમાં સડો થઈ શકે છે. પીળાશ દાંત વચ્ચે પકડી શકે છે. આ તમારા પેઢાને પણ નુકસાન પહોંચાડી શકે છે.

ટાર્ટારની સમસ્યાથી બચવા માટે તમારે દર 6 મહિને ડેન્ટલ ચેકઅપ કરાવવું જોઈએ. દાંતમાં ગંદકી જમા થવાને કારણે પ્લેક જમા થાય છે અને પીળી તકતીનું પડ દેખાવા લાગે છે. જો તમે તમારા દાંતને આ સમસ્યાથી બચાવવા માંગો છો, તો તમે દર 6 મહિને તમારા દાંત સાફ કરાવી શકો છો. એપલ સીડર વિનેગર સાથે ગાર્ગલ કરો દાંતની પીળાશ દૂર કરવા માટે, અઠવાડિયામાં 2 થી 3 વખત એપલ સીડર વિનેગરથી કોગળા કરો. આ બ્રશ પછી. આમ કરવાથી પીળાશ ધીમે ધીમે દૂર થાય છે. જો તમને આ લેખ પસંદ આવ્યો હોય, તો પછી તેને શેર કરવાનું ભુલશો નહીં. આવા વધુ લેખો વાંચવા માટે ગુજરાતી જાગરણ સાથે જોડાયેલા રહો.

# કાસ્ટિંગ કાઉચનો સામનો કરવો પડ્યો હતો અભિષેક કુમારને...

## બોલ્યો, 'પરિસ્થિતિ એવી હતી કે હું આત્મહત્યા કરી લઉં, મારા માતા-પિતાને ખોટું કહીને મુંબઈ ભાગી આવ્યો હતો'



'બિગ બોસ 17'ના ટોપ કન્ટેસ્ટન્ટ રહી ચૂકેલા અભિષેક કુમાર હવે રોહિત શેટ્ટીના શો 'ખતરોં કે ખિલાડી 14'માં પણ જોવા મળશે. આ દિવસોમાં અભિષેક રોમાનિયામાં આ શોનું શૂટિંગ કરી રહ્યો છે. હાલમાં જ એક ઈન્ટરવ્યૂ દરમિયાન અભિષેકે પોતાના સંઘર્ષ વિશે વાત કરતા કહ્યું કે 'તેમને કાસ્ટિંગ કાઉચનો સામનો કરવો પડ્યો છે. આ પછી એવી સ્થિતિ આવી કે આત્મહત્યા કરવાનું મન બનાવી લીધું હતું.'

એક્ટર અભિષેક કુમારે કોમેડિયન ભારતી સિંહના પોડકાસ્ટમાં જણાવ્યું કે કેવી રીતે તેમણે તેમની કરિયરના શરૂઆતના દિવસોમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. એક્ટરે કહ્યું- મિકેનિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યા બાદ હું 6 મહિનાની ટ્રેનિંગ માટે દિલ્હી જવાનો હતો. પણ તે ખોટું બોલીને મુંબઈ આવી ગયો હતો.

અભિષેક કુમારનો પરિવાર તેમના એક્ટિંગની વ્યવસાયની વિરુદ્ધ હતો. અભિષેકે કહ્યું, '2017માં ઘરેથી ભાગી ગયો હતો. શરૂઆતમાં જુનિયર આર્ટિસ્ટ તરીકે કામ કર્યું. નાસ્તા માટે પૈસા બચાવવા હું મોડે સુધી જાગતો હતો. ઘરે જ સાદું ભોજન લેતો હતો. રાત્રે તે ડિનરમાં વડાપાવ ખાઈને સૂઈ જતો. ઓડિશન માટે પગપાળા જતો હતો.'

અભિષેક કુમાર તેમની કરિયરની શરૂઆતના દિવસોમાં કાસ્ટિંગ કાઉચનો શિકાર બન્યો હતો. તેમણે કહ્યું- નકલી ઓડિશનના બહાને એક ગે વ્યક્તિએ મારી સાથે ખોટું કરવાનો પ્રયાસ કર્યો. હું ત્યાંથી ભાગી ગયો, મારી સ્થિતિ એવી હતી કે કદાચ હું આત્મહત્યા કરી લઉં.

# ગુરુ રંધાવાએ કરી સ્ટાઈલિશ એન્ટ્રી, અદ્ભૂત ક્રૂઝની ઝલક બતાવી



(એજન્સી) મુંબઈ | મુકેશ અંબાણી અને નીતા અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી જુલાઈમાં રાધિકા મર્ચન્ટ સાથે લગ્ન કરવા જઈ રહ્યા છે. બંનેના લગ્નની તારીખ જાહેર થઈ ગઈ છે જે મુજબ રાધિકા-અનંત 12 જુલાઈના રોજ લગ્નના બંધનમાં બંધાશે. રાધિકા-અનંતના લગ્નના તમામ કાર્યક્રમો મુંબઈના જિયો વર્લ્ડ સેન્ટરમાં યોજાશે. લગ્નના કાર્યક્રમો 3 દિવસ સુધી ચાલશે. 12મી જુલાઈએ લગ્ન, 13મીએ આશીર્વાદનો કાર્યક્રમ અને 14મીએ રિસેપ્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જો કે રાધિકા-અનંતના લગ્ન જુલાઈમાં છે પરંતુ તેના મહિનાઓ પહેલા જ અંબાણી પરિવારમાં ઉજવણીનો માહોલ શરૂ થઈ ગયો છે. અંબાણી પરિવારે માર્ચમાં જામનગરમાં તેની પ્રથમ પ્રી-વેડિંગ સેરેમની યોજી હતી અને હવે આ કપલની બીજી લક્ઝરી પ્રી-વેડિંગ પાર્ટી ઈટાલીમાં ચાલી રહી છે જેમાં અનેક સેલિબ્રિટીઓએ હાજરી આપી હતી. રિહાનાએ અનંત-રાધિકાના પ્રથમ પ્રી-વેડિંગમાં હાજરી આપી હતી ત્યારે પિટબુલ, શકીરા અને કેટી પેરી બીજા પ્રી-વેડિંગમાં પરફોર્મ કરશે. આ સાથે લોકપ્રિય પંજાબી ગાયક ગુરુ રંધાવા પણ આ ફંક્શનમાં મહિમા ઉમેરશે. આ ઈવેન્ટમાં પરફોર્મ કરવા માટે ગુરુ રંધાવા ઈટાલી પહોંચી ગયા છે. તેણીએ ખૂબ જ સ્ટાઈલિશ શૈલીમાં તેની એન્ટ્રી કરી અને તે ક્રુઝ શિપની ઝલક પણ બતાવી જેમાં રાધિકા મર્ચન્ટ અને અનંત અંબાણીના અન્ય પ્રી-વેડિંગ ફંક્શન ચાલી રહ્યા છે. તેમણે ખૂબ જ સુંદર સજાવટની ઝલક પણ બતાવી છે. ગુરુ રંધાવાનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે જેમાં તે ચાહકોને તે ક્રૂઝની ઝલક આપતા જોવા મળી રહ્યા છે જેમાં રાધિકા મર્ચન્ટ અને અનંત અંબાણીના પ્રી-વેડિંગની ઉજવણી થઈ રહી છે. ગુરુ રંધાવાએ શેર કરેલા વીડિયોમાં તે કહી રહ્યા છે કે, 'દરેકનું સ્તર બહાર આવશે' તમને જણાવી દઈએ કે, રાધિકા અને અનંતના લગ્ન 12 જુલાઈના રોજ વૈદિક મંત્રોચ્ચાર સાથે થશે પરંતુ તે પહેલા અંબાણી પરિવાર માટે કપલ માટે એક લક્ઝરી ક્રૂઝ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું છે જેની ચર્ચા આ દિવસોમાં દરેક જગ્યાએ થઈ રહી છે.

# અમારા છૂટાછેડાની વાતથી દીકરીઓ અજાણ છે : ઈશા દેઓલ



એક ઈન્ટરવ્યૂમાં ઈશાએ કહ્યું 'દીકરીઓ હજુ નાની હોવાથી અમે તેમનાથી આ વાત છુપાવી રાખી છે'

તેની પુત્રીઓ રાધ્યા અને મીરાયા તેના વિશેના સમાચાર વાંચીને ચિંતિત છે

(એજન્સી) મુંબઈ | ઈશા દેઓલ તેના અંગત જીવનને લઈને ઘણા સમયથી ચર્ચામાં છે. હાલમાં જ એક ઈન્ટરવ્યૂ દરમિયાન ઈશાને પૂછવામાં આવ્યું કે શું તે તેની પુત્રીઓ રાધ્યા અને મીરાયા તેના વિશેના સમાચાર વાંચીને ચિંતિત છે? આના જવાબમાં ઈશાએ કહ્યું કે, 'તે આ બધું જાણવા માટે હજી ઘણી નાની છે. મેં મારી જાતને તૈયાર કરી છે કે તેમની સાથે કેવી રીતે વ્યવહાર કરવો.' ઈશાએ કહ્યું કે, તેની દીકરીઓ આ બધી બાબતોને સમજવા માટે ઘણી નાની છે. આટલું જ નહીં, ઈશાએ એ પણ જણાવ્યું કે જ્યારે તે નાની હતી ત્યારે તે પોતે ઘણી વસ્તુઓ વાંચીને મોટી થઈ હતી.' અભિનેત્રીએ કહ્યું કે તેને આશા છે કે જ્યારે તે તેના સુધી પહોંચશે, ત્યારે તે તેને સંભાળી શકશે. ઈશાએ કહ્યું 'જ્યારે મારી દીકરીઓને મારા અને ભરત વિશે ખબર પડશે તો મેં મારી જાતને તૈયાર કરી છે કે તેમને કેવી રીતે હેન્ડલ કરવી. જો તમે સોશિયલ મીડિયા પર છો, તો તમારે આ બધાનો સામનો કેવી રીતે કરવો તે જાણવું જોઈએ.' અહેવાલ મુજબ, તેઓએ એક સંયુક્ત નિવેદન બહાર પાડયું હતું. નિવેદનમાં લખ્યું 'અમે બંનેએ પરસ્પર સહમતિથી અલગ થવાનો નિર્ણય લીધો છે.

## દિવ્યા-ખોસલા 'સાવી'ના પ્રમોશન માટે અમદાવાદની-મહેમાન

# જ્યોતિષશાસ્ત્રમાં મને વિશ્વાસ હોવાથી મારી સરનેમ હટાવી છે : દિવ્યા ખોસલા

મુંબઈ | 'સાવી' મૂવીના પ્રમોશનલ ટૂર હેઠળ બોલિવૂડ એક્ટ્રેસ દિવ્યા ખોસલા અમદાવાદની મહેમાન બનીને સિટી લાઈફ સાથે ખાસ વાતચીત કરી . બોલિવૂડની 360 ડિગ્રી પર્સનાલિટી અભિનેત્રી દિવ્યા ખોસલા ગઈકાલે રિલીઝ થયેલી પોતાની ફિલ્મ 'સાવી'ના પ્રમોશન માટે અમદાવાદની મહેમાન બની હતી. સિટી લાઈફ સાથેની ખાસ વાતચીતમાં દિવ્યા ખોસલાએ મૂવી અંગે, પોતાની એક્ટિંગ, ડિરેક્શન અને ફિલ્મ પ્રોડ્યુસિંગની જર્ની વિશે જણાવ્યું હતું. તાજેતરમાં દિવ્યા ખોસલાએ પોતાના સોશિયલ મીડિયામાં પોતાની સરનેમ કુમારને હટાવીને દિવ્યા ખોસલા કરી દેતા સોશિયલ મીડિયામાં એવી ચર્ચાઓ હતી કે દિવ્યા અને તેના પતિ ભૂષણ કુમાર વચ્ચે બધુ ઠીક નથી ચાલી રહ્યું. સરનેમ ચેન્જ કરવાના કારણ વિશે વાત કરતા દિવ્યા ખોસલાએ કહ્યું કે, 'હું જ્યોતિષશાસ્ત્રમાં ખૂબ માનું છું અને જ્યારે મેં ન્યૂમરોલોજિકલી મેં ચેક કરાવ્યું ત્યારે મને જે ગાઈડન્સ મળ્યું તેને અનુસરીને મેં મારી સરનેમ હટાવી હતી. બસ બીજું કશું નથી.' દિવ્યા ખોસલાએ ફિલ્મ વિશે વધુમાં વાત કરતા કહ્યું કે 'આ ફિલ્મ થકી અમે એ વસ્તુ બહાર લાવવાનો પ્રયાસ કરીએ છીએ કે સ્ત્રી ક્યારેય અબળા હોતી નથી. જે સ્ત્રીને આપણે ગૃહિણી તરીકેની એક ચોક્કસ ચોકઠામાં બેસાડી દીધી છે તે સ્ત્રી જ્યારે ઘર, પરિવાર કે પતિ પર આપદા આવે ત્યારે ફ્રન્ટલાઈન વોરિયર્સ બની પોતાના પરિવારને પ્રોટેક્ટ કરે છે. સાવી ફિલ્મમાં પણ અમે પુરુષપ્રધાન સમાજમાં કેવી રીતે એક હાઉસ વાઈફ પોતાના પતિને બચાવે છે તે વસ્તુ બતાવવાનો પ્રયાસ કર્યો છે. આ ફિલ્મ થકી અમે સમાજમાં એક મેસેજ આપવા માંગીએ છીએ કે સ્ત્રીને ક્યારેય બિચારી ના સમજવી જોઈએ. સ્ત્રીએ પણ દરેક પરિસ્થિતિમાં લડવાનો જોમ-જુસ્સો બનાવી રાખવો જોઈએ.' પોતાના ફિલ્મની કેરિયર વિશે વાત કરતા દિવ્યા ખોસલાએ કહ્યું 'હું ક્રિયેટિવ છોકરી છું એટલે હંમેશાં મારી ક્ષમતાનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં માનું છું. મેં કેરિયરની શરૂઆત એક્ટિંગથી કરી, ત્યાર બાદ થોડો બ્રેક લીધો.



# ગંગુબાઈના સેટ પર SLB ગુસ્સાથી લાલચોળ થયા...

## છાયા કદમે ભણસાલીના ગુસ્સાને યોગ્ય ગણાવ્યો; કહ્યું, 'પહેલીવાર તેમનો ગુસ્સો જોઈને ડરી હતી'



હાલમાં જ એક ઇન્ટરવ્યૂમાં છાયાએ સંજય લીલા ભણસાલી સાથે કામ કરવાનો અનુભવ કર્યો હતો.

(એજન્સી) મુંબઈ | એક્ટ્રેસ છાયા કદમ આ વર્ષે કિરણ રાવની 'લાપતા લેડીઝ' અને કુણાલ ખેમુની 'મડગાંવ એક્સપ્રેસ'માં તેના શાનદાર એક્ટિંગને કારણે ચર્ચામાં છે. તેમની ફિલ્મ 'ઓલ વી ઈમેજિન એઝ લાઈટ' એ હાલમાં 77માં કાન ફિલ્મ ફેસ્ટિવલમાં ગ્રાન્ડ પ્રિક્સ જીતીને ઈતિહાસ રચ્યો હતો. હાલમાં જ એક ઈન્ટરવ્યૂમાં છાયાએ સંજય લીલા ભણસાલી સાથે કામ કરવાનો અનુભવ શેર કર્યો હતો. હકીકતમાં તેમણે ભણસાલીની ફિલ્મ 'ગંગુબાઈ'માં પણ કામ કર્યું હતું. ઝૂમ સાથેની વાતચીતમાં છાયાએ કહ્યું કે ભણસાલી તેમની ફિલ્મોમાં દરેક નાની-નાની વિગતોનું ધ્યાન રાખે છે. છાયાએ હસીને કહ્યું કે તેમણે સેટ પર તેમના સ્વભાવ વિશે ઘણું સાંભળ્યું હતું અને ઘણું જોયું પણ હતું. પરંતુ બાદમાં છાયાને સમજાયું કે તેને આ રીતે પોતાની જાતને વ્યક્ત કરવાનો અધિકાર છે. છાયા કહે છે કે જો કોઈ વ્યક્તિએ તેની ફિલ્મ વિશે ઘણું બધું વિચાર્યું હોય અને તમે તેને તમારી ભૂલથી બગાડશો તો આવી સ્થિતિમાં કોઈપણ વ્યક્તિને ગુસ્સો આવે તે સ્વાભાવિક છે. પોતાના અનુભવનું વર્ણન કરતાં છાયાએ કહ્યું, મેં 'ગંગુબાઈ'ના સેટ પર કેટલીક વસ્તુઓ જોઈ હતી... જ્યારે તેઓ ગુસ્સે થયા હતા. મેં વિચાર્યું કે 'આના જેવું કામ નથી થતું' અને 'મેં પહેલાં ક્યારેય આના જેવા સેટ પર કામ કર્યું નથી.' પણ પાછળથી અમે એક જ વાર વાત કરી. જે બાદ કામ પૂરું થઇ ગયું હતું. અંત સુધી બધું બરાબર ચાલતું હતું. એક ઈન્ટરવ્યૂમાં છાયા કદમે તેમના શરૂઆતના સંઘર્ષ વિશે પણ વાત કરી અને કહ્યું - અગાઉ મારો સંઘર્ષ કામ મેળવવા માટે હતો; અને હવે તે સારા કામ માટે છે. વધુમાં કહ્યું કે, અગાઉના ફિલ્મ સમીક્ષકોને મારા નામ વિશે ખબર ન હતી, પછી ભલે મારું પાત્ર કેટલું મહત્ત્વનું હોય.



# સલમાનની ગાડી પર AK-47થી ફાયરિંગનો પ્લાન નિષ્ફળ...

## લોરેન્સ ગેંગના 4 શૂટરની મુંબઈથી ધરપકડ, પાકિસ્તાનથી મગાવ્યા હતા હથિયાર

(એજન્સી) મુંબઇ | મુંબઈ પોલીસે ફરી એકવાર બોલિવૂડ એક્ટર સલમાન ખાન પર હુમલો કરવાનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો છે. નવી મુંબઈ પોલીસે લોરેન્સ બિશ્નોઈની ગેંગના ચાર લોકોની ધરપકડ કરી છે જેઓ પનવેલમાં સલમાનની કાર પર હુમલો કરવાની યોજના બનાવી રહ્યા હતા. આ ચારની ઓળખ ધનંજય ઉર્ફે અજય કશ્યપ, ગૌરવ ભાટિયા, વસીમ ચિકના અને રિઝવાન ખાન તરીકે થઈ છે. આ માટે સપ્લાયર મારફત પાકિસ્તાન પાસેથી હથિયારો ખરીદવાની યોજના પણ બનાવવામાં આવી રહી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, હુમલાખોરો AK-47, M-16 અને AK-92 મેળવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ કેસમાં પોલીસે અત્યાર સુધીમાં લોરેન્સ બિશ્નોઈ, અનમોલ બિશ્નોઈ, ગોલ્ડી બ્રાર સહિત 18 લોકો વિરુદ્ધ FIR નોંધી છે.

આ પહેલાં 14 એપ્રિલે પણ સવારે 5 વાગ્યે બાંદ્રામાં સલમાન ખાનના ગેલેક્સી એપાર્ટમેન્ટની સામે ફાયરિંગ કરવામાં આવ્યું હતું. બે બાઈક પર આવેલા હુમલાખોરોએ 5 રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગ સમયે સલમાન તેના ઘરે હતો. ઘટના બાદ સલમાનના ઘરની બહાર સુરક્ષા વધારી દેવામાં આવી હતી.

બે દિવસ બાદ ફાયરિંગના બંને આરોપીઓ ઝડપાઈ ગયા હતા. ખાનને લોરેન્સ બિશ્નોઈ-ગોલ્ડી બ્રાર ગેંગ તરફથી જાનથી મારી નાખવાની ધમકીઓ મળી હતી.

# એક્ટર નહીં આર્મી ઓફિસર બનવા માંગતો હતો આર.માધવન..

## પોતાની જ વિદ્યાર્થીની સાથે પ્રેમ થયો અને લગ્ન કર્યા, ભારતના રાષ્ટ્રપતિના હસ્તે મળ્યો હતો એવોર્ડ



આર માધવન... ફિલ્મ ઈન્ડસ્ટ્રીનું આ એક એવું નામ છે જેણે અનેક ફિલ્મોમાં પોતાની સારી એક્ટિંગનો પુરાવો આપ્યો છે. માધવન એક મહાન અભિનેતા, એક મહાન લેખક, એક મહાન નિર્માતા અને એક મહાન ટીવી પ્રસ્તુતકર્તા છે. તેણે પોતાના અભિનયના દમ પર અત્યાર સુધી ઘણા એવોર્ડ જીત્યા છે. માધવનને તમિલનાડુ રાજ્ય પુરસ્કાર પણ મળ્યો છે. આજે આર. માધવનનો 54મો જન્મદિવસ છે. બોલિવૂડ સિવાય તેણે સાઉથ ઈન્ડસ્ટ્રીમાં પણ પોતાની એક્ટિંગથી એક અલગ જ છાપ છોડી છે. લગભગ 52 ફિલ્મોનો હિસ્સો રહી ચૂકેલા માધવનને ફિલ્મફેર અને આઈફા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો છે.

જમશેદપુરમાં જન્મેલા માધવન આર્મીમાં જોડાવા માગતા હતા પરંતુ નાની ઉંમરના કારણે આ સપનું અધૂરું રહી ગયું. બાદમાં તેમણે શિક્ષક તરીકે કારકિર્દી શરૂ કરી અને પછી ફિલ્મોમાં આવ્યા.આર. માધવન બોલિવૂડના એવા કેટલાક સ્ટાર્સમાંથી એક છે જેમણે પોતાની કરિયરમાં 7 ભાષાની ફિલ્મોમાં કામ કર્યું છે. માધવનની લવસ્ટોરી પણ ઘણી રસપ્રદ છે. તે તેની વિદ્યાર્થીનીના પ્રેમમાં પડ્યા, પછી તેની સાથે લગ્ન કર્યા. બે વીડિયો ગેમ પાત્રો માધવન પર આધારિત છે અને તેની કુલ નેટવર્થ આશરે રૂ. 105 કરોડ છે.

**માધવનનો જન્મ જમશેદપુરમાં થયો છે :** રંગનાથન માધવન જેમને આપણે આર. માધવન તરીકે ઓળખીએ છીએ. માધવનનો જન્મ 1 જૂન, 1970ના રોજ જમશેદપુર, બિહાર (હવે ઝારખંડમાં)માં થયો હતો. તેમના પિતા રંગનાથ આયંગર ટાટા સ્ટીલમાં મેનેજમેન્ટ એક્ઝિક્યુટિવ હતા. માતા સરોજા બેંક ઓફ ઈન્ડિયામાં મેનેજર હતી. માધવને જમશેદપુરની અંગ્રેજી માધ્યમની શાળામાંથી શાળાકીય શિક્ષણ મેળવ્યું હતું.

માધવનના પિતા ઈચ્છતા હતા કે તે એન્જિનિયર બને અને ટાટા સ્ટીલ જમશેદપુરમાં કામ કરે, પરંતુ મેથ્સ અને ફિઝિક્સમાં ઓછા માર્ક્સ હોવાના કારણે તેમને એન્જિનિયરિંગ કૉલેજમાં એડમિશન મળી રહ્યું ન હતું. સખત મહેનત પછી તેને કોલ્હાપુરની રાજારામ એન્જિનિયરિંગ કોલેજમાં પ્રવેશ મળ્યો. 1988 માં તેમણે સાંસ્કૃતિક રાજદૂત તરીકે સ્ટેટલર, આલ્બર્ટ, કેનેડામાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે શિષ્યવૃત્તિ પ્રાપ્ત કરી. તે લગભગ એક વર્ષ કેનેડામાં રહ્યા.

### અભિનયની સફર ટીવી થી શરૂ થઈ હતી

આર. માધવને હવે ફિલ્મોમાં કારકિર્દી બનાવવાનું મન બનાવી લીધું હતું. માધવને પોતાનો એક પોર્ટફોલિયો બનાવ્યો અને તેને એક મોડેલિંગ એજન્સીને આપ્યો, તેણે વિચાર્યું કે આનાથી થોડી વધુ આવક થશે. આ પછી 1996માં તેમને પાવડરની એડમાં કામ કરવાની તક મળી. આ જાહેરાત સંતોષ શિવને ડિરેક્ટ કરી હતી. આ જાહેરાતના સંતોષ સિવને માધવનને દિગ્દર્શક મણિરત્નમની ફિલ્મ ઈરુવરમાં મુખ્ય ભૂમિકા માટે સ્ક્રીન ટેસ્ટ આપવા માટે કહ્યું, પરંતુ મણિરત્નમે માધવનને એમ કહીને નકારી કાઢ્યો કે તે આ રોલ માટે યોગ્ય નથી. ત્યારબાદ માધવને તેની એક્ટિંગ કરિયરને આગળ વધારવા માટે નાના પડદાનો સહારો લીધો. તેણે ટીવી સિરિયલ 'બનેગી અપની બાત'થી શરૂઆત કરી અને 'ઘર જમાઈ', 'સાયા', 'આરોહણ', 'યે કહાં આ ગયે હમ'માં કામ કર્યું.

### વિદ્યાર્થીની સાથે પ્રેમ થયો -તેની સાથે લગ્ન કર્યા

માધવનની લવસ્ટોરી પણ ઘણી રસપ્રદ છે. તેના લગ્ન સરિતા બિર્જે સાથે થયા હતા. એકવાર માધવને કોલ્હાપુરમાં સ્પીકિંગ કોર્સ વર્કશોપનું આયોજન કર્યું હતું. સરિતા બિર્જે એરહોસ્ટેસ બનવા માગતી હતી. તે વ્યક્તિત્વ વિકાસ માટે માધવનના વર્કશોપમાં જોડાઈ. વર્કશોપમાં જ બંને પહેલીવાર મળ્યા હતા.

આ ક્લાસની મદદથી સરિતાએ સરળતાથી એર હોસ્ટેસનો ઈન્ટરવ્યૂ ક્લિયર કરી લીધો હતો. તેણે માધવનને થેંક્યૂ કહેવા માટે ડેટ પર બોલાવ્યો હતો. આ તારીખ પછી પણ બંનેને મળવાની પ્રક્રિયા ચાલુ રહી. બંનેએ એકબીજાને 8 વર્ષ સુધી ડેટ કર્યા, પછી 1999માં લગ્ન કર્યા. લગ્ન તમિલ વિધિ મુજબ થયા હતા અને તેમાં ફક્ત નજીકના મિત્રો અને પરિવારજનોએ જ હાજરી આપી હતી. માધવનનું ફિલ્મી કરિયર લગ્ન પછી જ શરૂ થયું હતું. સરિતાએ તેની કેટલીક ફિલ્મો માટે કોસ્ચ્યુમ પણ ડિઝાઈન કર્યા છે.

# નિશાંતને બોક્સિંગ માટે ભારતનો ચોથો ઓલિમ્પિક ક્વોટા મળ્યો

બેંગકોક તા 01



નિશાંત દેવે બેંગકોકમાં ચાલી રહેલા બોક્સિંગ ઓલિમ્પિક ક્વોલિફાયરની સેમિફાઈનલમાં પહોંચીને ઓલિમ્પિક ગેમ્સ માટે ટિકિટ મેળવી લીધી છે. પેરિસ ગેમ્સ માટે ક્વોટા હાંસલ કરનાર તે પ્રથમ ભારતીય પુરૂષ બોક્સર બન્યો છે. વર્લ્ડ ચેમ્પિયનશિપ બ્રોન્ઝ મેડલ વિજેતા નિશાંત અગાઉના ક્વોલિફાયરમાં ઓછા માર્જિનથી ક્વોટા ચૂકી ગયો હતો. આ વખતે તેણે 71 કિગ્રા વજન વર્ગમાં ક્વાર્ટર ફાઈનલમાં મોલ્ડોવાના વાસિલ સેબોટારીને 5-0થી હરાવ્યો હતો. આ શ્રેણીમાં 5 ક્વોટા દાવ પર હતા.

આ રીતે ભારતે બોક્સિંગમાં ઓલિમ્પિક માટે ચોથું ક્વોટા સ્થાન મેળવ્યું છે. નિશાંત પહેલાં, મહિલા બોક્સર નિખત ઝરીન (50 કિગ્રા), પ્રીત પવાર (54 કિગ્રા) અને લવલિના બોર્ગોહેન (75 કિગ્રા) ક્વોટા મેળવી ચૂકી છે. ઓલિમ્પિક ટિકિટ સાથે નિશાંત દેવ. તેણે મેન્સ બોક્સિંગમાં ભારતને પેરિસ ઓલિમ્પિક માટે તેનો પ્રથમ ક્વોટા આપ્યો છે. ઓલિમ્પિક ટિકિટ સાથે નિશાંત દેવ. તેણે મેન્સ બોક્સિંગમાં ભારતને પેરિસ ઓલિમ્પિક માટે તેનો પ્રથમ ક્વોટા આપ્યો છે. પેરિસ ગેમ્સ માટે ભારતનો 61મો ક્વોટા

નિશાંતના સેમિફાઈનલમાં પહોંચવાની સાથે, ભારતે પેરિસ ઓલિમ્પિક માટે 61મો ક્વોટા મેળવ્યો છે. અત્યાર સુધી સૌથી વધુ ક્વોટા શૂટિંગમાં મળ્યો છે. ભારતીય કોચિંગ સ્ટાફ સાથે નિશાંત દેવ. તેણે 71 કિગ્રા વજન વર્ગમાં ક્વોટા હાંસલ કર્યો હતો.

# નીરજ ચોપરા ઓલિમ્પિક પહેલાં 4 દેશોમાં ટ્રેનિંગ કરશે:રમતગમત મંત્રાલયે મંજૂરી આપી

ટોક્યો તા 01



ટોક્યો ઓલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા અને વિશ્વ ચેમ્પિયન જેવલિન થ્રોઅર નીરજ ચોપરા પેરિસ ઓલિમ્પિક પહેલા ચાર દેશોમાં ટ્રેનિંગ કરશે. રમતગમત મંત્રાલયે નીરજના કોચ ક્લાઉસ બાર્ટોનિટ્ઝ અને ફિઝિયો ઈશાન મારવાહ સાથે યુરોપમાં 60 દિવસની ટ્રેનિંગના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. તેની સાથે કુસ્તીબાજ વિનેશ ફોગાટ, લાંબા જમ્પર શૈલી સિંહ અને ભારતીય શૂટર્સ વિદેશમાં ઓલિમ્પિકની તૈયારી કરશે. નીરજ માંસપેશીઓની સમસ્યાથી પરેશાન ઓલિમ્પિકના બે મહિના પહેલાં નીરજ સ્નાયુઓની સમસ્યાથી પીડાઈ રહ્યો છે. આ જાણકારી તેણે થોડા દિવસો પહેલાં ઈન્સ્ટાગ્રામ પર આપી હતી. નીરજે લખ્યું હતું કે- 'થ્રોઈંગ સેશનમાં ભાગ લીધા બાદ મેં ઓસ્ટ્રાવા ગોલ્ડન સ્પાઈક ટુર્નામેન્ટમાં ભાગ ન લેવાનો નિર્ણય કર્યો છે. મને પહેલા પણ આ સમસ્યા થઈ છે. જો હું આ તબક્કે મારી જાતને દબાણ કરું તો તે ઈજામાં પરિણમી શકે છે. હું સ્પષ્ટ કહું છું કે હું ઈજાગ્રસ્ત નથી, પરંતુ હું ઓલિમ્પિક પહેલાં કોઈ જોખમ લેવા માગતો નથી.' ભારતીય શૂટર રાજેશ્વરી, મહેશ્વરી ઈટાલીમાં પ્રેક્ટિસ કરશે, પ્રણયની કોચની નિમણૂકને પણ મંજૂરી ખેલ મંત્રાલયના મિશન ઓલિમ્પિક હેઠળ શૂટર્સ રાજેશ્વરી કુમારી અને મહેશ્વરી ચૌહાણ તેમના અંગત કોચ સાથે 31 મેથી 11 જૂન સુધી ઈટાલીમાં યોજાનાર ટ્રેનિંગ કેમ્પમાં ભાગ લેશે. પેરિસ માટે ક્વોલિફાય કરનાર વિનેશ ફોગાટ 5 થી 7 જૂન દરમિયાન મેડ્રિડમાં યોજાનારી ગ્રાન્ડ પ્રિક્સમાં રમશે. લૉંગ જમ્પર શૈલી સિંહ લિસ્બન, પેરિસ, જીનીવા અને એથેન્સમાં તેના કોચ સાથે ટ્રેનિંગ કરશે.ભારતીય શટલર એચએસ પ્રણોયે 20 જૂનથી 22 જુલાઈ સુધી ટ્રેનર રોહન જ્યોર્જ મેથ્યુઝ, હાઈપરબેરિક ઓક્સિજન થેરાપી, રેડ લાઈટ થેરાપી સહિતની રિકવરી સર્વિસની નિમણૂકની માગ કરી હતી, જેને રમત મંત્રાલયે મંજૂરી આપી દીધી છે. TOPS (ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ) હેઠળ, પેરિસ ઓલિમ્પિકના મેડલ પ્રિય ભારતીયને મંત્રાલય દ્વારા તૈયારીમાં સહાય પૂરી પાડવામાં આવી હતી. નાણાકીય સહાયમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ઈન્ડિયા (SAI)ના ધોરણો મુજબ હવાઈ ભાડું, રહેઠાણ, ખોરાક, તબીબી વીમો, સ્થાનિક પરિવહન ખર્ચ તેમજ ખિસ્સામાંથી બહારના ભથ્થાનો સમાવેશ થશે.

# પ્રજ્ઞાનંદે નોર્વે ચેસ ટુર્નામેન્ટમાં કાર્લસનને હરાવ્યો

નવી દિલ્હી તા 01



ભારતીય ગ્રાન્ડમાસ્ટર આર પ્રજ્ઞાનંદે સ્ટેવેન્જરમાં રમાઈ રહેલી નોર્વે ચેસ ટુર્નામેન્ટમાં મોટી જીત નોંધાવી છે. આ ટુર્નામેન્ટના ત્રીજા રાઉન્ડમાં, આર પ્રજ્ઞાનંદે વિશ્વના નંબર 1 મેગ્નસ કાર્લસનને તેના જ હોમ ગ્રાઉન્ડમાં હરાવ્યો અને આ દિગ્ગજ પર તેની પ્રથમ ક્લાસિકલ ફોર્મેટ જીત નોંધાવી. ગયા વર્ષના ફિડે વર્લ્ડ કપમાં ઉપવિજેતા રહેલા પ્રજ્ઞાનંદે સફેદ પીસ સાથે રમતી વખતે શાનદાર પ્રદર્શન કર્યું હતું. ત્રીજા રાઉન્ડના અંતે, પ્રજ્ઞાનંદે 9 માંથી 5.5 પોઈન્ટ મેળવ્યા છે અને તે 6 ખેલાડીઓની ટુર્નામેન્ટમાં પ્રથમ ક્રમે છે. કાર્લસન 3 પોઈન્ટ સાથે પાંચમા સ્થાને સરકી ગયો છે.

અગાઉ, પ્રજ્ઞાનંદે ઝડપી અને બ્લિટ્ઝ ચેસ ફોર્મેટમાં કાર્લસન સામે જીત નોંધાવી હતી. નોર્વે ચેસ ટૂર્નામેન્ટના ત્રીજા રાઉન્ડના અંતે, પ્રજ્ઞાનંદે 9 માંથી 5.5 પોઈન્ટ મેળવ્યા છે. લાસિકલ ફોર્મેટ શું છે? રેપિડ, બ્લિટ્ઝ અને ક્લાસિકલ એ ચેસની ફોર્મેટ છે. ક્લાસિકલ ગેમનો અર્થ છે કે ખેલાડીએ શરૂઆતની 40 ચાલ 90 મિનિટની અંદર કરવાની હોય છે. રમત જીતવાથી એક પોઈન્ટ મળે છે, જ્યારે ડ્રોના કિસ્સામાં દરેક ખેલાડીને અડધો પોઈન્ટ આપવામાં આવે છે. 2 ક્લાસિકલ રમતો પછી, વધુ પોઈન્ટ ધરાવતા ખેલાડીને વિજેતા જાહેર કરવામાં આવે છે.જો 2 ક્લાસિકલ રમતો પછી સમાન પોઈન્ટ હોય, તો વિજેતા ઝડપી રાઉન્ડ દ્વારા નક્કી કરવામાં આવે છે. ઝડપી રાઉન્ડમાં દરેક 15 મિનિટની ચાર રમતોનો સમાવેશ થાય છે.

## T-20 વર્લ્ડ કપના ઈતિહાસમાં શ્રેષ્ઠ સ્ટ્રાઈક રેટ ધરાવતા આ 5 બેટર

જોસ બટલર જોસ બટલરને શ્રેષ્ઠ બેટરોમાંનો એક માનવામાં આવે છે. આ ઉપરાંત બટલરની સૌથી મોટી તાકાત એ છે કે તે, ઝડપી રન બનાવે છે. આ જ કારણ છે કે T-20 વર્લ્ડ કપના ઈતિહાસમાં તેનો 144. 48નૂ સ્ટ્રાઈક રેટ ખૂબ સારો છે. તેણે 27 મેચમાં 799 રન બનાવ્યા હતા. એબી ડી વિલિયર્સ નિવૃતિ લઈ ચુકેલા દક્ષિણ આફ્રિકાના એબી ડી વિલિયર્સનો T20 વર્લ્ડ કપમાં 143.40ની શાનદાર સ્ટ્રાઈક રેટ રહ્યો છે. ઝડપથી રન બનાવવાની કાબેલિયતે તેને સૌથી ખતરનાક બેટ્સમેનનું બિરુદ્ધ અપાવ્યું છે. ડી વિલિયર્સે 29 ઈનિંગ્સમાં 51 ચોગ્ગા અને 30 છગ્ગાની મદદથી 717 રન બનાવ્યા હતા. ક્રિસ ગેલ ક્રિસ ગેલમાં સાહસ અને આત્મવિશ્વાસનો વિશેષ સમન્વય હતો. જેના કારણે T-20 વર્લ્ડ કપમાં તેનો સ્ટ્રાઈક રેટ 142.75 રહ્યો હતો. જમૈકાના ખેલાડીઓ આસાનીથી કોઈપણ બોલરનો સામનો કરતા હતા. ટી20 વર્લ્ડ કપમાં બે-બે સદી ફટકારનાર ગેલ એકમાત્ર ખેલાડી છે.

# ઈંગ્લેન્ડે પાકિસ્તાન સામે T20 શ્રેણી જીતી



ઈંગ્લેન્ડ તા 01

ઈંગ્લેન્ડે 4 મેચની T20 શ્રેણીની ચોથી મેચમાં પાકિસ્તાનને 7 વિકેટે હરાવ્યું. આ જીત સાથે ઈંગ્લેન્ડે શ્રેણી પણ 2-0થી જીતી લીધી છે. સિરીઝમાં માત્ર 2 મેચ જ રમાઈ શકી હતી, બાકીની 2 મેચ વરસાદને કારણે ધોવાઈ ગઈ હતી.લંડનના ઓવલ મેદાન પર ગુરુવારે સાંજે ઈંગ્લેન્ડે ટાસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. બેટિંગ કરતા પાકિસ્તાને 19.5 ઓવરમાં તમામ વિકેટ ગુમાવીને 157 રન બનાવ્યા હતા. જવાબમાં ઈંગ્લેન્ડે 15.3 ઓવરમાં 3 વિકેટે ટાર્ગેટ ચેઝ કરી લીધો હતો.

ઈંગ્લેન્ડ માટે આદિલ રશિદે 2 વિકેટ લીધી અને 2 કેચ પણ લીધા, જેના કારણે તેને પ્લેયર ઑફ ધ મેચ મળ્યો. તે જ સમયે, માર્ક વુડ અને લિયામ લિવિંગ્સ્ટનને 2-2 સફળતા મળી. ક્રિસ જોર્ડન, મોઈન અલી અને જોફ્રા આર્ચરને 1-1 વિકેટ મળી હતી. બેટિંગ કરતી વખતે ફિલ સોલ્ટે 45 રનની ઈનિંગ રમી હતી. પાકિસ્તાનના હારિસ રઉફને 3 વિકેટ મળી હતી. જોસ બટલરને પ્લેયર ઑફ ધ સિરીઝ જાહેર કર્યો હતો. રિઝવાન-બાબરે ઓપનિંગ કર્યું

પાકિસ્તાન તરફથી મોહમ્મદ રિઝવાન અને બાબર આઝમે ઓપનિંગ કર્યું હતું. આ વર્ષે આ પહેલો પ્રસંગ હતો જ્યારે બંનેએ ટીમ માટે એકસાથે ઈનિંગ્સની શરૂઆત કરી હતી. શાનદાર શરૂઆત કરતા બંનેએ પાવરપ્લેમાં 59 રન બનાવ્યા હતા. જોકે ટીમની પહેલી વિકેટ પાવરપ્લેના છેલ્લા બોલ પર પડી અને રિઝવાન 23 રન બનાવીને આઉટ થયો હતો. જોફ્રા આર્ચરે તેની વિકેટ લીધી હતી. ત્યારપછીની ઓવરમાં બાબર પણ આદિલ રશિદનો શિકાર બન્યો હતો. રાશિદે તેને બોલ્ડ કર્યો અને તે 36 રન બનાવીને પરત ફર્યો. ઉસ્માન ખાને આ દરમિયાન ટીમ માટે કેટલાક રન ઉમેર્યા અને 21 બોલમાં 38 રન બનાવ્યા. વિકેટકીપર આઝમ ખાન અને શાહીન શાહ આફ્રિદી પણ ખાતું ખોલવામાં નિષ્ફળ રહ્યા હતા. ઈફ્તિખાર અહેમદે 21 રન અને નસીમ શાહે 16 રન ઉમેર્યા હતા. હારિસ રઉફ પણ 8 રન બનાવીને આઉટ થયો હતો. મોહમ્મદ આમિર 0 રન બનાવીને અણનમ રહ્યો હતો. ટીમ 157 રનમાં સમેટાઈ ગઈ હતી.

# ધવલ કુલકર્ણી મુંબઈ ટીમનો બોલિંગ મેન્ટર

મુંબઈ તા 01



ભૂતપૂર્વ ભારતીય ઝડપી બોલર ધવલ કુલકર્ણીને મુંબઈની ડોમેસ્ટિક ટીમના બોલિંગ મેન્ટર તરીકે નિયુક્ત કર્યો છે. મુંબઈ ક્રિકેટ એસોસિયેશનના સેક્રેટરી અજિંક્ય નાઈકે કહ્યું કે, ધવલ કુલકર્ણીને 2024-25ની ડોમેસ્ટિક સિઝન માટે બોલિંગ મેન્ટર તરીકે પસંદ કર્યો છે. ધવન ગત સિઝન સુધી મુંબઈ રણજી ટીમનો ભાગ હતો. તેણે ટીમને તેનું 42મું ટાઈટલ જીતવામાં મદદ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ પછી તેણે ક્રિકેટમાંથી સંન્યાસ લઈ લીધો. ધવલને 2014 અને 2016માં ભારત તરફથી રમવાની તક મળી, જે દરમિયાન તેણે 12 ODI અને 2 T20 ઈન્ટરનેશનલ રમી અને કુલ 22 વિકેટ લીધી છે. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ધવલની 285 વિકેટ ધવન કુલકર્ણીએ મુંબઈ માટે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં 96 મેચ રમી હતી અને 285 વિકેટ લીધી હતી. તેણે 2008માં હૈદરાબાદ સામેની ઈનિંગમાં 7 વિકેટ લઈને પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું હતું. તેની રણજી કારકિર્દીમાં તેણે 15 વખત 5 વિકેટ ઝડપી છે. ક્રિકેટે મને ઘણું આપ્યું, હું તેને પરત આપવા માગુ છું - કુલકર્ણી

મુંબઈએ રણજી ટ્રોફી જીત્યા બાદ નિવૃત્તિની જાહેરાત કરતા કુલકર્ણીએ કહ્યું હતું કે ક્રિકેટે મને ઘણું આપ્યું છે અને હું તેને પરત આપવા માગુ છું. પછી ભલે મને કોચ મળે કે કોઈ ભૂમિકા. ભવિષ્યમાં હું જે પણ કરીશ, તે ક્રિકેટની આસપાસ હશે.મુંબઈ ક્રિકેટ એસોસિયેશન ભારતીય ક્રિકેટ દિગ્ગજ સુનીલ ગાવસ્કરને તેમના 75માં જન્મદિવસ પર સન્માનિત કરશે. મુંબઈ ક્રિકેટ એસોસિયેશનના સેક્રેટરી અજિંક્ય નાઈકે જણાવ્યું હતું કે કાઉન્સિલના પ્રમુખ અમોલ કાલે અને એપેક્સ કાઉન્સિલે આ સંયુક્ત નિર્ણય લીધો છે. ધવલ ટ્રોફી સાથે. મુંબઈએ રણજી ટ્રોફીની ફાઈનલમાં વિદર્ભને 169 રનથી હરાવ્યું હતું.

# વેસ્ટ ઈન્ડિઝે ઓસ્ટ્રેલિયાને વોર્મ-અપ મેચમાં હરાવ્યું

અમેરિકા તા 01



T20 વર્લ્ડ કપ 2024ની પ્રેક્ટિસ મેચમાં શુક્રવારે વેસ્ટ ઈન્ડિઝે ઓસ્ટ્રેલિયાને 35 રનથી હરાવ્યું. પોર્ટ ઓફ સ્પેનમાં રમાયેલી મેચમાં ઓસ્ટ્રેલિયાએ ટૉસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રથમ બેટિંગ કરતા વેસ્ટ ઈન્ડિઝે 20 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 257 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. જવાબમાં ઓસ્ટ્રેલિયા 20 ઓવરમાં 7 વિકેટે 222 રન જ બનાવી શક્યું હતું. વેસ્ટ ઈન્ડિઝ તરફથી નિકોલસ પૂરને 25 બોલમાં 75 રન બનાવ્યા હતા. તે જ સમયે, કેપ્ટન રોવમેન પોવેલે 25 બોલમાં 52 રનની ઈનિંગ રમી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી એકમાત્ર અડધી સદી જોશ ઈંગ્લિસના બેટમાંથી આવી હતી. ઈંગ્લિસે 55 રન બનાવ્યા હતા. વેસ્ટ ઈન્ડિઝની શાનદાર બેટિંગઅ વેસ્ટ ઈન્ડિઝ તરફથી શાઈ હોપ અને જોન્સન ચાર્લ્સે બેટિંગની શરૂઆત કરી હતી. શાઈ હોપ વધુ રન બનાવી શક્યો નહોતો અને ત્રીજી ઓવરમાં એશ્ટન અગરનો શિકાર બન્યો હતો. તે 14 રન બનાવીને આઉટ થયો હતો. નિકોલસ પૂરન ત્રીજા નંબરે આવ્યો હતો.જ્હોન્સન ચાર્લ્સ અને નિકોલસ પૂરને ઈનિંગ્સની આગેવાની લીધી હતી.

બંનેએ 39 બોલમાં 90 રનની ભાગીદારી કરી હતી. પૂરન 25 બોલમાં 75 રન બનાવીને 10મી ઓવરમાં આઉટ થયો હતો. ચાર્લ્સ પણ 40 રન બનાવીને 14મી ઓવરમાં આઉટ થયો હતો. કેપ્ટન રોવમેન પોવેલે 25 બોલમાં 52 રનની ઈનિંગ રમી હતી. શિમરોન હેટમાયર 18 રન બનાવીને અણનમ રહ્યો હતો

# ભારતે જોખમ લીધું, દાવ ઊંધો પડી શકે

T20 વર્લ્ડ કપ માટે પસંદ કરવામાં આવેલી ટીમ પર ઓસ્ટ્રેલિયાના કેપ્ટન માઈકલ ક્લાર્કે મોટુ નિવેદન આપ્યું છે. તેમનું કહેવું છે કે, આગામી ટુર્નામેન્ટ માટે ભારતીય ટીમે મોટું જોખમ ઉઠાવ્યું છે. ક્લાર્કના મતે બ્લુ ટીમની સ્પિનરો પર વધુ પડતી નિર્ભરતા તેમના પર પ્રતિકૂળ સાબિત થઈ શકે છે. ભારતીય ટીમે આગામી ટુર્નામેન્ટ માટે પોતાની મુખ્ય ટીમમાં 4 સ્પિનરોની પસંદગી કરી છે. જેમાં ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા અને અક્ષર પટેલ સિવાય બે મુખ્ય સ્પિનર કુલદીપ યાદવ અને યુઝવેન્દ્ર ચહલનો પણ તેમા સમાવેશ કરવામાં આવ્યો છે. આટલું જ નહીં ક્લાર્કનું માનવું છે કે, T20 વર્લ્ડ કપ 2024 માટે ઓસ્ટ્રેલિયા સામે ભારત સૌથી મોટો ખતરા સમાન છે. મહત્ત્વપૂર્ણ ટૂર્નામેન્ટ પહેલા બંને ટીમો ICCની બે મોટી ઈવેન્ટમાં સામસામે આવી ચુકી છે. આ દરમિયાન બંને વાર ઓસ્ટ્રેલિયન ટીમ ભારત સામે મેદાન મારવામાં સફળ રહી છે. વધુ વાતચીત દરમિયાન ક્લાર્કે કહ્યું કે, 'મારા મતે ભારતે જે ટીમ પસંદ કરી છે. જેમાં એવુ કહી શકાય કે, તેમણે અહીં જોખમ ઉઠાવ્યું છે.

# જોકોવિચે આસાન જીત સાથે ફ્રેન્ચ ઓપનના ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો

પેરિસ તા 01



વિશ્વના નંબર 1 ટેનિસ ખેલાડી નોવાક જોકોવિચે ફ્રેન્ચ ઓપનમાં સતત સેટમાં જીત મેળવીને ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. 37 વર્ષીય સર્બિયન સ્ટારે અપેક્ષા મુજબ પ્રદર્શન કર્યું અને સ્પેનના રોબર્ટો કાર્બાલેસ બાયનાને 2 કલાક અને 4 મિનિટમાં 6-4, 6-1, 6-2થી હરાવ્યો. અન્ય એક મેચમાં રશિયાના ડેનિલ મેદવેદેવ અને રાફેલ નડાલને હરાવનાર જર્મનીના એલેક્ઝાન્ડર ઝવેરેવ જુનિયરે જીત મેળવીને આગલા રાઉન્ડમાં જગ્યા બનાવી છે. અહીં પેરિસમાં સતત ત્રીજા દિવસે વરસાદને કારણે મેચ પ્રભાવિત થઈ હતી, પરંતુ આ દરમિયાન ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયન આરીના સબાલેન્કા પણ આગળ વધવામાં સફળ રહી હતી. ફ્રેન્ચ ઓપનમાં વરસાદના કારણે સતત ત્રીજા દિવસે મેચ પ્રભાવિત થઈ હતી. ફ્રેન્ચ ઓપનમાં વરસાદના કારણે સતત ત્રીજા દિવસે મેચ પ્રભાવિત થઈ હતી. મેદવેદેવનો સર્બિયન હરીફ મેચમાંથી ખસી ગયો, ઝવેરેવે ગોફિનને હરાવ્યો મેન્સ સિંગલ્સમાં પાંચમો ક્રમાંકિત ડેનિલ મેદવેદેવ પણ ત્રીજા રાઉન્ડમાં પહોંચી ગયો છે. તે 6-1, 5-0થી આગળ હતો જ્યારે તેના પ્રતિસ્પર્ધી મિઓમિર કેકમાનોવિકે મેચમાંથી ખસી જવાનો નિર્ણય લીધો હતો. તે જ સમયે, રાફેલ નડાલને હરાવનાર એલેક્ઝાન્ડર ઝવેરેવે પોતાનું જીતનું અભિયાન ચાલુ રાખ્યું હતું. તેણે ડેવિડ ગોફિનને 7-6(4), 6-2, 6-2થી હરાવ્યો. તેમજ બીજા ક્રમાંકિત જાનિક સિનરે રિચાર્ડ ગાસ્કેને 6-4, 6-2, 6-4થી હરાવ્યો હતો.

# USની ક્રિકેટ લીગમાં શાહરુખ સહિતની IPLની અન્ય ટીમની માલિકી

દુંબઈ તા 01

જ્યારે 12 સપ્ટેમ્બર 2007ના રોજ પહેલીવાર T20 વર્લ્ડ કપ શરૂ થયો ત્યારે કોઈને ખાતરી નહોતી કે તે બહુ સફળ થશે. 2008માં IPL એટલે કે ઈન્ડિયન પ્રીમિયર લીગ સાથે પણ કંઈક આવું જ વિચારવામાં આવ્યું હતું. પરંતુ બંને ટુર્નામેન્ટે ક્રિકેટ જગતમાં ઘણી સફળતા મેળવી છે. T20 ફ્રેન્ચાઈઝી લીગનો ટ્રેન્ડ એટલો ઝડપથી વિકસ્યો છે કે હવે વિશ્વભરના ક્રિકેટ બોર્ડ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પહેલાં પોતાના દેશમાં ફ્રેન્ચાઈઝી લીગનું આયોજન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. અમેરિકાએ પણ ગયા વર્ષે આવું જ કંઈક કર્યું હતું, બોર્ડે તેની ફ્રેન્ચાઈઝી ટુર્નામેન્ટ મેજર લીગ ક્રિકેટ એટલે કે MLC 2023માં શરૂ કરી હતી. હવે અમેરિકા લોકપ્રિય બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

આજે વર્લ્ડ કપ ઈન્ડેપ્થ રિપોર્ટ પાર્ટ-6માં આપણે મેજર લીગ ક્રિકેટ વિશે વાત કરીશું... લીગનું નામ MLC કેમ? બેઝબોલ, લાકડાની પાતળી દાંડી જેવું બેટ અને બોલ સાથેની રમત, અમેરિકામાં પહેલેથી જ ખૂબ લોકપ્રિય છે. આ રમતની ફ્રેન્ચાઈઝી આધારિત લીગ, MLB એટલે કે મેજર લીગ બેઝબોલનું આયોજન ત્યાં કરવામાં આવે છે. અમેરિકાએ પણ આ જ તર્જ પર પોતાની ક્રિકેટ લીગનું નામ આપ્યું છે જેથી બેઝબોલના ચાહકો પણ આ લીગ તરફ આકર્ષિત થઈ શકે. આ ઉપરાંત, ત્યાંની સોકર (ફૂટબોલ) લીગનું નામ પણ એ જ તર્જ પર છે.

# ICC T20 ક્રિકેટ વર્લ્ડકપ: કઈ ચેનલ પર અને કયા સમયે જોઈ શકાશે

દુંબઈ તા 01

IPL 2024 પૂરી થઈ અને હવે ટી-20 ક્રિકેટ વર્લ્ડકપ ( ICC T20 cricket world cup ) શરૂ થવા જઈ રહ્યો છે. 2 જૂનથી શરૂ થનાર T20 ક્રિકેટ વર્લ્ડકપમાં આ વખતે નવા જૂની થાય એવી શક્યતા છે. વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકામાં રમાનાર વર્લ્ડકપમાં વેસ્ટ ઈન્ડિઝ ટીમ તો હોટ ફેવરિટ છે જ પરંતુ, ભારતીય ક્રિકેટ ટીમ, ઓસ્ટ્રેલિયન ક્રિકેટ અને ઈંગ્લેન્ડને પણ પ્રબળ દાવેદાર માનવામાં આવી રહી છે. તો ચાલો જાણી લઈએ કે ICC T20 ક્રિકેટ વર્લ્ડકપ ક્યાં અને કયા સમયે જોઈ શકાશે. ટીવી પર કે મોબાઈલમાં કઈ ચેનલ/પ્લેટફોર્મ પર મેચ દેખાશે એ પણ જાણી લો. 5-5 ટીમોનાં 4 ગ્રુપ આ વખતે અમેરિકા સહિત કેટલીક ટીમો T20 ક્રિકેટ વર્લ્ડકપમાં ભાગ લેવા જઈ રહી છે. અમેરિકન ટીમ દ્વારા તાજેતરમાં જ બાંગ્લાદેશની ટીમને T20 સિરીઝમાં પરાજય આપવામાં આવતા અપસેટ સર્જાયો હતો. ઈન્ટરનેશનલ ક્રિકેટમાં તાજેતરની ઘટનાઓએ T20 ક્રિકેટ વર્લ્ડકપ માટે ક્રિકેટ ફેન્સમાં ઉત્સુકતા વધારી દીધી છે. ભારતની તમામ મેચો ભારતીય સમય અનુસાર સાંજે 8 વાગ્યે મેચનું પ્રસારણ શરૂ થશે. એક માત્ર ઝીમ્બાબ્વે સામેની મેચ સાંજે 4:30 વાગ્યે શરૂ થશે. કઈ ચેનલ પર જોઈ શકાશે મેચ?સ્ટાર સ્પોર્ટ્સ T20 ક્રિકેટ વર્લ્ડકપનાં ઓફિશિયલ બ્રોડકાસ્ટર છે માટે સ્ટાર સ્પોર્ટ્સની ચેનલ પર મેચ જોઈ શકાશે.

સબસ્ક્રિપ્શન ન હોય તો મફતમાં પણ જોઈ શકાશે મેચ દૂરદર્શનનાં ડિશ) પર ભારતની મેચો જોઈ શકાશે. જો કે ભારતની મેચો કેબલ નેટવર્ક પર નહીં જોવા મળે.

# ઓલિમ્પિક પહેલાં ભારત વર્લ્ડ બોક્સિંગમાં જોડાયું:IOC થી સસ્પેન્ડ IBFનો સાથ છોડ્યો

નવી દિલ્હી તા 01

ઓલિમ્પિક ગેમ્સ પહેલાં, ભારતીય બોક્સિંગ ફેડરેશન (BFI)એ શુક્રવારે સસ્પેન્ડેડ ઈન્ટરનેશનલ બોક્સિંગ એસોસિયેશન (IBA) છોડી દીધું. એટલું જ નહીં, BFIએ વર્લ્ડ બોક્સિંગની મેમ્બરશિપ પણ લીધી છે. આ નિર્ણય ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (IOC)ની ચેતવણી બાદ લેવામાં આવ્યો છે, જેમાં IOC એ કહ્યું હતું કે જો ભારતીય ફેડરેશન ઈન્ટરનેશનલ બોક્સિંગ એસોસિયેશન (IBA) સાથે જોડાયેલ રહે છે, તો આ રમતને 2028 લોસ એન્જલસ ઓલિમ્પિક્સમાંથી હટાવી શકાય છે. નાણાંકીય અને વહીવટી સમસ્યાઓને કારણે સમિતિએ 2019માં IBAની માન્યતા રદ કરી દીધી હતી. વર્લ્ડ બોક્સિંગની રચના એપ્રિલ 2023માં થઈ હતી. તેના પ્રમુખ બોરિસ વેન ડેર વોર્સ્ટ છે, જે IBA પ્રમુખ પદના ભૂતપૂર્વ દાવેદાર છે.

ભારતીય બોક્સરોએ પેરિસ ઓલિમ્પિક માટે 4 ક્વોટા હાંસલ કર્યા ભારતીય બોક્સરોએ પેરિસ ઓલિમ્પિક માટે અત્યાર સુધીમાં 4 ક્વોટા મેળવ્યા છે. આ બોક્સરો 26 જુલાઈથી શરૂ થઈ રહેલી ઓલિમ્પિક ગેમ્સમાં મેડલ જીતે તેવી અપેક્ષા છે. ટોક્યોમાં છેલ્લી વખત લોવલિના બોર્ગોહેને બ્રોન્ઝ જીત્યો હતો. ભારતીય બોક્સરોએ અત્યાર સુધીમાં 3 ઓલિમ્પિક મેડલ જીત્યા છે. ઓલિમ્પિક બોક્સિંગમાં ભારતના મેડલ બોક્સિંગ માટે ઓલિમ્પિક ગેમ્સમાં રહેવું મહત્વપૂર્ણ: BFI પ્રમુખ BFIના પ્રમુખ અજય સિંહે જણાવ્યું હતું કે બોક્સિંગનો ઓલિમ્પિક દરજ્જો જાળવી રાખવો એ રમત માટે મહત્વપૂર્ણ છે, તેથી અમે વર્લ્ડ બોક્સિંગ સાથે જોડાઈને ખુશ છીએ. સિંહે કહ્યું કે અમે રમતના ભાવિ વિકાસ માટે વર્લ્ડ બોક્સિંગ એક્ઝિક્યુટિવ બોર્ડ સાથે મળીને કામ કરીશું, જેથી વિશ્વભરના બોક્સરોનું ભવિષ્ય ઉજ્જવળ બની શકે.




**ભારત આપણા માટે મહત્વપૂર્ણ દેશ છે: વર્લ્ડ બોક્સિંગ**

વર્લ્ડ બોક્સિંગના પ્રમુખ વેન ડેર વોર્સ્ટે કહ્યું કે ભારત વિશ્વ બોક્સિંગ માટે ખૂબ જ મહત્વપૂર્ણ દેશ છે અને અમે BFIને વર્લ્ડ બોક્સિંગ પરિવારમાં આવકારીએ છીએ. આ એક ખૂબ જ રોમાંચક પગલું છે, જે એશિયામાં અમારી હાજરીને વધારશે.

## પેરિસ ઓલિમ્પિકમાં બોક્સિંગ ઈવેન્ટ્સ IOCની દેખરેખ હેઠળ યોજાશે

26 જુલાઈથી શરૂ થઈ રહેલા પેરિસ ઓલિમ્પિકમાં બોક્સિંગ ઈવેન્ટ્સ IOCની દેખરેખ હેઠળ આયોજિત કરવામાં આવશે. ઈન્ટરનેશનલ બોક્સિંગ એસોસિયેશન સતત બીજી વખત ઓલિમ્પિક ગેમ્સનો ભાગ બનશે નહીં. ટોક્યો ઓલિમ્પિક પછી સતત બીજી મોટી ઈવેન્ટનો ભાગ નહીં બને.

**ઓલિમ્પિક બોક્સિંગમાં ભારતના મેડલ** :બોક્સિંગ માટે ઓલિમ્પિક ગેમ્સમાં રહેવું મહત્વપૂર્ણઃ BFI પ્રમુખ BFIના પ્રમુખ અજય સિંહે જણાવ્યું હતું કે બોક્સિંગનો ઓલિમ્પિક દરજ્જો જાળવી રાખવો એ રમત માટે મહત્વપૂર્ણ છે, તેથી અમે વર્લ્ડ બોક્સિંગ સાથે જોડાઈને ખુશ છીએ. સિંહે કહ્યું કે અમે રમતના ભાવિ વિકાસ માટે વર્લ્ડ બોક્સિંગ એક્ઝિક્યુટિવ બોર્ડ સાથે મળીને કામ કરીશું, જેથી વિશ્વભરના બોક્સરોનું ભવિષ્ય ઉજ્જવળ બની શકે.

ટોક્યોમાં છેલ્લી વખત લોવલિના બોર્ગોહેને બ્રોન્ઝ જીત્યો હતો. ભારતીય બોક્સરોએ અત્યાર સુધીમાં 3 ઓલિમ્પિક મેડલ જીત્યા છે. ઓલિમ્પિક બોક્સિંગમાં ભારતના મેડલ બોક્સિંગ માટે ઓલિમ્પિક ગેમ્સમાં રહેવું મહત્વપૂર્ણઃ બોક્સિંગનો ઓલિમ્પિક દરજ્જો જાળવી રાખવો એ રમત માટે મહત્વપૂર્ણ છે, તેથી અમે વર્લ્ડ બોક્સિંગ સાથે જોડાઈને ખુશ છીએ.

**સંક્ષિપ્ત સમાચાર**

## સુદાનમાં યોજાયેલી 'ટંગ ઓફ વૉર 'માં ભારતીય જવાનોએ ચીનના સૈનિકોને ધૂળ ચાટતા કરી દીધા

ખાર્ટુમ/નવી દિલ્હી : સુદાનમાં યુએનનાં પીસ કીપીંગ મીશનમાં સામેલ ભારતના જવાનો અને ચીનના સૈનિકો વચ્ચે ટંગ ઓફ વોર (દોરડા ખેંચ) સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ભારતના જવાનોએ ચીનના સૈનિકોને ધૂળ ચાટતા કરી દીધા હતા.

આનો વિડીયો વાયરલ થઇ રહ્યાં છે અને તેને ભારતીય સેનાના અધિકારીઓએ પ્રમાણભૂત પણ જણાવ્યો છે. બીજી તરફ ભારતીય નેટીઝન્સ આ ઘટના તેમના ડાયલ ઉપર જોઈ શાંત રહી શક્યા ન હતા. તેઓએ તુર્ત જ તેઓના સંપર્કમાં રહેલા અન્ય નેટીઝન્સને પણ તે વિડીયો પ્રસારિત કરી દીધો. જેમાં ચીનના સૈનિકો પછડાઈ જઈ ધૂળ ભેગા થયેલા દેખાતા હતા. તે સાથે તમામ નેટીઝન્સે તાળીઓથી તે વિજય વધાવી લીધો હતો. જેમાં ભારતીય જવાનોએ તેઓની તાકાત દર્શાવી દીધી હતી.

સ્વીકાર્ય છે કે, તે સ્પર્ધા માત્ર મિત્રતાભરી સ્પર્ધા જ હતી. પરંતુ ૧૯૬૨માં ચીને માત્ર અને માત્ર દગાખોરી કરી ભારતના લડાખમાં ઘૂસણખોરી કરી હતી અને અરૂણાચલ પ્રદેશ (તે સમયના નેફામાં) પણ ઘૂસણખોરી કરવા કરેલા પ્રયત્ન પછી બંને દેશો વચ્ચે વૈમનસ્ય વ્યાપી રહ્યું છે.

તેટલું જ નહીં પરંતુ તાઈવાનને બદલે તળ ભૂમિ પરનાં ચીનને યુએન (ત્યારના યુનો)માં સ્થાન અપાવવા તેમજ તે સમયે યુનોની સલામતી સમિતિમાં પણ કાયમી સભ્યપદ અપાવવા ભારતે (જવાહરલાલ નહેરૂએ) કરેલા પ્રયત્નોનો બદલો ચીને ભારતને દરેક ક્ષેત્રમાં વિયેત સ્થિત ઈન્ટરનેશનલ એટમિક એનર્જી કમિશનમાં પણ વિધિવત સ્થાન આપવા સામે વીટો વાપરી ભારતને તે સ્થાનથી વંચિત રાખ્યું હતું.

## 'હુમલા બંધ કરો, અમે સમજૂતી કરવા તૈયાર..' ગાઝા યુદ્ધનો અંત લાવવા હમાસની ઈઝરાયલ સામે શરત

ઈઝરાયલ દ્વારા ગાઝામાં રાફાહ પર હુમલા વચ્ચે હમાસે હવે આગળ આવીને ઈઝરાયલને પૂર્ણરૂપે સમજૂતી કરવાની ઓફર કરી છે. હમાસે કહ્યું કે જો ઈઝરાયલ ગાઝામાં નિર્દોષ લોકો સામે બોમ્બમારો અને હુમલા કરવાનું બંધ કરી દેશે તો અમે બંધકોની મુક્તિ સહિત પૂર્ણરૂપે સમજૂતી કરવા તૈયાર છીએ.

હમાસે મૂકી શરત...? જોકે હમાસે ઈઝરાયલ સાથે સમજૂતી કરવા માટે એક મોટી શરત મૂકતાં કહ્યું હતું કે ઈઝરાયલે ગાઝામાં નાગરિકો વિરુદ્ધ યુદ્ધ અને આક્રમકતાનો અંત લાવવો પડશે. હમાસનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઈઝરાયલે હુમલા રોકવા માટે સંયુક્ત રાષ્ટ્રની ટોચની કોર્ટ, ઈન્ટરનેશનલ કોર્ટ (ICJ) આદેશ છતાં દક્ષિણ ગાઝા શહેર રાફાહમાં આક્રમણ કરવાનું ચાલુ રાખ્યું છે. બંધકોની મુક્તિ માટે તૈયાર છે હમાસ હમાસ અને પેલેસ્ટાઈન સમૂહ અમારા લોકોની આક્રમકતા, કહેવાયું છે કે આજે અમે મધ્યસ્થીઓને જણાવી દીધું છે કે જો ઈઝરાયલ ગાઝામાં નાગરિકો વિરુદ્ધ યુદ્ધ અને આક્રમકતાનો અંત લાવી દેશે તો અમારી તત્પરતા એક પૂર્ણ સમજૂતી સુધી પહોંચવાની છે.

## ચીને એવું કામ કર્યુ કે અમેરિકા-બ્રિટનની ઊંઘ હરામ થઈ ગઈ, બંને દેશો ચિંતામાં

ચીનના અક્કડ વલણથી સૌ કોઈ વાકેફ છે, પરંતુ તેની જાસૂસી પણ કોઈનાથી છુપાયેલી નથી, એટલા માટે જ ઘણી વખત ભારતે પણ ડેટા લીક મામલે ચીની કંપનીઓ સામે કાર્યવાહી કરી છે. હવે બ્રિટને આ અંગે ચિંતા વ્યક્ત કરી છે. બ્રિટનની GCHQ ગુપ્તચર એજન્સીના વડાએ ચીનની જાસૂસીને એક ગંભીર પડકાર ગણાવ્યો છે. અમેરિકા અને પશ્ચિમી દેશો ચિંતિત અહેવાલ મુજબ અમેરિકા અને પશ્ચિમી દેશો હવે ચીન દ્વારા કરાતી જાસૂસી પ્રત્યે સંવેદનશીલ બની ગયા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ચીન પશ્ચિમી દેશોમાં જાસૂસી કરવા અલગ રીત અપનાવે છે જેના લીધે તેની પ્રવૃત્તિઓને પકડી પાડવી અથવા તેનો સામનો કરવો મુશ્કેલી બની રહે છે. ચીની જાસૂસોની પ્રાથમિકતા પણ અલગ છે.એક ગુપ્તચર અધિકારીના અંદાજ પ્રમાણે ચીનમાં લગભગ 6 લાખ લોકો જાસૂસી અને સિક્યોરિટી માટે કામ કરે છે, જે વિશ્વના અન્ય કોઈ પણ દેશ કરતા ઘણા વધારે છે.

## ભારતની સરહદથી માત્ર 150 કિ. મી. દૂર ચીને 250 જેટલાં એડવાન્સ્ડ સ્ટીલ્થ ફાઇટર ખડક્યાંનો દાવો

ચીને સિક્કીમની સરહદ નજીક તેના અત્યાધુનિક જે-૨૦ સ્ટીલ્થ ફાઈટર ગોઠવ્યા છે. ૨૭મી મેના રોજની સેટેલાઈટ ઈમેજિસમાં આ સ્પષ્ટ દેખાઈ આવ્યું છે. આ એડવાન્સ્ડ જેટ ફાઈટર્સ તિબેટના બીજા નંબરના સૌથી મોટા શહેર શિંગાત્સેના એરપોર્ટ પર ગોઠવવામાં આવ્યા છે. સિવિલિયિયન કમ મિલિટરી એરપોર્ટ ૧૨,૪૦૮ ફૂટની ઊંચાઈ પર આવેલું છે. તેથી તે વિશ્વની સૌથી ઊંચાઈ પરના એરપોર્ટમાં એક છે. એકેજે ૫૦૦ એરબોર્ન અર્લી વોર્નિંગ અનેકંટ્રોલ એરક્રાફ્ટ સ્પષ્ટપણે દેખાઈ રહ્યા છે. ભારતીય હવાઈદળ જે૨૦ ફાઈટર્સની ઉપલબ્ધતા અંગે જાણે છે. તેમણે આ મુદ્દે કોઈપણ ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો છે. જે૨૦ જેટ ફાઈટરને ચીનના અત્યાધુનિક ફાઈટર પ્લેન છે, આ એરક્રાફ્ટ ચીનના પૂર્વી પ્રાંતમાં ગોઠવવામાં આવ્યા છે. આ એરક્રાફ્ટ તિબેટમાં અને ભારતીય જે-૨૦નો મુકાબલો કરે તેવા ફ્રેન્ચ બનાવટના ૩૬ રાફેલ ફાઈટર છે. તેમા આઠ તાજેતરમાં અમેરિકામાં અલાસ્કા ખાતે એર કોમ્બેટ એક્સેસાઈઝ કરવા ગયા છે. બીજી મહત્ત્વની વાત એ છે કે ચીનના જે૨૦ પશ્ચિમ બંગાળમાં હાસિમરાથી માંડ ૨૯૦ કિ.મી. દૂર આવેલા છે. ભારતે ત્યાં ૧૬ રાફેલ ગોઠવ્યા છે.

### પાકિસ્તાનના સરકારી વકીલે PoK નાગરિકને વિદેશી કહ્યો

# અપહરણ કરાયેલા પત્રકારનો કેસ લડી રહેલા વકીલે કહ્યું- તેઓ કાશ્મીરને પાકિસ્તાનનો ભાગ નથી માનતા



ઇસ્લામાબાદ તા 01

પાકિસ્તાનની ઈસ્લામાબાદ હાઈકોર્ટમાં સરકારી વકીલે પીઓકેને લઈને નિવેદન આપ્યું છે. જે બાદ ત્યાં તેની ટીકા થઈ રહી છે. કોર્ટમાં સુનાવણી દરમિયાન તેમણે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાંથી અપહરણ કરાયેલા કવિ અને પત્રકાર અહેમદ ફરહાદ શાહને વિદેશી નાગરિક ગણાવ્યો હતો. ફરહાદ શાહનો કેસ લડી રહેલા એડવોકેટ ઈમાન મઝારી હજીરે આ દાવો કર્યો છે. તેમણે કોર્ટની બહાર મીડિયાને કહ્યું કે સરકારી વકીલ એવી દલીલ કરી રહ્યા હતા કે કાશ્મીર વિદેશી જમીન છે. આ સારી છાપ નથી. રિયાસત કાશ્મીરને બહારનું ગણાવી રહી છે. આનાથી સારો સંદેશ નથી જઈ રહ્યો. પાકિસ્તાને કાશ્મીરના જે ભાગને કબજે કર્યો છે, તે તેને આઝાદ કાશ્મીર કહે છે. તે જ સમયે, ભારત તેને PoK એટલે કે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર કહે છે. ભારત માને છે કે પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર (PoK) એ જમ્મુ-કાશ્મીરનો એક ભાગ છે જેના પર પાકિસ્તાને બળપૂર્વક કબજો જમાવ્યો છે. આ તસવીર પીઓકેના 38 વર્ષીય પત્રકાર અહેમદ ફરહાદ શાહની છે, જે 14 મેના રોજ પોતાના ઘરેથી ગુમ થયા હતા.

### શું છે અહેમદ ફરહાદ શાહનો આખો મામલો?

પીઓકેનો અહેમદ ફરહાદ શાહ લગભગ 16 દિવસથી ગુમ હતા. જ્યારે તેમનો પરિવાર ઈસ્લામાબાદ હાઈકોર્ટ પહોંચ્યો ત્યારે તેમને જાણ કરવામાં આવી કે તે ધીરકોટ પોલીસની કસ્ટડીમાં છે. આ મામલામાં શુક્રવારે ઈસ્લામાબાદ હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. અહેમદ ફરહાદ શાહના ગુમ થવા પર કોર્ટમાં અરજી કરનાર ઈમાન માજરીએ કહ્યું કે, પોલીસે કોર્ટને કહ્યું છે કે અહેમદ કાશ્મીરમાં જ છે.

### અહેમદે પીઓકેમાં સરકાર વિરોધી પ્રદર્શનને કવર કર્યો હતો

કવિ અને પત્રકાર અહેમદનો પરિવાર બુધવારે મુઝફ્ફરાબાદ પોલીસ સ્ટેશનમાં તેમને મળ્યો હતો. અહેમદ ફરહાદ પાકિસ્તાની ફ્રીલાન્સ પત્રકાર અને કવિ છે. 38 વર્ષીય અહેમદ પીઓકેના બાગ શહેરમાંથી આવે છે. તેમણે તાજેતરમાં જ પીઓકેમાં સરકાર વિરોધી વિરોધને કવર કર્યો હતો. તેઓ પાકિસ્તાની સેનાની ટીકા માટે જાણીતા છે.

**પત્રકારે કહ્યું- સેનાથી મારા જીવને ખતરો:** ધ ગાર્ડિયનના અહેવાલ મુજબ, ઝૈનબે જણાવ્યું હતું કે તે ગુમ થયાના બે દિવસ બાદ અહેમદે તેનો વોટ્સએપ દ્વારા સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. ઓનલાઈન કોલ પર, અહેમદે તેને તેની અરજી પાછી ખેંચી લેવા કહ્યું હતું. ઝૈનબે જણાવ્યું કે દરેક કોલ 30 સેકન્ડનો હતો. અહેમદની વાતચીતના ટોન પરથી સ્પષ્ટ હતું કે તેને આ બધું કરવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. અહેમદે કહ્યું હતું કે જો ઝૈનબે તેની અરજી પાછી ખેંચી લીધી તો તે 2 દિવસમાં ઘરે પરત ફરશે. અહેમદે ઝૈનબને એમ પણ કહ્યું હતું કે તે કોઈ અંગત કામ માટે બહાર છે અને એકદમ સુરક્ષિત છે. અહેમદની સલાહ બાદ ઝૈનબે પણ અરજી પાછી ખેંચવા માટે અરજી કરી હતી. જો કે આ પછી પણ અહેમદ ઘરે પરત ફર્યો ન હતો.

# ઈમરાને કહ્યું- બાજવા પર વિશ્વાસ કરવો મારી સૌથી મોટી ભૂલ : ઈન્ટરવ્યુમાં પૂર્વ આર્મી ચીફને દગાબાજ કહ્યા

ઇસ્લામાબાદ તા 01

નારાજ ઈમરાન ખાને જેલમાં પત્રકાર મહેદી હસનને ઈન્ટરવ્યુ આપ્યો છે. આ ઈન્ટરવ્યુમાં તેણે ખાસ કરીને જનરલ બાજવા પર નિશાન સાધ્યું છે. ઓગસ્ટ 2023થી જેલમાં બંધ પાકિસ્તાનના પૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાને કહ્યું છે કે તેમને અફસોસ છે કે જ્યારે તેઓ સત્તામાં હતા ત્યારે તેમણે જનરલ કમર જાવેદ બાજવા પર વિશ્વાસ કર્યો હતો. એક ઈન્ટરવ્યુમાં ઈમરાન ખાને કહ્યું કે જનરલ બાજવાને બીજી ટર્મ આપી તે મારી ભૂલ હતી. પાકિસ્તાની અખબાર ડૉન અનુસાર, પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને હાલમાં જ પત્રકાર મેહદી હસનને એક ઈન્ટરવ્યુ આપ્યો હતો. જેમાં તેમણે રાજકીય પક્ષોના નેતાઓ અને સૈન્ય નેતૃત્વની ટીકા કરી છે. આ ઈન્ટરવ્યુમાં તેણે ખાસ કરીને 'દોસ્તમાંથી દુશ્મન' બનેલા જનરલ બાજવા પર નિશાન સાધ્યું છે. પૂર્વ પીએમ ઈમરાન ખાને પોતાના ઈન્ટરવ્યુમાં રિટાયર્ડ જનરલ બાજવા પર નિશાન સાધ્યું છે.

પૂર્વ પીએમ ઈમરાન ખાને પોતાના ઈન્ટરવ્યુમાં રિટાયર્ડ જનરલ બાજવા પર નિશાન સાધ્યું છે. પત્રકાર મહેંદી હસને જણાવ્યું કે તેમણે ઈમરાન ખાનનો ઈન્ટરવ્યુ લેવા માટે સવાલ લખેલો પત્ર મોકલ્યો હતો.



**જનરલ બાજવાએ વર્ષ 2016માં પાકિસ્તાનમાં આર્મી ચીફની કમાન સંભાળી હતી. આ દરમિયાન ઈમરાન જનરલ બાજવાનો કાર્યકાળ 3 વર્ષ માટે વધારવાની મંજૂરી આપી હતી.**

## યુક્રેન અમેરિકન હથિયારોથી રશિયન સેના પર હુમલો કરશે

રશિયા તા 01

રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને યુક્રેનને રશિયા વિરુદ્ધ તેના હથિયારોનો ઉપયોગ કરવાની મંજૂરી આપી દીધી છે. ન્યૂઝ એજન્સી એપી અનુસાર, યુએસ અધિકારીઓએ શુક્રવારે (31 મે) કહ્યું કે યુક્રેન અમેરિકન ATACMS મિસાઈલનો ઉપયોગ ખાર્કિવને રશિયન સેનાથી બચાવવા માટે કરી શકે છે. તેની રેન્જ 300 કિલોમીટર છે. અમેરિકી અધિકારીઓએ કહ્યું કે યુક્રેન આ હથિયારોથી સીધો રશિયન સૈન્ય પર હુમલો કરી શકે છે. જો કે, તેનો ઉપયોગ રશિયન સરહદોની અંદર થવો જોઈએ નહીં. રશિયાએ 10 મેથી ખાર્કિવમાં હુમલાઓ તેજ કરી દીધા હતા. આ પછી યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીએ અમેરિકા અને પશ્ચિમી દેશો પાસેથી રશિયા વિરુદ્ધ તેમના દ્વારા આપવામાં આવેલા હથિયારોનો ઉપયોગ કરવાની મંજૂરી માગી હતી. અમેરિકાએ અગાઉ યુક્રેનને રશિયા સામે તેના હથિયારોનો ઉપયોગ કરવાની ના પાડી હતી. અમેરિકાને ડર હતો કે જો તેના હથિયારોનો ઉપયોગ રશિયા સામે થશે તો રશિયા તેને અમેરિકા દ્વારા સીધો હુમલો ગણશે. 'આ પહેલા યુક્રેન પર હથિયારોના ઉપયોગ પર કોઈ ઔપચારિક પ્રતિબંધ નહોતો.' યુએસ અધિકારીઓએ જણાવ્યું હતું કે યુક્રેન દ્વારા યુએસ શસ્ત્રોના ઉપયોગ પર અગાઉ કોઈ ઔપચારિક પ્રતિબંધો નહોતા. જો કે, એવો ડર હતો કે જો તેનો ઉપયોગ રશિયા વિરુદ્ધ કરવામાં આવશે તો પુતિન કડક પગલાં લેશે. સપ્તાહની શરૂઆતમાં અમેરિકી વિદેશ મંત્રી એન્ટની બ્લિંકને કહ્યું હતું કે અમારી વિદેશ નીતિ સમય સાથે બદલાય છે.આ નિર્ણય ત્યારે લેવામાં આવ્યો છે જ્યારે બે દિવસ પહેલા જ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુક્રેનને હથિયાર ઉપલબ્ધ કરાવનારા દેશોને ચેતવણી આપી હતી.

# બાંગ્લાદેશી સાંસદની પુત્રી DNA ટેસ્ટ માટે કોલકાતા આવશે

કોલકાતા/ઢાકા તા 01

બાંગ્લાદેશી સાંસદ અનવારુલ અઝીમ અનારની હત્યાની પુષ્ટિ કરવા માટે અત્યાર સુધી મળેલા પુરાવાઓનું ડીએનએ ટેસ્ટ કરવામાં આવશે. આ માટે તેમની પુત્રી ટૂંક સમયમાં કોલકાતા આવશે. બાંગ્લાદેશના ડિટેક્ટીવ ડિપાર્ટમેન્ટના ચીફ હારુનન રશીદે આ માહિતી આપી હતી. આ મામલાની તપાસ માટે તે ભારતમાં છે. હારુનને જણાવ્યું કે સાંસદની હત્યા કરનાર આરોપીઓમાંથી એક નેપાળ અથવા અમેરિકામાં છુપાયેલો છે. પશ્ચિમ બંગાળની સીઆઈડી અને અમારી ટીમ પણ ઈન્ટરપોલની મદદ લઈ રહી છે. હારુને જણાવ્યું કે કોલકાતાના એક ફ્લેટની સેપ્ટિક ટેન્કમાંથી સાડા ત્રણ કિલો કાપેલું માંસ અને વાળ મળી આવ્યા છે. આ ફ્લેટમાં અઝીમ અનાર રહેતો હતો. પોલીસે રિકવર કરેલી વસ્તુઓ ફોરેન્સિક તપાસ માટે મોકલી આપી છે. અનવારુલ 12 મેના રોજ કોલકાતામાં સારવાર માટે આવ્યા હતા. બીજા જ દિવસે તે ગુમ થઈ ગયા. 10 દિવસ બાદ પોલીસે ખુલાસો કર્યો કે તેમની હત્યા કરવામાં આવી છે. આ કેસમાં અત્યાર સુધીમાં કુલ 4 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જેમાંથી 3 આરોપીઓની ઢાકા પોલીસે ધરપકડ કરી હતી. પશ્ચિમ બંગાળની સીઆઈડી ટીમ બાંગ્લાદેશી સાંસદ અનવારુલના શરીરના ભાગોને જુદા જુદા વિસ્તારોમાં શોધી રહી છે. બાંગ્લાદેશી ડિટેક્ટીવ ટીમ અને બંગાળ સીઆઈડી મળીને તપાસ કરી રહી છે સાંસદના મોતની તપાસ માટે બાંગ્લાદેશના ડિટેક્ટીવ વિભાગની એક ટીમ કોલકાતા પહોંચી છે. તેમના ચીફ હારુનન રાશિદ પણ તપાસ માટે ભારત આવ્યા છે. તેમણે તેને ઘાતકી અને બર્બર હત્યા ગણાવી છે. કોલકાતામાં બંગાળ CIDની મદદથી પુરાવા એકત્ર કરવામાં આવી રહ્યા છે. હજુ સુધી સાંસદનો મૃતદેહ મળ્યો નથી. ટીમે ફ્લેટની ગટરની લાઈન સંપૂર્ણપણે તોડી નાખી છે, જેથી ત્યાંથી પુરાવા એકત્ર કરી શકાય.

## રાષ્ટ્રપતિ પુતિનનો બંગલો આગમાં લપેટાયો, યુક્રેન પર આરોપ

રશિયા તા 01

રાષ્ટ્રપતિ પુતિનનો બંગલો આગમાં લપેટાયો, યુક્રેન પર આરોપ, અહીં ન્યૂક્લિયર બંકર હોવાની ચર્ચા Russian President House Burnt: રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિનનું સાઈબેરિયામાં અલ્તાઈ માઉન્ટેન પર આવેલાં એક બંગલામાં ભયંકર આગ લાગી ગઈ હતી. જોકે આગ કેવી રીતે ભડકી તે હજુ સુધી રહસ્ય છે પણ આરોપ યુક્રેન પર લાગ્યો છે. પુતિન માટે આ મકાન મહત્ત્વનું ગણાતું હતું આ એ જ મકાન છે જ્યાં પુતિને ઈટાલીના પૂર્વ વડાપ્રધાન સિલ્વીયો બર્લુસ્કોનીની મહેમાનનવાઝી કરી હતી. એવું કહેવાય છે કે આ મકાનમાં છુપાવા માટે ગુપ્ત જગ્યા છે. અહીં પુતિન મેડિસિનલ બાથ લેતા હતા. આ સંપૂર્ણ પરિસર પર ગાઝપ્રોમની માલિકી છે જે રશિયામાં અનેક લક્ઝુરિયસ પેલેસનું ધ્યાન રાખે છે.

પરમાણુ યુદ્ધ થાય તો પણ અહીં સુરક્ષિત રહી શકાય તેવી વ્યવસ્થા! મકાનમાં આગથી કેટલું નુકસાન થયું છે? તે અંગે હજુ કોઈ ખુલાસો નથી થયો પણ આગ અત્યંત ભયાનક હતી. આગ લાગવાનું કારણ પણ જાતી શકાયું નથી પણ અમુક લોકો માને છે કે આ કામ યુક્રેન જ કરી શકે છે કેમ કે રશિયાએ યુક્રેનમાં ભારે તબાહી મચાવી છે. આ મામલે પુતિન તરફથી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. અહીં જઇ શકે તેમ નથી. બંગલોની ચારેયબાજુ સુરક્ષા પહેરો રહે છે. પુતિન અને તેમના પરિવારને અહીં સુરક્ષિત રાખવા માટે હાઈ ટેક બંકર બનાવાયા છે.

## અઝરબૈજાનના વિદેશ મંત્રીએ પાકિસ્તાનમાં કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો:કહ્યું- યુએનના ઠરાવો હેઠળ ઉકેલો શોધવા જોઈએ

ઇસ્લામાબાદ તા 01

અઝરબૈજાનના વિદેશ મંત્રી જેહુન બાયરામોવ પાકિસ્તાનની બે દિવસની મુલાકાતે છે. મુલાકાતના બીજા દિવસે તેમણે પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી ઈશાક ડાર સાથે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ દરમિયાન તેમણે કાશ્મીર મુદ્દે પાકિસ્તાનનું સમર્થન કર્યું હતું. જેહુન બાયરામોવે કહ્યું કે જમ્મુ અને કાશ્મીર મુદ્દે અઝરબૈજાનની સ્થિતિ હંમેશા સમાન રહી છે. અઝરબૈજાન કાશ્મીર મુદ્દાના શાંતિપૂર્ણ ઉકેલનું સમર્થક છે. અમે માનીએ છીએ કે કાશ્મીર સમસ્યાનો ઉકેલ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ઠરાવ હેઠળ થવો જોઈએ. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન અઝરબૈજાનના વિદેશ મંત્રીએ નાગોર્નો-કારાબાખ મુદ્દે પાકિસ્તાન સરકારના રાજકીય અને નૈતિક સમર્થનની પણ પ્રશંસા કરી હતી. તેના જવાબમાં પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે કાશ્મીરનો મુદ્દો ઉઠાવવા બદલ બાયરામોવનો આભાર માન્યો હતો. અઝરબૈજાન આર્મેનિયાને સમર્થન આપવા બદલ ભારતથી નારાજ



અઝરબૈજાન ભારતથી નારાજ હોવાનું કારણ એ છે કે ભારત આર્મેનિયાને સમર્થન આપે છે. જ્યારે અઝરબૈજાન અને આર્મેનિયા વચ્ચે સરહદ વિવાદને કારણે વર્ષોથી તણાવની સ્થિતિ છે. વાસ્તવમાં, નાગોર્નો-કારાબાખ પ્રદેશ ત્રણ દાયકાથી વધુ સમયથી અઝરબૈજાન અને આર્મેનિયા વચ્ચે વિવાદનું કારણ રહ્યું છે. બંને દેશો આ વિસ્તાર પર કબજો કરવા માગે છે. આ વિસ્તાર આંતરરાષ્ટ્રીય સ્તરે અઝરબૈજાનનો એક ભાગ છે, પરંતુ અહીં રહેતી મોટાભાગની વસતિ આર્મેનિયન મૂળની છે. આ જ કારણ છે કે બંને દેશો આ વિસ્તારને પોતાનો હિસ્સો હોવાનો દાવો કરે છે. આ તસવીર ભારતની પિનાકા રોકેટ સિસ્ટમની છે. આ અંગે ભારત અને આર્મેનિયા વચ્ચે ડીલ પણ થઈ છે.

આ તસવીર ભારતની પિનાકા રોકેટ સિસ્ટમની છે. આ અંગે ભારત અને આર્મેનિયા વચ્ચે ડીલ પણ થઈ છે. ઈઝરાયલ અઝરબૈજાનને મદદ કરે છે, શસ્ત્રો પૂરા પાડે છે તુર્કી અને પાકિસ્તાન ઉપરાંત અઝરબૈજાનને ઈઝરાયલનું સમર્થન પણ મળે છે. અઝરબૈજાન વિશે એવો દાવો કરવામાં આવે છે કે તે ઈરાન વિરુદ્ધ ગુપ્તચર ઓપરેશન ચલાવવામાં ઈઝરાયલને મદદ કરે છે. બદલામાં, ઈઝરાયલ અઝરબૈજાનને ડ્રોન, એર ડિફેન્સ સિસ્ટમ અને અન્ય હથિયારોથી મદદ કરે છે.

### એક PAK આર્મીએ બનાવી હતી, આતંકીઓએ એક સ્કૂલને બોમ્બ વિસ્ફોટ કરીને ઉડાવી દીધી

# પાકિસ્તાનમાં 7 દિવસમાં છોકરીઓની 4 સ્કૂલોને ફુંકી મારી



કરાંચી | તા 01

પાકિસ્તાનમાં છોકરીઓની સ્કૂલોને સતત નિશાન બનાવવામાં આવી રહી છે. સુરાબ જિલ્લામાં ગુરુવારે (29 મે) ના રોજ, કેટલાક હથિયારધારી આતંકીઓએ કન્યા માધ્યમિક સ્કૂલ પર હુમલો કર્યો અને તેને આગચાંપી દીધી હતી. એક સપ્તાહમાં આ ચોથી ઘટના છે. પાકિસ્તાની અખબાર ડૉન અનુસાર, સોમવારે રાત્રે અજાણ્યા લોકોએ વઝીરિસ્તાનમાં ગોલ્ડન એરો ગર્લ્સ મિડલ સ્કૂલમાં આગ લગાવી દીધી હતી. ત્યારબાદ મંગળવારે આતંકવાદીઓએ નોર્થ વઝીરિસ્તાનમાં એક ગર્લ્સ સ્કૂલને આગ ચાંપી દીધી હતી. આ પછી બુધવારે મોડી રાત્રે કેટલાક અજાણ્યા હુમલાખોરોએ કિલ્લી ધમ્બ તાલુકાની એક સ્કૂલમાં આગ લગાવી દીધી હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી આગ બુઝાવી હતી. જો કે, ત્યાં સુધીમાં હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર, તે સ્કૂલમાં રાત્રે કોઈ ગાર્ડ તહેનાત નહોતો. પોલીસે હવે આ હુમલાખોરો સામે આતંકવાદી કાયદા હેઠળ કેસ નોંધીને મામલાની તપાસ શરૂ કરી છે. જો કે પાકિસ્તાનમાં સ્કૂલોમાં આગ લગાડનારા લોકો હજુ પણ પકડાયા નથી. 29 મેના રોજ સુરાબ જિલ્લામાં આતંકીઓએ કન્યા માધ્યમિક શાળાને આગ ચાંપી દીધી હતી. 9 મેના રોજ સુરાબ જિલ્લામાં આતંકીઓએ કન્યા માધ્યમિક શાળાને આગ ચાંપી દીધી હતી. પાકિસ્તાનમાં છોકરીઓની સ્કૂલો પર હુમલાની ઘટનાઓ સતત વધી રહી છે. છેલ્લા કેટલાક મહિનામાં બલૂચિસ્તાનના કેચ અને પંજગુર જિલ્લામાં છોકરીઓની સ્કૂલો પર હુમલાની ઘટનાઓ સતત વધી રહી છે. વઝીરિસ્તાનમાં એક સ્કૂલમાં આગ લગાડવાના મામલે પોલીસે ત્યાં ભણાવતા શિક્ષકની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર આરોપીની ઓળખ ફરીદુલ્લાહ તરીકે થઈ છે. રાજમાક પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆરમાં જણાવવામાં આવ્યું છે કે પાંચ માસ્ક પહેરેલા હથિયારધારી લોકો દિવાલ પર ચઢીને સ્કૂલના પરિસરમાં ઘુસ્યા હતા અને બળજબરીથી ચાવીઓ લઈ લીધી અને સ્કૂલમાં આગ લગાવી દીધી હતી. આ સ્કૂલ પાકિસ્તાની સેના દ્વારા 2020માં બનાવવામાં આવી હતી અને અહીં 500થી વધુ છોકરીઓ ભણે છે. આ પહેલા માર્ચ મહિનામાં પણ સ્કૂલ પર હુમલો થયો હતો, જેમાં સ્કૂલમાં લગાવવામાં આવેલી સોલાર લાઈટને નુકસાન થયું હતું. પાકિસ્તાનના વડાપ્રધાને સ્કૂલનું સમારકામ કર્યા બાદ બીજી એક સ્કૂલને બોમ્બ વિસ્ફોટ કરી ઉડાવી દીધી 9 મેના રોજ, આતંકવાદીઓએ દક્ષિણ વઝીરિસ્તાન જિલ્લાના પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફના આદેશ પર સમારકામ કરીને સ્કૂલને ફરીથી ખોલવામાં આવી હતી.

### અંતિમ તબક્કામાં કુલ 904 ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે

# રવિશંકર પ્રસાદને "અબકી બાર 400 પાર" સાથે ભાજપની જીતનો વિશ્વાસ

(એજન્સી) નવી દિલ્હી | તા 01

પટના સાહિબથી ભાજપના ઉમેદવાર રવિશંકર પ્રસાદે આગામી ચૂંટણીમાં ભાજપ અને તેના સાથી પક્ષોને બહુમતી મેળવવામાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે. પ્રસાદનો આશાવાદ પક્ષના મહત્વાકાંક્ષી લક્ષ્ય 'અબકી બાર 400 પાર'ને કારણે છે. રવિશંકર પ્રસાદે પોતાનો મત આપવા માટે આગળ વધતાં, તેમણે વિકસિત ભારત અને બિહાર માટે મતદાનના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે કહ્યું, 'હું મારો મત વિક્ષિત ભારત (વિકસિત ભારત) અને વિક્ષિત બિહાર (વિકસિત બિહાર), સ્થિર સરકાર માટે અને સનાતન ધર્મ અને ગરીબોના સન્માનમાં આપવા જઈ રહ્યો છું.' ભાજપની જીતની તકો અંગેના પ્રશ્નોના જવાબમાં પ્રસાદે વિશ્વાસપૂર્વક પાર્ટીની સફળતાની આગાહી કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે ભાજપ દેશભરમાં 400થી વધુ બેઠકો જીતશે અને પટના સાહિબમાં 4 લાખથી વધુ મત મેળવશે. તેમના ચોક્કસ શબ્દો હતા, '400 પાર વહા ભી (દેશભરમાં એનડીએ માટે બેઠકો) ઔર 4 લાખ પાર (પાર્ટીને મત) પટના સાહિબ મેં ભી.'પ્રસાદે રાહુલ ગાંધીના વડાપ્રધાન બનવા અંગેના વિપક્ષના દાવાઓ પર પણ સંબોધન કર્યું. તેમણે આ નિવેદનોને ફગાવી દેતા કહ્યું કે, 'સ્વપ્ન જોવું દરેક માટે છે અને તેમને સપના જોવાથી કોઈ રોકતું નથી.' બીજેપીની આગેવાની હેઠળના



એનડીએએ પટના સાહિબથી રવિશંકર પ્રસાદને મેદાનમાં ઉતાર્યા છે, જ્યાં તેઓ તેમની બીજી મુદત માંગે છે. ભારત ગઠબંધનમાંથી કોંગ્રેસે પૂર્વ સ્પીકર મીરા કુમારના પુત્ર અંશુલ અવિજીતને આગળ કર્યા છે. 2019ની લોકસભા ચૂંટણીમાં પ્રસાદે કોંગ્રેસના શત્રુઘ્ન સિંહાને 61.85% મતોથી હરાવ્યા હતા. ચૂંટણીનો સાતમો તબક્કો વિશ્વની સૌથી મોટી મતદાન મેરેથોન માટે ભવ્ય પૂર્ણાહુતિ દર્શાવે છે, જે 19 એપ્રિલથી શરૂ થઈ હતી અને તેમાં છ તબક્કા અને 486 લોકસભા બેઠકો આવરી લેવામાં આવી છે. સાત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંડીગઢમાં આજે સવારે 7 વાગ્યાથી અંતિમ 57 સંસદીય મતવિસ્તારો માટે મતદાન શરૂ થઈ ગયું છે. ભારતના ચૂંટણી પંચ અનુસાર, અંદાજે 5.24 કરોડ પુરૂષ, 4.82 કરોડ સ્ત્રી અને 3574 ત્રીજા લિંગના મતદારો સહિત 10.06 કરોડથી વધુ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરે તેવી અપેક્ષા છે.સાત રાજ્યોમાં મતદાન થવાનું છે: બિહાર, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, ઓડિશા, પંજાબ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ, કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢ સાથે. વધુમાં, ઓડિશા રાજ્ય વિધાનસભાની બાકીની 42 વિધાનસભા મતવિસ્તારો પર પણ એકસાથે મતદાન થશે.અંતિમ તબક્કામાં કુલ 904 ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. નોંધપાત્ર ઉમેદવારોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપના નેતાઓ રવિશંકર પ્રસાદ, નિશિકાંત દુબે અને રવનીત સિંહ બિટ્ટુનો સમાવેશ થાય છે. મનીષ તિવારી અને ચરણજીત સિંહ ચન્ની જેવા કોંગ્રેસના નેતાઓ તેમજ શિરોમણી અકાલી દળ (SAD)ના નેતા હરસિમરત કૌર બાદલ અને રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના નેતા મીસા ભારતી પણ રેસમાં છે. લોકસભા ચૂંટણીના અગાઉના છ તબક્કા 19 એપ્રિલ, 26 એપ્રિલ, 7 મે, 13 મે, 20 મે અને 25 મેના રોજ યોજાયા હતા.

## વડોદરા મંડળ પર આ વર્ષના સૌથી મોટા સેવાનિવૃત્તિ કાર્યક્રમનું આયોજન



(એજન્સી) વડોદરા | તા 01

મંડળ રેલવે મેનેજર કચેરી-પ્રતાપનગર, વડોદરા મંડળમાં કાર્મિક વિભાગ દ્વારા આ વર્ષના સૌથી મોટા સેવા નિવૃત્તિ કાર્યક્રમનું સફળ અને ઉત્સાહપૂર્વક આયોજન કરવામાં આવ્યું જેમાં રેલવેના વિવિધ વિભાગથી 72 ( 58 પુરૂષ + 14 મહિલા) સેવાનિવૃત્ત કર્મચારીઓ (જેમાંથી 2 સ્વૈચ્છિક સેવાનિવૃત્તિ લેનારા પણ હતા) ને મંડળ રેલવે મેનેજર શ્રી જીતેન્દ્ર સિંહ એ સેવાનિવૃત્ત કર્મચારીઓને તેમની સેવા નિવૃત્તિ લાભ અને સ્મૃતિ ચિહ્ન પ્રદાન કરવામાં આવ્યા. આમાંથી એક કર્મચારીને તેમની બેઠક પર જઈને મંડળ રેલવે મેનેજરે સન્માનિત કર્યા. આ અવસર પર મે મહિનામાં સેવાનિવૃત્ત થયેલા 7 કર્મચારીઓને "દુર્ઘટના મુક્ત સેવા પુરસ્કાર" ના પ્રમાણ પત્ર પણ પ્રદાન કરવામાં આવ્યા. મંડળ રેલવે મેનેજર શ્રી જીતેન્દ્ર સિંહ એ સેવાનિવૃત્ત થઈ રહેલા રેલવે દળ કર્મચારીઓનું માર્ગદર્શન કર્યું જેમાં સેવાનિવૃત્તિ પર મળનારી રકમના યોગ્ય અને સુરક્ષિત રોકાણ અને બચત માટે પણ તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

## તમિલનાડુના સીએમ એમકે સ્ટાલિન LS મતદાન સમાપ્ત થતાં આત્મવિશ્વાસ ધરાવે છે

(એજન્સી) નવી દિલ્હી | તા 01

લોકસભા ચૂંટણીનો સાતમો તબક્કો પૂરો થતાંની સાથે જ તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને ઈન્ડિયા બ્લોકની સફળતામાં પુષ્કળ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. દાયકાથી ચાલતા ભાજપના શાસનને પડકારવા માટે રચાયેલ આ ગઠબંધન સમગ્ર દેશમાં લોકતાંત્રિક દળોના પ્રચંડ ગઠબંધનનું પ્રતિનિધિત્વ કરે છે. તાજેતરની પોસ્ટમાં, સ્ટાલિને જણાવ્યું હતું કે, "ભાજપના દસ વર્ષના ફાસીવાદી શાસનને હરાવવા અને ભારતને બચાવવા માટે રચાયેલ અમારું ભારત બ્લોક, લોકોની અપેક્ષાઓ પર ખરું ઉતર્યું છે અને વિજયની ટોચ પર ઊભું છે. ભાજપ સામે લોકતાંત્રિક દળોનું પ્રચંડ ગઠબંધન, જેમણે વિચાર્યું કે તેમને પડકારવા માટે કોઈ નથી, આ જોડાણ હવે તમામ ભારતીયોને ચૂંટણીના મેદાનમાં આશા આપે છે."સ્ટાલિને ભારતીય જૂથના નેતાઓ દ્વારા અથાક પ્રચારના પ્રયાસો પર ભાર મૂક્યો, જેમણે ભાજપની જાહેર છબીને ખતમ કરવા માટે ખંતપૂર્વક કામ કર્યું છે. તેમણે સમર્થકોને મત-ગણતરીની પ્રક્રિયા દરમિયાન જાગ્રત રહેવા વિનંતી કરી, દરેક મતનો હિસાબ



સુનિશ્ચિત કર્યો. સ્ટાલિને જાહેરાત કરી કે DMKના સંસદીય પક્ષના નેતા TR Baalu આગામી ઈન્ડિયા બ્લોકની બેઠકમાં તેમની પાર્ટીનું પ્રતિનિધિત્વ કરશે. સ્ટાલિને રાજકીય સત્તામાં અપેક્ષિત પરિવર્તનનો સંકેત આપતાં જણાવ્યું હતું કે, "4થી જૂન ભારત માટે એક નવી સવારની શરૂઆત કરશે."AAPના વડા અરવિંદ કેજરીવાલે પણ મતદારોને લોકશાહીનું રક્ષણ કરવા અને બંધારણને જાળવી રાખવા માટે મોટી સંખ્યામાં તેમના મતાધિકારનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમની અપીલ આ નિર્ણાયક ચૂંટણીઓમાં દરેક મતની તાકીદ અને મહત્વને દર્શાવે છે.મતદાનના અંતિમ તબક્કામાં સાત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંડીગઢની 57 સંસદીય મતક્ષેત્રોમાંથી ભાગીદારી જોવા મળે છે. અંદાજે 5.24 કરોડ પુરૂષો, 4.82 કરોડ મહિલાઓ અને 3,574 તૃતીય-લિંગ મતદારો સહિત 10.06 કરોડથી વધુ મતદારો તેમના મત આપે તેવી અપેક્ષા છે.

ભારતના ચૂંટણી પંચે મતદાન પ્રક્રિયાની અખંડિતતા જાળવી રાખીને 19 એપ્રિલથી 1 જૂન સુધી એક્ઝિટ પોલ પર પ્રતિબંધ લાગુ કર્યો છે. અગાઉના છ તબક્કાના પરિણામોએ પરાકાષ્ઠા પૂર્ણ કરવા માટેનો તબક્કો સેટ કર્યો છે, અંતિમ પરિણામોની આતુરતાપૂર્વક 4 જૂને રાહ જોવાઈ રહી છે.કોંગ્રેસના નેતા પ્રતાપ સિંહ બાજવાએ ગુરદાસપુરમાં પોતાનો મત આપ્યા પછી, ભાજપ વિરોધી ભાવનાને જોવી. તેમણે નોંધ્યું હતું કે પંજાબની 70% ગ્રામીણ વસ્તી મુખ્યત્વે ભાજપ અને નરેન્દ્ર મોદીનો વિરોધ કરે છે. બાજવાએ કોંગ્રેસ અને AAP વચ્ચેની સ્પર્ધા પર પ્રકાશ પાડ્યો, મતદારોને ભાજપ માટે સક્ષમ વિકલ્પ તરીકે કોંગ્રેસને સમર્થન આપવા વિનંતી કરી.

## દિગ્વિજય સિંહે મોદીના મેડિટેશન હોલના ફોટા પર સવાલ ઉઠાવ્યા: શું PM કાયદાથી ઉપર છે?

**■ વિવેકાનંદ રોક મેમોરિયલની મુલાકાત લેવા માટેના ફોટોગ્રાફીના નિયમો કડક અને મર્યાદિત છે**

(એજન્સી) નવી દિલ્હી | તા 01

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના તાજેતરના મેડિટેશન હોલના ફોટા અંગે ચિંતા વ્યક્ત કરી છે. સિંહનો પ્રશ્ન, "શું પીએમ મોદી કાયદા અને નિયમોથી સંચાલિત નથી?" નોંધપાત્ર ચર્ચા જગાવી છે.શનિવારે દિગ્વિજય સિંહે વડાપ્રધાન કાર્યાલય (PMO)ને આ મુદ્દે સ્પષ્ટતા કરવા વિનંતી કરી હતી. તેના (અગાઉ ટ્વિટર) એકાઉન્ટનો ઉપયોગ કરીને, સિંઘે કપિલ (@kapsology) નામના વપરાશકર્તાની પોસ્ટ ટાંકી, જેણે નિયમોના સંભવિત ભંગને પ્રકાશિત કર્યો. સિંહે પૂછ્યું, "શું PMO કૃપા કરીને જવાબ આપશે?"

વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે વપરાશકર્તા કપિલે ધ્યાન દોર્યું કે વિવેકાનંદ મેમોરિયલની અંદર ફોટોગ્રાફી સખત પ્રતિબંધિત છે અને કાયદા દ્વારા સજાપાત્ર છે. કપિલની પોસ્ટમાં ફોટોગ્રાફીના નિયમોની વિગત આપતા સ્ક્રીનશોટનો સમાવેશ થાય છે: "વિવેકાનંદ રોક મેમોરિયલની મુલાકાત લેવા માટેના



ફોટોગ્રાફીના નિયમો કડક અને મર્યાદિત છે, કારણ કે તે એક સંરક્ષિત અને સંવેદનશીલ વિસ્તાર છે. તમને સ્મારકની અંદર કોઈપણ ફોટા કે વીડિયો લેવાની મંજૂરી નથી, કારણ કે તે કાયદા દ્વારા પ્રતિબંધિત અને સજાપાત્ર છે."વડાપ્રધાન મોદીએ ગુરુવારે વિવેકાનંદ રોક મેમોરિયલ ખાતે 45 કલાકનું ધ્યાન શરૂ કર્યું. આ ધ્યાન ધ્યાન મંડપમ ખાતે થયું હતું, જ્યાં સ્વામી વિવેકાનંદને 'ભારત માતા'ના દિવ્ય દર્શન થયા હોવાનું માનવામાં આવે છે. PM મોદીનું ધ્યાન શનિવારે સાંજે પૂરું થવાનું હતું. વિવેકાનંદ રોક સ્મારક, જે ભારતના સૌથી દક્ષિણ છેડે આવેલું છે, તે અત્યંત ઐતિહાસિક અને પૌરાણિક મહત્વ ધરાવતું સ્થળ છે. દંતકથા અનુસાર, ભગવાન શિવની રાહ જોતી વખતે દેવી પાર્વતીએ અહીં ધ્યાન કર્યું હતું. આ સાઇટ ભારતના પૂર્વ અને પશ્ચિમી દરિયાકિનારાના સંગમ અને હિંદ મહાસાગર, બંગાળની ખાડી અને અરબી સમુદ્રના મિલન સ્થળને ચિહ્નિત કરે છે.મોદી ચૂંટણી પ્રચારના અંતે આધ્યાત્મિક યાત્રાઓ કરવા માટે જાણીતા છે. તાજેતરમાં, તેમણે તમિલનાડુના કન્યાકુમારીમાં ભગવતી અમ્માન મંદિરની મુલાકાત લીધી હતી. અગાઉના વર્ષોમાં, મોદીએ 2019માં કેદારનાથ અને 2014માં શિવાજીના પ્રતાપગઢની મુલાકાત લીધી હતી.પીએમ મોદીના મેડિટેશન હોલના ફોટા પર ચર્ચા જારી છે. દિગ્વિજય સિંહના પ્રશ્નો અને ફોટોગ્રાફીના નિયમોની ચકાસણી સાથે, વડા પ્રધાન કાર્યાલય પર આ મુદ્દાને ઉકેલવા માટે દબાણ છે. આ વિવાદના પરિણામ જાહેર વ્યક્તિઓ દ્વારા નિયમો અને નિયમોના પાલન માટે વ્યાપક અસરો હોઈ શકે છે.

## IRCTC લઈને આવ્યું છે 3 એ.સી સ્પેશ્યલ ચાર્ટર્ડ કોચ કાશ્મીર સાથે માતા વૈષ્ણો દેવી

(એજન્સી) અમદાવાદ | તા 01

ભારતીય રેલવેની મિની રત્ન કંપની ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન લિમિટેડ (IRCTC) દ્વારા એક ભારત શ્રેષ્ઠ ભારત અને દેખો અપના દેશ અંતર્ગત ૩એ.સી સ્પેશ્યલ ચાર્ટર્ડ કોચ દ્વારા સ્વર્ગ નો અનુભવ કરાવતું કાશ્મીર નો પ્રવાસ લઈને આવી ગયું છે. ગાંધીનગર રેલવે સ્ટેશન થી ૩એ.સી સ્પેશ્યલ ચાર્ટર્ડ કોચ દ્વારા કાશ્મીર નું પેકેજ તારીખ: ૦૧.૦૬.૨૦૨૪ અને ૧૩.૦૬.૨૦૨૪ એ ટ્રેન નંબર ૧૯૨૨૩ થી ઉપડશે. જેમાં તમે કલોલ, મહેસાણા, ઊંઝા, સિદ્ધપુર, પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાર, જોધપુર થી બોર્ડિંગ કરી શકાય છે. માતા વૈષ્ણો દેવી ના દર્શન અને શ્રીનગર, ગુલમર્ગ, પહેલગામ, સોનમર્ગ ની સુંદરતા ની મજા માણી શકો છો. ટૂર પેકેજ માં સામેલ: 3AC રીટર્ન ટ્રેન ટિકિટ, જમ્મુ રેલવે સ્ટેશન થી પીક-અપ અને ડ્રોપ ની સુવિધા, ટ્રેન માં જમવાનું, હોટેલ માં જમવાનું, સઈટસીઈંગ માટે નોન- એસી વ્હીકલ ગ્રુપ પ્રમાણે. હોટેલ માં રાત્રી રોકાણ: 2 રાત્રી કટરા, 1 રાત પહલગામ, ૩ રાત્રી શ્રીનગર, 1 રાત હાઉસબોટ, 1 રાત જમ્મુ. તમામ જોવાલાયક સ્થળો અને પર્યટન પ્રવાસ માર્ગ (પોઈન્ટ ટુ પોઈન્ટ બેસિસ) મુજબ. મુગલ ગાર્ડન્સના સ્થાનિક જોવાલાયક સ્થળો. (નિશાત ગાર્ડન, શાલીમાર ગાર્ડન અને ચેશ્મા શાહી ગાર્ડન). દાલ તળાવમાં 01 કલાક સુધી શિકારા રાઈડ. વ્યક્તિ દીઠ દિવસ દીઠ 1 લિટર પાણીની બોટલ, યાત્રા વીમો, ઉપરના દરોમાં તમામ કર અને સેવા શુલ્કનો સમાવેશ થાય છે. રસ ધરાવતા પ્રવાસીઓ IRCTC ની વેબસાઈટ (www.irctctourism.com) પર અને અધિકૃત એજન્ટો પાસેથી પણ ઓનલાઈન ટૂર પેકેજ બુક કરાવી શકે છે. તમે અમારો WhatsApp (9653661717) દ્વારા સંપર્ક કરી શકો છો અથવા વધુ માહિતી અને બુકિંગ માટે www.irctctourism.com પર લોગ ઈન કરો. અમને ઈમેઈલ કરો: roadi@irctc.com.

### ઇટાલિયન સંસ્કૃતિને ચાહે છે તેઓ ક્યારેય સ્વામી વિવેકાનંદના યોગદાનના મહત્વને સમજી શકશે નહીં

# બીજેપી નેતા તરુણ ચુગે પીએમ મોદીના ધ્યાન પર ટિપ્પણી કરવા બદલ કોંગ્રેસની ટીકા કરી

(એજન્સી) નવી દિલ્હી | તા 01

ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુગે કોંગ્રેસ પાર્ટી અને ગાંધી પરિવારની આકરી ટીકા કરી હતી. તેમની ટિપ્પણી કન્નિયાકુમારીમાં વિવેકાનંદ રોક મેમોરિયલ ખાતે વડાપ્રધાન મોદીના ધ્યાનની તેમની ટીકાના જવાબમાં આવી હતી. ચુગે ભારપૂર્વક જણાવ્યું હતું કે જેઓ ભારત કરતાં ઈટાલીને પ્રાધાન્ય આપે છે તેઓ ભારતીય સંસ્કૃતિને સમજવામાં નિષ્ફળ જાય છે. ચુગે કહ્યું, "જે લોકો વિવેકાનંદ રોક મેમોરિયલમાં પીએમ મોદીના ધ્યાન પર સવાલ ઉઠાવી રહ્યા છે તેઓ દુર્ભાગ્યપૂર્ણ છે." તેમણે ધ્યાન દોર્યું કે તેઓ માને છે કે "પશ્ચિમ શ્રેષ્ઠ છે." જોકે, સ્વામી વિવેકાનંદે શિકાગોમાં પોતાના ભાષણ દરમિયાન ભારતને સર્વશ્રેષ્ઠ જાહેર કર્યું હતું. ચુગે ઉમેર્યું હતું કે વિવેકાનંદે ઈટાલીની તરફેણ કરતા નાઈટક્લબ અને પબમાં વેકેશન માણનારાઓથી વિપરીત ભારતની સંસ્કૃતિ વિશ્વભરમાં દર્શાવી હતી.બીજેપી નેતાએ પીએમ મોદીની ધ્યાન સ્થળની પસંદગી પર ગર્વ વ્યક્ત કર્યો. "અમને ગર્વ છે કે પીએમ મોદી વિવેકાનંદ રોક મેમોરિયલમાં ધ્યાન કરી રહ્યા છે," ચુગે ટિપ્પણી કરી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જેઓ ઈટાલિયન સંસ્કૃતિને ચાહે છે તેઓ ક્યારેય સ્વામી વિવેકાનંદના યોગદાનના મહત્વને સમજી શકશે નહીં. વડા પ્રધાન મોદી હાલમાં કન્યાકુમારીમાં છે, ધ્યાન મંડપમમાં ધ્યાન કરી રહ્યા છે. આ સ્થળ એ સ્થળ તરીકે ઐતિહાસિક મહત્વ ધરાવે છે જ્યાં સ્વામી વિવેકાનંદને 'ભારત માતા' વિશે દિવ્ય દ્રષ્ટિ હતી. મોદીનું ધ્યાન દિવસભર ચાલુ રહેવાનું છે.ચુગે નાગરિકોને મોટી સંખ્યામાં મતદાન કરવા વિનંતી પણ કરી હતી. "પોતાના મતાધિકારનો ઉપયોગ કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. દેશમાં આગામી પાંચ વર્ષ માટે એક મજબૂત સરકાર હોવી જોઈએ, જેનું નેતૃત્વ નિર્ણાયક અને ગતિશીલ નેતા કરે. તેથી, દરેક મતદાતાએ મતદાન કરવું જોઈએ," તેમણે કહ્યું. ચુગે, તેમના પરિવાર સાથે, અમૃતસરના એક મતદાન કેન્દ્ર પર પોતાનો મત આપ્યો. તેઓએ મતદાન કર્યા પછી ગર્વથી તેમની આંગળીઓ પર અદમ્ય શાહીનું નિશાન પ્રદર્શિત કર્યું.અમૃતસરમાં ચૂંટણીની હરીફાઈમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં નિવૃત્ત ભારતીય રાજદૂત તરનજીત સિંહ સંધી, કોંગ્રેસના વર્તમાન સાંસદ ગુરજીત સિંહ ઔજલા, AAPના કુલદીપ સિંહ ધાલીવાલ અને શિરોમણી અકાલી દળના અનિલ જોશી સામે લડી રહ્યાં છે. પંજાબની તમામ 13 સંસદીય મતક્ષેત્રો પર મતદાન સાથે લોકસભા ચૂંટણીનો છેલ્લો તબક્કો છે. સાતમા અને અંતિમ તબક્કાનું મતદાન સાત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢના 57 સંસદીય મતવિસ્તારોમાં સવારે 7 વાગ્યે શરૂ થયું હતું.

## ભારતીય અર્થતંત્ર અનેક ગણા વિસ્તરણ માટે સજ્જ છે ત્યારે ટાટા એઆઈએ લાઈફે મીડકેપ મોમેન્ટમ ઇન્ડેક્સ ફંડ લોન્ચ કર્યું

(એજન્સી) મુંબઇ | તા 01

ભારતની અગ્રણી લાઈફ ઈન્શ્યોરન્સ કંપની ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સે (ટાટા એઆઈએ) મીડકેપ મોમેન્ટમ ઈન્ડેક્સ ફંડ લોન્ચ કર્યું છે. આ નવા ફંડની ઓફરનું લક્ષ્ય ભારતના મીડકેપ સેક્ટરની ડાયનેમિક વિકાસ સંભાવનાઓનો લાભ લેવાનો છે. ભારતીય ઈક્વિટી માર્કેટ સંપત્તિ સર્જનની નોંધપાત્ર તકો પૂરી પાડે છે કારણ કે અર્થતંત્ર આગામી કેટલાક દાયકામાં અનેકગણી પ્રગતિ કરે તેવી સંભાવના છે. વધી રહેલા વપરાશ, વધી રહેલી વપરાશી આવક, ઓર્ગેનાઈઝ્ડ સેક્ટર્સ તરફનો ઝોક, ગ્લોબલ સપ્લાય ચેઈન રિઅલાઈમેન્ટ અન સહાયક સરકારી નીતિઓના લીધે મીડકેપ કંપનીઓ માટે આગળ આવવા માટે સાનુકૂળ માહોલ ઊભો થયો છે. ન્યૂ ફંડ ઓફરિંગ (એનએફઓ) યુનિટ દીઠ રૂ. 10ની એનએવી પર 15 જૂન સુધી ખુલ્લી રહેશે. મીડકેપ મોમેન્ટમ ઈન્ડેક્સ ફંડ નિફ્ટી મીડકેપ 150 મોમેન્ટમ 50 ઈન્ડેક્સનું અનુસરણ કરશે. આ ઈન્ડેક્સ નિફ્ટી મીડકેપ 150માં ટોચની ઊંચો વિકાસ સાધતી 50 કંપનીઓના પર્ફોર્મન્સને અનુસરશે જે તેમના નોર્મલાઈઝ્ડ મોમેન્ટમ સ્કોરના આધારે પસંદ કરાશે.

### તેજસ્વી યાદવે પીએમ મોદીના કન્યાકુમારી ધ્યાનને રાજકીય સ્ટંટ ગણાવ્યો

નવી દિલ્હી : બિહારના ભૂતપૂર્વ ડેપ્યુટી સીએમ અને આરજેડીના નેતા તેજસ્વી યાદવે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની કન્યાકુમારીમાં ચાલી રહેલી આધ્યાત્મિક પ્રવૃત્તિની આકરી ટીકા કરી છે અને તેને રાજકીય કાવતરા સિવાય બીજું કંઈ ગણાવીને ફગાવી દીધી છે.


**ઉજ્જિવન સ્મોલ ફાઈનાન્સ બેંક**
રજિસ્ટર્ડ ઓફિસ : ગ્રેપ ગાર્ડન , નં 27, 3જો એ ક્રોસ , 18મી મેઈન, 6ઠો માળ, કોરામંગલા, બેંગલુરુ- 560095 કર્ણાટક
રિજનલ ઓફિસ: 7મો માળ, અલમોન્ટે આઈટી પાર્ક , ક્રમ નં 8, ખારડી- મુંઢાવા બાયપાસ, ખારડી ગામ, પૂણે 411014

**કબજા નોટીસ**

જ્યારે ઉજ્જિવન સ્મોલ ફાઈનાન્સ બેંકના અધિકૃત અધિકારી નાણાકીય અસ્કયામતોના સિક્યોરિટાઇઝેશન અને પુન:નિર્માણ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002ના અમલ અને કલમ 13(12) હેઠળ આપવામાં આવેલી સત્તાના ઉપયોગ હેઠળ જારી કરાયેલા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો 2002ના નિયમ 3 સાથે વાંચે છે. ઉધાર લેનારા/કો-ઉધાર લેનારાઓને ડિમાન્ડ નોટિસ, ઉધાર લેનારાઓને સંબંધિત નામો સામે ઉલ્લેખિત રકમ સાથે તેના પર વ્યાજ સાથે ચૂકવણી કરવા માટે આહવાન કરવામાં આવે છે, જે ઉક્ત નોટિસમાં ઉલ્લેખિત છે તે પ્રાપ્ત થયાની તારીખથી 60 દિવસની અંદર લાગુ પડે છે. ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી લાગુ પડતાં ભાવિ વ્યાજ સાથે નોટિસ, આકસ્મિક ખર્ચ, ખર્ચ, ચાર્જ વગેરે.

| ક્ર. સં. | લોન નંબર | ઉધાર લેનાર/સહ-ઉધાર લેનાર/જામીનદાર /ગીરવે મુકનાર નું નામ | 13(2) મુજબ નોટિસ તારીખ/બાકી નિકળતા લેણાં ના રોજ (રૂ માં) | કબજાની તારીખ અને પ્રકાર |
|---|---|---|---|---|
| 1 | 44312101 30000372 | (1)રાજીવ ધર્મદેવપ્રસાદ ભારદ્વાજ ગોલ્ડન નેસ્ટ, ફેઝ 1, ઘોડદેવ વિલેજ , ભાયંદર પૂર્વ, થાણે મુંબઈ , મહારાષ્ટ્ર 401107 અને તેમજ સુરભિ એન્ટરપ્રાઈઝ , એસ 12, ઓવારકેશ ડી 1, સાંઈબાબા નગર , બોરીવલી (પશ્ચિમ ) મુંબઈ ગુજરાત 400092 (2)સીમા રાજુ, રૂમ નં 3, 1 લો માળ , પ્લોટ નંબર 29 એચ-778, સુદા સેક્ટર 7, સચિન નવસારી રોડ, સચિન સુરત ગુજરાત 394230 અને તેમજ મોહમ્મદ અબુલિશ , પ્લોટ નંબર 101, રોડ નંબર , સુરત નવસારી રોડ, એપરલ પાર્ક પાસે , ઉમની પેઝનટ લાઈફ સ્ટાઈલ , સચિન સુરત 394235 | 09-01-2024 રૂ:746831.28 02-01-2024 મુજબ | 27-05-2024 સાંકેતિક કબજો |
| | સ્થાવર મિલકતનું વર્ણન : | પ્લોટ નં. 778 40.15 ચોરસ મીટર ખુલ્લી જમીન સાથે અવિભાજિત માપન 21.75 ચો. મીટર જમીન 'ગ્રીન પાર્ક ભાગ-3' તરીકે જાણીતી અને ઓળખાય છે, જે રેવન્યુ સર્વે નંબર પર સ્થિત છે. 38, 39, 40 જૂના બ્લોક નં. 29 (રી-સર્વે બ્લોક નં. 31 પછી) (કે.જે.પી. નવા બ્લોક નં. 31/778 પછી) ગામ ખાતે આવેલી 58286 ચોરસ મીટર, એન.એ. જમીનનું માપન : હલધરૂ, તા. કામરેજ, જિ. સુરત, ગુજરાત. જે નીચે પ્રમાણે સીમિત છે: પૂર્વ તરફ: સોસાયટી રોડ, પશ્ચિમ તરફ: અન્ય જમીન, ઉત્તર તરફ: પ્લોટ નં. 779, દક્ષિણ તરફ: પ્લોટ નં. 777ની માલિકી સિમા રાજૂ અને રાજીવ ભારદ્વાજ પાસે છે | | |
| 2 | 44722101 30000034 | 1)પુષ્પેન્દ્ર સંતોષભાઈ માલી 2)રાણીબેન સંતોષભાઈ માલી 3)રાહુલકુમાર સંતોષભાઈ સૈની વંદના નગર બાબૈન બારડોલી સુરત ગુજરાત 394601 અને તેમજ મહાદેવ મોબાઈલ, ભોંયતળિયે, શોપ નં 32, ડાહ્યા દાદા કોમ્પ્લેક્સ , બારડોલી સુરત ગુજરાત 394340 | 09-01-2024 રૂ:958466.87 02-01-2024 મુજબ | 27-05-2024 સાંકેતિક કબજો |
| | સ્થાવર મિલકતનું વર્ણન : | ફ્લેટ નં. G-2 887.00 ચો. ફુટ (સુપર બિલ્ટ અપ) અને 581.00 સ્કે ફુટ એટલે કે 53.99 ચો.મી. 7/A N. A. જમીન ગ્રીન વેલી પાઈક્કી પ્લોટ નં. C/17 ,C/18, C/19 ગામ ખાતે આવેલું છે: દસ તાલુકા: બારડોલી, જિ. સુરત, રાજ્ય: ગુજરાત, જે નીચે પ્રમાણે સીમિત છે: પૂર્વ તરફ: ફ્લેટ નં. જી-1,પશ્ચિમ તરફ: ફ્લેટ નં. G-3,ઉત્તર તરફ: ખુલ્લી જમીન, દક્ષિણ તરફ: પાર્કિંગ અને સીડીઓ માલી રાણીબેન સંતોષભાઈ અને પુષ્પેન્દ્ર સંતોષભાઈ માળી અને સૈની રાહુલકુમાર સંતોષભાઈની માલિકીની છે. | | |
| 3 | 44312101 30000245 | 1)રવેન્દ્રપ્રસાદ અવધેશપ્રસાદ ગૌતમ 2)સંગીતા રવેન્દ્રપ્રસાદ ગૌતમ રૂમ નં 1618, બ્લોક નં 217, એલઆઈજી- 432, સંતોષ નગર , પાંડેસરા હાઉસિંગ , સુરત ગુજરાત 394221 અને તેમજ (1) રિદ્ધિસિદ્ધિ 1, પ્રિન્ટસ પ્રાઈવેટ લિમિટેડ , 75/1, 75/2, પાંડેસરા જીઆઈડીસી , પાંડેસરા પોલીસ સ્ટેશન પાસે , સુરત ગુજરાત 3942221 અને તેમજ (2) અનુ ટેક્ષટાઈલ, ડી11, 2 જો માળ , શ્રીરામ સોસાયટી , ગાંધી કુટીર , ભટાર સુરત ગુજરાત 395002 | 18-01-2024 રૂ:866748.50 15-01-2024 મુજબ | 27-05-2024 સાંકેતિક કબજો |
| | સ્થાવર મિલકતનું વર્ણન : | પ્લોટ નં. 191 40.18 ચો. મીટર (23.25 ચોરસ મીટરના અવિભાજિત માપ સાથે) ખુલ્લી જમીન 'લક્ષ્મીપૂજા રેસીડેન્સી' તરીકે ઓળખાય છે, જે રેવન્યુ સર્વે નંબર પર સ્થિત છે. 74/1, બ્લોક નં. 156 માપન 18008 ચો. મીટર., NA ગામ ખાતે આવેલી જમીન: મોટ, તા. બારડોલી, જિ. સુરત, રાજ્ય: ગુજરાત, જે નીચે પ્રમાણે સીમિત છે: પૂર્વ: સોસાયટી આંતરિક માર્ગ, પશ્ચિમ: પ્લોટ નં. 216, ઉત્તર : પ્લોટ નં. 190, દક્ષિણ: પ્લોટ નં. 192 જેની માલિકી સંગીતા રવેન્દ્રપ્રસાદ ગૌતમ અને રવેન્દ્રપ્રસાદ ગૌતમની છે | | |
| 4 | 44282101 30000121 | 1)અજય મોરેશ્વર દેવીકર 2)ભુષણ દેવીકર 3)રેખાબેન દેવીકર પ્લોટ નં 63, મહાદેવ રેસીડેન્સી 2, બગુમરા કેનાલ પાસે , તાતીથૈયા, સુરત ગુજરાત 394305 અને તેમજ (1) સિયારામ ટેક્સટાઈલ , (રાજુભાઈ પાટીલ ) પ્લોટ નંબર 39, 40, ટેક્સટાઈલ પાર્ક 3 (ઓમ ઈન્ડસ્ટ્રીઝ ) , જેયાન ઈન્ડસ્ટ્રીઝ પાસે , ઉભેલ - પરબ રોડ, સુરત ગુજરાત 394325 | 09-01-2024 રૂ:870689.20 02-01-2024 મુજબ | 27-05-2024 સાંકેતિક કબજો |
| | સ્થાવર મિલકતનું વર્ણન : | પ્લોટ નં. 99 લગભગ 40.19 ચો. મીટર, ગામ નંબર મુજબ. 7 અને 12 એકસાથે નીચે આપેલા અવિભાજિત પ્રમાણસર શેર અને 'V.K. Homes' ના COP માં આયોજીત જમીન બેરિંગ રેવન્યુ સર્વે નં. 256/1 અને તે બ્લોક નં. 183/A/2 ગામ તાતીથૈયા, તા. પલસાણા, જિ. સુરત, રાજ્ય: ગુજરાત જે નીચે પ્રમાણે સીમિત છે: પૂર્વ તરફ: સંલગ્ન પ્લોટ નં. 138,પશ્ચિમ તરફ: 7.50 Mt. રોડને અડીને. ઉત્તર તરફ: બાજુના પ્લોટ નં. 98, દક્ષિણ તરફ: બાજુના પ્લોટ નં. રેખાબેન અજય દેવીકર, અજય મોરેશ્વર દેવીકર અને ભૂષણ મોરેશ્વર દેવીકરની માલિકીની | | |
| 5 | 44282101 30000495 | 1) વાલારામ ઉનાજી ચૌધરી, 2) માફીદેવી વાલારામ ચૌધરી ફ્લેટ નં 0/102, મણીભદ્ર કેમ્પસ, પ્રિયંકા મેટ્રો સિટી પાસે , ગોડાદરા રોડ, સુરત ગુજરાત 395010 અને તેમજ (1) શોપ 1, સિતારામ નગર સોસાયટી 2, એલ એચ રોડ 2, એલ એચ રોડ, સુરત ગુજરાત 395010 | 02-01-2024 રૂ:1756138.93 01-01-2024 મુજબ | 27-05-2024 સાંકેતિક કબજો |
| | સ્થાવર મિલકતનું વર્ણન : | જમીન ધરાવનાર પ્લોટ નં. 4 પ્લાન મુજબ પ્લોટ નં. 17/B આશરે 70.00 ચો. મીટર., રોડ અને COP માં અવિભાજિત પ્રમાણસર હિસ્સો સાથે લગભગ 37.70 ચો. લગભગ 107.70 ચો. Mt., જે પ્લોટ નં.નો ભાગ અને પાર્સલ છે. 16, 17, 18 અને 20 આશરે 406.14 ચો. mt., રોડ અને C.O.P માં અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે. આશરે 226.24 ચો. મિટર , કુલ આશરે 632.38 ચો. મિટર , જમીન ધરાવનાર રેવન્યુ સર્વે નં. પર આયોજીત સાલાસર ઘરો. 388 અને 389 અને તે બ્લોક નં. 444 (જૂનો બ્લોક નં. 400) લગભગ 28550 ચો. મિટર ગામનું - હળધારુ, પેટા જિલ્લો અને તાલુકો: કામરેજ, જિ. સુરત, રાજ્ય: ગુજરાત. આ મિલકત નીચે પ્રમાણે સીમિત છે: (પૂર્વ તરફ: બાજુનો સોસાયટી રોડ, પશ્ચિમ તરફ: બાજુનો સોસાયટી રોડ, ઉત્તર તરફ: સાઈટ પ્લોટ નંબર 3 પર, દક્ષિણ તરફ: સાઈટ પ્લોટ નંબર 5 પર) જે માફીદેવી વાલરામ ચૌધરીની માલિકીની છે અને વાલારામ ઉનાજી ચૌધરી | | |
| 6 | 45032101 30000005 | 1)સિંઘ અવધેશભાઈ 2)શીલાબેન અવધેશભાઈ સિંઘ 3)આકાશ અવધેશ સિંઘ એચ 5, બી 356, ફ્લેટ નં 21, આવાસ યોજના , કોશડ , સુરત ગુજરાત 394107 અને તેમજ પ્લોટ નંબર 6, શ્રી રાજ મંદિર રેસીડેન્સી , પંચવટી રેસીડેન્સી પાસે , સાયડલા ગામ , ઓલપાડ સુરત ગુજરાત 394340 અને તેમજ (1) ગેલ ક્રિએશન, પ્લોટ નંબર 478, 3 જો માળ, ન્યુ જીઆઈડીસી , કતારગામ સુરત ગુજરાત 395006 | 02-01-2024 રૂ:903542.75 01-01-2024 મુજબ | 28-05-2024 સાંકેતિક કબજો |
| | સ્થાવર મિલકતનું વર્ણન : | પ્લોટ નં. 06 40.15 ચો. મીટર (40.15 ચોરસ મીટરના માપન યોજના મુજબ) ખુલ્લી જમીન બ્લોક નં. પર આવેલી 'શ્રી રાજ મંદિર રેસીડેન્સી' તરીકે ઓળખાય છે. 111 માપન 18818 ચો. મિટર N. A. ગામ ખાતે આવેલી જમીન: સ્યાદલા, તા. ઓલપાડ, જિ. સુરત, ગુજરાત પૂર્વથી ઘેરાયેલું છે: પ્લોટ નં. 16,પશ્ચિમ: રોડ, ઉત્તર: પ્લોટ નં. 7, દક્ષિણ: પ્લોટ નં. 5 અને સિંહ શીલાબેન અવદેશભાઈ, સિંહ અવધેશભાઈ રાજેન્દ્રપ્રતાપ અને સિંહ આકાશ અવદેશભાઈની માલિકીની છે. | | |
| 7 | 44312101 30000440 | 1)દાર જોગેશ સારથી,2)કનિબેન સારથી દારા 3) શારથી રઘુનાથ દારા 123-એ-20-એચ-2 , ઈડબ્લ્યૂએસ આવાસ , કોસાડ , છપ્રાભાટા, અમરોલી સુરત ગુજરાત 394107 અને તેમજ પ્લોટ નંબર 210, શ્રુંગાલ હોમ્સ , રાધે રેસીડેન્સી પાસે , ભુરાંડી, ઓલપાડ સુરત ગુજરાત 394130. અને તેમજ (1) પ્રમુખ ટેક્ષ 62-65, સાઈ એમ્બ્રો ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ , શ્રવ્ષ્ટી રોહાઉસ, રોસડ, અમરોલી સુરત ગુજરાત 394107 અને તેમજ (2) ખ્યાતિ કાન, નાક અને ગળા , સમર્થ પાર્ક , 2 જો માળ, તુલસી રેસ્ટોરન્ટ પાસે , છપરા ભાથા રોડ, અમરોલી ચાર રસ્તા , સુરત ગુજરાત 394107 | 05-02-2024 રૂ:709483.01 01-02-2024 મુજબ | 28-05-2024 સાંકેતિક કબજો |
| | સ્થાવર મિલકતનું વર્ણન : | પ્લોટ નં. 210 50.72 ચો. વાર એટલે કે 42.41 ચો. મીટર., અવિભાજિત માપન સાથે 29.03 ચો.મીટર. , કુલ 71.44 ચો. મીટર રેવન્યુ સર્વે નંબર પર આવેલી ખુલ્લી જમીન 'શ્રુંગલ ઘરો' તરીકે ઓળખાય છે. 76/પાઈક્કી, 95/પાઈક્કી, 96/1 પાઈક્કી, 75/પાઈક્કી, બ્લોક નં. 343/A ,343/B 46842 ચો.મી. મીટર ગામનું N. A. ભરુંડી, તા. ઓલપાડ, જિ. સુરત, ગુજરાત જે નીચે પ્રમાણે સીમિત છે : પૂર્વ : પ્લોટ નં. 209, પશ્ચિમ: પ્લોટ નં. 211, ઉત્તર: સોસાયટી આંતરિક માર્ગ, દક્ષિણ: પ્લોટ નં. 205 કનીબેન સારથી દારા, સારથી રઘુનાથ દારા અને જોગેશ સારથી દારાની માલિકીની છે. | | |

જ્યારે ઉપરોક્ત ઉલ્લેખિત ઋણ લેનાર/સહ ઋણ લેનાર/જામીનદાર/ગીરો, રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. ઉપર દર્શાવેલ તારીખે ઉપરોક્ત નિયમોના નિયમ 8 સાથે વાંચેલા આ અધિનિયમની કલમ 13(4) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાના ઉપયોગ માટે અહીં વર્ણવેલ મિલકતો/સુરક્ષિત અસ્કયામતોનો કબજો. ઋણ લેનાર અને સહ-ઉધાર લેનાર/ગીરોનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં અધિનિયમની કલમ 13 ની પેટા-કલમ (8) ની જોગવાઈઓ તરફ આમંત્રિત કરવામાં આવે છે. ઉપરોક્ત ઉપરોક્ત ઉધાર લેનારા/સહ-ઉધાર લેનાર/જામીનદારો/ગીરોને ખાસ કરીને અને સામાન્ય રીતે લોકોને આથી ચેતવણી આપવામાં આવે છે કે ઉપરોક્ત મિલકતો/સુરક્ષિત અસ્કયામતો સાથે વ્યવહાર ન કરવો તે ઉજ્જીવન સ્મોલ ફાઈનાન્સ બેંકના ચાર્જને આધીન રહેશે.

સ્થળ: ગુજરાત
તારીખ : 27-05-2024 અને 28-05-2024

Sd/- અધિકૃત અધિકારી,
ઉજ્જીવન સ્મોલ ફાઈનાન્સ બેંક

## ગાંધીનગરના 4 વિસ્તાર કોલેરાગ્રસ્ત જાહેર કરાયા

ગાંધીનગર | એક તરફ છેલ્લા કેટલાક દિવસથી કાળઝાળ ગરમી પડી રહી છે. ત્યારે આ સ્થિતિ વચ્ચે ગાંધીનગરમાં કોલેરાનો કહેર જોવા મળી રહ્યો છે. પરિણામે કલેકટરે ચાર વિસ્તારને કોલેરા ગ્રસ્ત જાહેર કર્યા છે. તેમજ ગાંધીનગરના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સમગ્ર મામલે માહિતી મેળવી છે. દહેગામના અર્બન એરિયા, ચિલોડા સિહોલી જીઈબી રોડથી છાપરા, કલોલના રામદેવપુરા વાસ, ગાયનો ટેકરા વિસ્તાર તેમજ પેથાપુરમાં નવા વણકર વાસ આંબેડકર હોલ આસપાસના બે કિલોમીટરનો વિસ્તાર કોલેરાગ્રસ્ત જાહેર કર્યો છે.


# સિટી એક્સપ્રેસ

SUNDAY 02 JUNE-2024

AHMEDABAD


## ગાંધીનગરમાં મોબાઈલ ચોર ગેંગનો પર્દાફાશ

ગાંધીનગર | ગાંધીનગરના પથિકાશ્રમ એસ.ટી ડેપો તેમજ સરગાસણ વિસ્તારમાંથી 1 લાખ 10 હજારની કિંમતના 15 મોબાઈલ ફોન ઉપરાંત અમદાવાદથી પણ બાઈક ચોરી નાં ગુનાને અંજામ આપનાર સેકટર - 13 છાપરા વિસ્તારની ગેંગનો પર્દાફાશ કરી લોકલ ક્રાઈમ બ્રાંચે ઘનિષ્ઠ તપાસનો દોર શરૂ કર્યો છે. ગાંધીનગરમાં જાહેર સ્થળો ખાસ કરીને પથિકાશ્રમ એસ.ટી ડેપોથી મોબાઈલ ચોરીની એકંદરે રોજીંદી સામે આવતી ફરીયાદોનાં પગલે જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમસેટ્ટીએ આવા ગુનાઓ ઉપર અંકુશ મેળવી ભેદ ઉકેલી કાઢવા માટે સુચના આપેલ છે.



# શહેરમાં ફાયર સેફ્ટિ મુદ્દે 50થી વધુ ટ્યૂશન ક્લાસીસ સીલ કરતા સંચાલકો થયા લાલઘૂમ

(એજન્સી) અમદાવાદ | તા. 01

ગત 25મી મેના રોજ રાજકોટ ગેમ ઝોનમાં ભીષણ આગ લાગી જેમાં 27 લોકોના મોત નિપજ્યાં હતાં. આ ગોઝારી દુર્ઘટનાને પગલે રાજ્યભરમાં ફાયર -સેફટીનો મુદ્દો ચર્ચામાં આવી ગયો હતો અને રાજ્યભરમાં ફાયર સેફટીને લઈને વહીવટી તંત્ર દ્વારા તપાસ શરૂ થઈ ગઈ હતી.

અમદાવાદમાં ખાનગી ટ્યુશન ક્લાસીસ સામે કાર્યવાહી કરીને અનેક ટ્યુશન ક્લાસ સીલ કરવામાં આવતા સંચાલકોમાં નારાજગી જોવા મળી રહી છે. અમદાવાદમાં ફાયર વિભાગે ફાયર સેફટીને લઈને કરેલી કાર્યવાહીમાં શહેરના અનેક ખાનગી ટ્યુશન ક્લાસ સીલ કરવામાં આવતા સંચાલકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ AMC દ્વારા 50થી વધુ ટ્યૂશન ક્લાસીસ સીલ કરતા સંચાલકો લાલઘૂમ થયા છે. જેને લઈને આજે ફેડરેશન ઓફ એકેડેમિક એસોસિયેશનના વડપણ હેઠળ ટ્યૂશન ક્લાસીસ સંચાલકોની બેઠક મળી હતી. ટ્યુશન સંચાલકોનો દાવો છે કે જો ક્લાસીસ 9 મીટરથી વધારે ઊંચા ન હોય તો ફાયર NOCની જરૂર નથી. જો હાયરાઈઝ બિલ્ડીંગમાં ફાયર સેફ્ટી હોય તો 500 સ્ક્વેર મીટરથી ઓછી જગ્યા વાળા ક્લાસીસને ફાયર સેફ્ટીની જરૂર નથી. ટ્યૂશન સંચાલકોને ખોટી રીતે હેરાન કરવામાં આવતા હોવાનો સંચાલકોએ બેઠકમાં દાવો કર્યો હતો. ફાયર NOC લેવા માટેની વ્યવસ્થા ઓનલાઈન કરવા એસોસિએશન દ્વારા માંગ કરાઈ છે.

## ગાઈડલાઈન બહાર જઈને ક્લાસ સીલ કરાઈ રહ્યાં છેઃ પ્રમુખ



ફેડરેશન ઓફ એકેડેમિક એસોસિએશનના પ્રમુખ હેમાંગ રાવલે જણાવ્યું હતું કે, અમારી સાથે 500થી વધુ સંચાલકો જોડાયેલા છે. અમે જરૂર મુજબ તમામ પ્રકારના સાધનો વસાયેલા છે અને અપડેટ પણ કરીએ છીએ. નિયમોનું પાલન કરવા છતાં ગાઈડલાઈન બહાર જઈને ક્લાસ સીલ કરવામાં આવી રહ્યા છે. ઈમ્પેક્ટ ફી ભરીને પરમિશન લીધી હોય તો બીયું પરમિશનના બહાને સીલ કરવામાં આવે છે. નવ મીટરથી નીચા બિલ્ડિંગ અને 500 સ્ક્વેર ફૂટથી ઓછી જગ્યામાં ફાયર NOCની જરૂર નથી, છતાં અમને હેરાન કરવામાં આવી રહ્યા છે.

### એજ્યુકેશન સેન્ટર માલિકો કોર્ટના દરવાજા ખખડાવશે

ફેડરેશન ઓફ એકેડેમિક એસોના પ્રમુખ હેમાંગ રાવલ દ્વારા નિવેદન નિવેદન આપવામાં આવ્યું છે કે અધિકારીઓ સંચાલકો પાસે રૂપિયાની માંગણીઓ કરી રહ્યા છે. ટ્યુશન ક્લાસીસો NOC અને ફાયર સેફ્ટીના સાધનો રાખે જ છે. ક્લાસિસ વાળાને ખોટી રીતે પરેશાન કરવામાં આવે છે. અમદાવાદમાં 100 ક્લાસિસ પર તપાસ કરી 50 ક્લાસિસ સીલ કરવામાં આવ્યા છે. જો ખોટી રીતે હેરાન કરવામાં આવશે તો એજ્યુકેશન સેન્ટર માલિકો કોર્ટના દરવાજા ખખડાવશે. સુરતની તક્ષશિલા ઘટના બાદ ક્લાસીસ માલિકો દ્વારા ફાયર સુરક્ષાને લઈને સુવિધાઓ ઉભી કરવામાં આવી જ છે.

**પ્રિ-સ્કૂલો અંગે હજુ મુઝવણ છેઃ પૂર્વ ફાયર ઓફિસર :** આ બેઠકમાં હાજર રહેલા પૂર્વ ફાયર ઓફિસર રાજેશ ભટ્ટે જણાવ્યું હતું કે, નિયમ મુજબ 9 મીટરથી ઊંચા બિલ્ડિંગમાં અને 500 સ્ક્વેર મીટરથી વધુ જગ્યા હોય તો ફાયર NOCની જરૂર નથી. ઓછી જગ્યા અને ઊંચાઈ હોય તો ફાયર NOCની જરૂર નથી. પ્રિ સ્કૂલો અંગે હજુ મુઝવણ છે. કારણ કે, તે શિક્ષણ વિભાગના તાબા હેઠળ હજુ સુધી લેવામાં આવી નથી. તેના માટે કોઈ ધારાધોરણ નથી, જેથી તે ગંભીર વિષય છે.

# 'શાળાઓનું વેકેશન અઠવાડિયું લંબાવવું જોઈએ'

### રાજ્યમાં રેકોર્ડ બ્રેક ગરમીના લીધે શાળા સંચાલક મંડળના પ્રમુખની CMને રજૂઆત, કહ્યું- સાત દિવસનો કાપ દિવાળીમાં મૂકી શકાય

(એજન્સી) અમદાવાદ | તા. 01

રાજ્યમાં ગરમીનો પારો 45 ડિગ્રી પાર પહોંચ્યો છે. જેના કારણે અનેક લોકો હીટવેવનો ભોગ બન્યા છે. બીજી તરફ 13 જૂનથી શરુ થઈ રહેલા શૈક્ષણિક સત્રને લઈને શાળાઓ ખુલી રહી છે. શાળા સંચાલકોએ રજૂઆત કરી છે કે, શાળાઓ એક સપ્તાહ મોડી ખોલવામાં આવે. એટલે કે, શાળાઓમાં ચાલી રહેલું ઉનાળું વેકેશન 13 જૂનની જગ્યાએ 22 જૂન સુધી લંબાવવામાં આવે.

### શિક્ષણ વિભાગ, શિક્ષણ મંત્રી અને રાજ્યના મુખ્યમંત્રીને રજૂઆત

આ વર્ષે રાજ્યમાં રેકોર્ડ બ્રેક ગરમી પહોંચી છે. એટલું જ નહિ હજુ પણ ગરમી અને હીટવેવની આગાહી છે. ત્યારે આગામી 13 જૂનથી શૈક્ષણિક સત્ર શરૂ થઈ રહ્યું છે. જેને લઈ રાજ્ય શાળા સંચાલક મંડળે અઠવાડિયું ઉનાળુ વેકેશન લંબાવવાની રજૂઆત શિક્ષણ વિભાગમાં કરી છે. આ અંગે શાળા સંચાલક મંડળના પ્રમુખ ભાસ્કર પટેલે જણાવ્યું હતુ કે, આ વખતે ગરમી અને હીટવેવની અસર વધુ જોવા મળી છે. હજુ પણ ગરમી યથાવત રહેવાની આગાહી છે. ત્યારે 13 જૂનથી શૈક્ષણિક સત્ર શરું થાય છે. તેવા સમયે પણ ગરમી યથાવત રહેવાની હોય તો શાળાઓ એક સપ્તાહ મોડી ખોલવા શિક્ષણ વિભાગ, શિક્ષણ મંત્રી અને રાજ્યના મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી છે.



**'વેકેશન લંબાવાય તો ફાયર સેફ્ટીની કામગીરી વ્યવસ્થિત થઈ શકે' :** હાલ પણ રાજકોટના અગ્નિકાંડને પગલે શાળાઓમાં ફાયર સેફ્ટીની વ્યવસ્થાની કામગીરી કરવામાં આવી રહી છે. જે શાળાઓ પાસે ફાયર એનઓસી નથી કે પછી ફાયર સેફ્ટી નથી ત્યાં એ કામગીરી કરવામાં આવી રહી છે. જો શાળાનું વેકેશન એક અઠવાડિયુ લંબાવવામાં આવે તો શાળાઓને એ કામગીરી કરવાનો પણ સમય મળે.

**NEWS BRIEF**

### જિલ્લા ચૂંટણી અધિકારીએ ગુજરાત કોલેજ મતગણતરી કેન્દ્રની મુલાકાત લીધી



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને અમદાવાદ જિલ્લા કલેક્ટર પ્રવીણા ડી.કે.એ અમદાવાદની ગુજરાત કોલેજ ખાતે તૈયાર કરાયેલા મતગણતરી કેન્દ્રની મુલાકાત લઈને તૈયારીઓની સમીક્ષા કરી હતી. મતગણતરી કેન્દ્રની મુલાકાત લઈને તેમણે મતગણતરી અંગેની વ્યવસ્થાઓ તથા સુરક્ષા વ્યવસ્થા સહિતની તૈયારીઓ નિહાળી આ બાબતે જરૂરી માર્ગદર્શન પણ પૂરું પાડ્યું હતું. તગણતરી કેન્દ્રો તૈયાર કરવાની કામગીરી આખરી તબક્કામાં ચાલી રહી છે. ગુજરાત કૉલેજ ખાતે ૮- અમદાવાદ પશ્ચિમ બેઠકની મતગણતરી કરવામાં આવશે, જેમાં અમરાઈવાડી, એલીસબ્રિજ, અસારવા, દાણીલીમડા, દરિયાપુર, જમાલપુર-ખાડિયા અને મણિનગર વિધાનસભા મતવિસ્તારોનો સમાવેશ થાય છે. આ સાતેય મતક્ષેત્રોના મતગણતરી કેન્દ્રો ઉપરાંત પોસ્ટલ બેલેટની ગણતરીનું કેન્દ્ર પણ તૈયાર કરી દેવામાં આવ્યું છે. રાજ્યમાં મતગણતરી કેન્દ્રો તૈયારની કામગીરી અંતિમ તબક્કામાં ચાલી રહી છે.

### જામનગર શહેરમાં એક પણ GIDC વસાહતમાં ફાયર સ્ટેશન જ નથી



રાજકોટ | રાજકોટની આગ દુર્ઘટના બાદ જામનગરને જેના કારણે બ્રાસ સીટીની ઓળખ મળી છે તેવા જામનગરના બાસ ઉદ્યોગમાં છ હજારથી વધુ નાના- મોટા એકમોમાં ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી- ફાયર સેફ્ટીની જેની જવાબદારી છે તેવી ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી અને હેલ્થના ડેપ્યુટી ડાયરેક્ટરની કચેરીની બલીહારીથી ઉદ્યોગનગરના મોટાભાગના યુનિટોમાં ફાયર સેફ્ટીના સાધનોની ગેરહાજરી જોવા મળે છે. કોર્પોરેશનના બજેટમાં શહેરમાં બે ફાયર સ્ટેશન બનાવવાનું પ્લાનિંગ બે વર્ષથી કરવામાં આવ્યું છે. એક ફાયર સ્ટેશન હાપા માર્કેટીંગ યાર્ડ પાસે અને બીજું જીઆઈડીસીની નજીક લાલપુર બાયપાસ પાસે બનાવવાનું મંજુર થઈ ગયું છે. પરંતુ કામગીરી નથી થઈ તે હકિક્ત છે. ત્યારે આ મામલે GIDCની સાથે કોર્પોરેશન પણ સજાગ થાય તે જરૂરી છે જેને કારણે કોઈ દુર્ઘટના ઘટે તો અકસ્માતો નિવારી શકાય, જોકે રાજકોટની ઘટના બાદ જામનગરનું તંત્ર પણ આ મામલે વિચારે એવું હાલ ઉદ્યોગકારો કહી રહ્યાં છે.

# રાજ્યભરમાં આઈસ્ક્રીમ - જ્યુસ પાર્લરોમાં SGSTની રેડ

## અમદાવાદ, સુરત, રાજકોટના 47 ધંધાર્થીઓની ત્યાં સ્ટેટ SGSTનું ચેકિંગ, 40 કરોડથી વધુના છૂપા વેચાણોનો પર્દાફાશ

(એજન્સી) અમદાવાદ | તા. 01

અમદાવાદ, સુરત અને રાજકોટમાં સ્ટેટ SGST વિભાગ દ્વારા કરચોરો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તારીખ 30મી મે 2024ના રોજ અમદાવાદ, સુરત અને રાજકોટના 24 મોટા ટર્નઓવર ધરાવતા આઈસ્ક્રીમ પાર્લર અને જ્યુસ ખાણીપીણીનાં 47 ધંધાના સ્થળ પર તપાસ હાથ ધરી હતી. જેમાં 40 કરોડથી વધુ રકમના છુપાયેલા વેચાણ મળી આવ્યું છે. આ ઉપરાંત પેઢીઓમાં કરચોરીનાં આશયથી ભજિયાંના 6.75 કરોડ, પિઝાનાં 4 કરોડ, આઈસ્ક્રીમનાં તેમજ જ્યુશનાં 30 કરોડના છુપાયેલા વેચાણો મળી જોકે, અત્યાર સુધીની તપાસમાં કુલ 40 કરોડથી વધુના છુપાયેલા વેચાણો મળી આવ્યો છે.

### ઓનલાઈન પેમેન્ટમાં છુપો વેપાર

તપાસ દરમિયાન પેઢીવાર જુદાં-જુદાં પ્રકારની રીત રસમો ધ્યાને આવી છે. અમુક પેઢીઓ દ્વારા આઈસ્ક્રીમ કે જ્યુસ બનાવવા માટે જરૂરી કાચામાલની ખરીદીઓ હિસાબી ચોપડે દર્શાવ્યા વગર રોકડથી કરવામાં આવ્યા છે. રોકડથી થતા વેચાણોમાં મહદઅંશે બિલો આપવાનું ટાળવામાં આવ્યું છે. જ્યાં ગ્રાહકો QR Code સ્કેનરથી પેમેન્ટ કરે છે. તેવા કિસ્સામાં વેચાણો છુપાવવાના આશયથી પેઢીના કર્મચારી અથવા કોઈ સંબંધી/ત્રાહીત લોકોના QR Code થકી તેમના બેંક એકાઉન્ટમાં પેમેન્ટ જમા લેવામાં આવે છે.



### મોટા પ્રમાણમાં બિનહિસાબી વ્યવહારો

POS Machine અથવા ગ્રાહકના આગ્રહથી બિલો બનાવવાની ફરજ પડે તેવા કિસ્સામાં બિલો બનાવવા માટે વપરાતા 'પેટપૂજા" જેવા સોફ્ટવેરમાંથી બિલો જાતે ડીલીટ કરી અથવા સોફ્ટવેર સેવા પૂરી પાડનાર કંપની મારફત ડીલીટ કરાવી દેવામાં આવે છે. આમ કરચોરો દ્વારા ગ્રાહક પાસેથી કાયદેસર વેરાના નામે ઉઘરાવેલી રકમ સરકારી તિજોરીમાં જમા કરાવવામાં આવતી નથી. પ્રાથમિક તપાસ દરમિયાન બિસ્મિલ્લાહ બ્રાન્ડનાં ફ્રેનચાઈસી કરાર વિનાના 29 આઉટલેટ્સ જણાઈ આવ્યું છે. તપાસની કાર્યવાહીમાં મોટા પ્રમાણમા બિનહિસાબી વ્યવહારોને લગતાં દસ્તાવેજો/ પુરાવાઓ મળી આવ્યા છે. વધુ તપાસ તેમજ વસુલાતની કામગીરી હાલ ચાલુમાં છે અને કરચોરીનો આંકડો વધે તેવી સંભાવના છે.

# ગુજરાતમાં હાલ વરસાદની કોઈ શક્યતા નહિ

### બે દિવસ ઉ.ગુજરાત-સુરેન્દ્રનગરમાં ધૂળની ડમરીઓ ઊડશે, વાતાવરણ વાદળછાયું રહેશે



(એજન્સી) અમદાવાદ | તા. 01

ગુજરાતના વાતાવરણને લઈ હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. આગામી 7 દિવસ સુધી ગુજરાતમાં સુકૂ હવામાન રહેવાની આગાહી કરી છે. જોકે આવનારા પાંચ દિવસ સુધી મહત્તમ તાપમાન યથાવત રહેશે. ઉત્તર ગુજરાત અને સુરેન્દ્રનગરમાં ધૂળની ડમરીઓ ઊડી શકે છે. રાજ્યમાં 25 થી 30 કિલોમીટરની ઝડપે પવન ફુંકાશે. ગુજરાતમાં ગઈકાલનું મહત્તમ તાપમાન અમદાવામાં 42.6 ડિગ્રી નોંધાયું હતું.

હવામાન નિષ્ણાત રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે, અમદાવાદ અને ગાંધીનગરમાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી નોંધાય તેવી શક્યતા છે. ગઈકાલે મહત્તમ તાપમાન અમદાવાદમાં 42.6 અને ગાંધીનગરમાં 42.4 નોંધાયું હતું. આગામી સાત દિવસ ગુજરાતમાં સુકૂ હવામાન રહેશે. તેમજ આગામી પાંચ દિવસ મહત્તમ તાપમાનમાં બહુ મોટો ફેરફાર નહિ આવે, માત્ર 1-2 ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે.

'વાતાવરણમાં ધીમે ધીમે ભેજ વધી રહ્યો છે'

વધુમાં કહ્યું કે, આજે અને આવતીકાલે બનાસકાંઠા, કચ્છ, પાટણ અને સુરેન્દ્રનગરમાં ધૂળની ઢમરીઓ ઉડશે. ગુજરાતમાં 25-30 kmની ઝડપે પવનો ફૂંકાશે. રાજ્યમાં હાલ વરસાદની કોઈ શક્યતા નથી, પણ વાદળછાયુ વાતાવરણ રહેશે. વાતાવરણમાં ધીમે ધીમે ભેજ વધી રહ્યો છે.

# ગાંધીનગર પહોંચશે અમદાવાદ મેટ્રો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

અમદાવાદ ગાંધીનગર મેટ્રો ટ્રેન પ્રોજેક્ટને લઈને મહત્વના સમાચાર સામે આવ્યા છે. અમદાવાદને ગાંધીનગરને જોડતા નર્મદા કેનાલ પર બની રહેલા કેબલ બ્રિજનું કામ પૂર્ણ થઈ ગયું છે. નર્મદા મેઈન કેનાલ પર બનાવવામાં આવેલ આ કેબલ સ્ટ્રેટ બ્રિજ પર લોડ મૂકીને બ્રિજનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. જાણવા મળી રહ્યું છે કે લોડ તરીકે મેટ્રો ટ્રેનના ચાર ડબ્બાઓ મૂકીને લોડ ચેક કરવામાં આવ્યો હતો. ત્યારે, માહિતી મળી રહી છે કે આગામી જુલાઇ મહિનામાં અમદાવાદ ગાંધીનગર વચ્ચે મેટ્રો સેવા શરૂ થઈ શકે છે.

જુલાઈ મહિનાના અંતમા અમદાવાદ ગાંધીનગર વચ્ચે મેટ્રો સેવાઓ શરૂ થઈ શકે છે. હાલ અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રોની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રો સેવા શરૂ કરવાની કામગીરી આખરી તબક્કામાં ચાલી રહી છે. અમદાવાદના મોટેરાથી ગાંધીનગર વચ્ચે મેટ્રોની સેવાઓ શરૂ થશે. હાલમાં ગાંધીનગરના ચ-0 સર્કલ સુધીની કામગીરી પર ભાર મૂકવામાં આવ્યો છે. છેલ્લા બે મહિનાથી ડબ્બા લગાવી ટ્રાયલ રન પણ કરાઈ રહ્યો છે. મેટ્રોની આખરી તબક્કાની કામગીરીનું નિરીક્ષણ કરવા મેટ્રો રેલ સેફ્ટી કમિશ્નર જુન મહિનામાં ગુજરાત આવવાના છે.




**મોદીએ કર્યું હતુ ઉદ્ઘાટન :** 30 સપ્ટેમ્બરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે અમદાવાદ મેટ્રો સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. લોકાર્પણ કાર્યક્રમ બાદ બે દિવસમાં નાગરીકો માટે મેટ્રો સેવા શરૂ કરી દેવામાં આવી છે. તમને જણાવી દઈએ કે, અમદાવાદના મેટ્રો પ્રોજેક્ટના પ્રથમ ફેઝમાં કુલ ખર્ચ 12 હજાર કરોડથી વધુ થયો છે. જેની સામે 2014થી અત્યાર સુધીમાં આ પ્રોજેક્ટથી 910 લાખ માનવ દિવસ રોજગારનું સર્જન થયું છે. આ પ્રોજેક્ટમાં કુલ 96 રેલવે કોચ, 129 લિફ્ટ, 161 એસ્કેલેટર અને 126 પ્રવેશ-નિકાસ પોઈન્ટ છે. મોટેરાથી ગાંધીનગર સેકટર-1 સુધી મેટ્રો ટ્રેનની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

**વેપારીમાં ફફળાટ જોવા મળ્યો**

## ફાયર-એસ્ટેટ વિભાગે સિંધુભવન રોડ પર 15 મિલકતો કરી સિલ




(એજન્સી) અમદાવાદ | તા. 01

રાજ્ય સરકાર દ્વારા બીયુ પરમિશન અને ફાયર NOC વિના ચાલતા એકમો સામે કાર્યવાહી કરવાની સૂચના અપાઈ છે. જેના પગલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફાયર બ્રિગેડ અને એસ્ટેટ વિભાગની સંયુક્ત ટીમો બનાવી શહેરમાં તમામ એકમોમાં ચેકિંગ શરૂ કરવામાં આવી રહ્યું છે. કોર્પોરેશન દ્વારા બીયુ પરમિશન અને ફાયર NOCને લઈને 226 મિલકતોને તપાસી કુલ 15થી વધુ મિલકતોને સિલ કરવામાં આવી છે.

**ટીમ લાગી ગઈ છે કામે :** મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમો દ્વારા સિંધુભવન રોડ ઉપર તાજ હોટલની આસપાસ આવેલી મિલકતોમાં તપાસ કરવામાં આવી હતી. જેમાં કર્ણાવતી ક્લબ રોડ પર કાલી બારી મંદિર પાસે આવેલ અર્બન ચોક સિલ મારવામાં આવ્યો છે. ગેરકાયદેસર રીતે આખું અર્બન ચોક ઉભુ કરી દેવામાં આવ્યું હતું. મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઈ પણ પરવાનગી લીધા વિના આખું અર્બન ચોક છેલ્લા કેટલાય સમયથી ચાલતું હતું. ઉપરાંત ક્રશ કોફી પણ ગેરકાયદેસર રીતે ઊભી કરી દેવામાં આવી હતી.

### 350થી વધુ સ્થળોએ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું

હોસ્પિટલો, ટ્યુશન ક્લાસ, ગેમ ઝોન, શાળા-કોલેજો, પાર્ટી પ્લોટ અને કોમર્શિયલ જગ્યાઓને ફાયર વિભાગ અને એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા ચેકિંગ કરવાની શરૂઆત કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં 350થી વધુ સ્થળોએ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું તેમાં બીયુ પરમિશન અને ફાયર એનઓસી અથવા સાધનો ન હોય તેમજ વિવિધ પ્રકારના કારણોસર હોસ્પિટલ, ટ્યુશન ક્લાસ, પાર્ટી પ્લોટ, ગેસ્ટ હાઉસ, પ્લે હાઉસ અને કોમર્શિયલ જગ્યાને સિલ કરવામાં આવી છે.

**મ્યુનિ.કમિશનરે બેઠક કરી :** અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર એમ. થેન્નારેસન દ્વારા ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી અને તમામ સાથે ઝોનમાં જ્યાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થતા હોય એવી જગ્યાઓ જેવી કે હોસ્પિટલ, ટ્યુશન ક્લાસ, શાળા, મોલ મલ્ટિપ્લેક્સ કોમ્યુનિટી હોલ થિયેટર ફૂડ કોર્ટ રેસ્ટોરન્ટ વગેરે જગ્યાએ ચેકિંગ કરવાની ફાયર વિભાગ અને એસ્ટેટ વિભાગની સંયુક્ત ટીમો બનાવવાની સૂચના આપી હતી.